આઈપીએલ આજની મેચ
કોલકતા નાઈટરાઈડર્સ VS સનરાઈઝ હૈદાબાદ
સાંજે ૭:૩૦ કલાકે

પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક

સાંધ્ય દૈનિક
ગ્રામ્ય આવૃત્તિ પાનાઃ ૧૨
તા. ૩-૪-૨૦૨૫, ગુરૂવાર
વર્ષઃ ૧૪, અંકઃ ૨૧
મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

માણસો જોઈએ છે
હેલ્પર, વેલ્ડર, વાયરમેન,
પટાવાળા મજુર ટેકેદાર ડ્રાઈવર
હાજરી ૫૦૦ રહેવાની સગવડ
બેસન મીલ જુનો મોરબી રોડ
રાજેશ પંકજ બારદાનવાડી જુનુ
સીટી સ્ટેશન પાસે રાજકોટ.
દયાલદાલ - રાજકોટ

Price Rs.:4 ABATAK-RAJKOT 0281-2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia

## મોદીની 'દોસ્તી' રંગ લાવીઃ ટ્રમ્પે રેસિપ્રોકલ ટેરિફમાં ૨૬% 'ડિસ્કાઉન્ટ' જાહેર કર્યું

### ભારત ૫૨% ટેરિફ લગાવતું હોય સામે અમેરિકા તેનાથી અડધું ૨૬% ટેરિફ લગાવશે તેવી ટ્રમ્પની જાહેરાત

### યુએસ ટેરિફની અસર ભારતના ફાર્માસ્યુટિકલ્સ, ઓટોમોબાઈલ, કૃષિ અને કાપડ ઉદ્યોગો પર વધુ થવાની સંભાવના

**અબતક, નવી દિલ્હી**

ઘણા અઠવાડિયા રાહ જોયા પછી, અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આખરે ટેરિફની જાહેરાત કરી. હવે ભારતથી અમેરિકા જતા માલ પર ૨૬ ટકા ટેરિફ લાદવામાં આવશે. આ સાથે, ટ્રમ્પે અન્ય દેશો માટે નવા ટેરિફ દરો પણ જાહેર કર્યા. ટ્રમ્પે તેમની ''ફેર એન્ડ રિસિપ્રોકલ ટેરિફ'' નીતિ હેઠળ ભારત સહિત અનેક દેશો પર કહેવાતા ''ડિસ્કાઉન્ટેડ'' ટેરિફની જાહેરાત કરી. તેમણે ૨ એપ્રિલને મુક્તિ દિવસ તરીકે જાહેર કર્યો.

રોઝ ગાર્ડન ખાતે 'મેક અમેરિકન વેલ્થી અગેઈન' કાર્યક્રમમાં ટેરિફની જાહેરાત કરતી વખતે, ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે હું હમણાં જ વડા પ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યો છું, જે મારા ખૂબ સારા મિત્ર છે. તેઓ અમારી પાસેથી ૫૨% ચાર્જ લે છે અને અમે તેમની પાસેથી લગભગ કંઈ જ લેતા નથી.


અમેરિકાએ ભારત પર ૨૬% ટેરિફ લાદ્યો છે, જેને ટ્રમ્પે ''ડિસ્કાઉન્ટેડ'' ગણાવ્યો છે કારણ કે તે ભારત દ્વારા અમેરિકન માલ પર લાદવામાં આવતા સરેરાશ ૫૨% ટેરિફ કરતાં અડધો છે. આ ટેરિફ ૯ એપ્રિલ, ૨૦૨૫ થી અમલમાં આવશે, જ્યારે ૫ એપ્રિલથી બધા દેશો પર ૧૦% બેઝલાઈન ટેરિફ શરૂ થશે.

ટ્રમ્પે એમ પણ કહ્યું કે ભારત મોટરસાયકલ જેવા અમેરિકન માલ પર ૫૨% અને ઓટોમોબાઈલ પર

(અનુ. આઠમા પાને)

#### મેક્સિકો અને કેનેડા ટેરિફની યાદીમાંથી ગાયબ

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે તેમની ''અમેરિકા ફર્સ્ટ ટ્રેડ પોલિસી'' હેઠળ નવા પ્રતિશોધાત્મક ટેરિફની જાહેરાત કરી છે. આ ટેરિફ આજથી અમલમાં આવ્યા છે. ટ્રમ્પની આ નીતિનો ઉદ્દેશ્ય અમેરિકન ઉત્પાદનને પ્રોત્સાહન આપવાનો અને વિદેશી વેપાર અસંતુલનને સુધારવાનો છે. જોકે, આ યાદીમાં અમેરિકાના બે સૌથી નજીકના વેપારી ભાગીદારો, કેનેડા અને મેક્સિકોનો સમાવેશ થતો નથી, જેનાથી ઘણા લોકો આશ્ચર્યચકિત થયા છે. અગાઉ ટ્રમ્પે આ બન્ને દેશોની આકરી ઝાટકણી કાઢી હતી પણ ટેરીફની યાદીમાં આ બન્ને દેશો ગાયબ છે.




#### ક્યાં દેશ ઉપર કેટલો ટેરિફ ઝીંકાયો

- ચીન પર ૩૪% ટેરિફ, પહેલાથી જ અસ્તિત્વમાં રહેલા ૨૦% ટેરિફ ઉપરાંત વધારાનો ટેરીફ નિકાસ અટકાવશે.
- વિયેતનામ પર ૪૬% ટેરિફ લાદવાથી નિકાસ (જીડીપીના ૨૫%) પર ભારે અસર પડશે.
- સૌથી વધુ ટેરિફ ધરાવતો દેશ કંબોડિયા પર ૪૯% ટેરિફ લાદવામાં આવશે, જે નાના અર્થતંત્ર માટે મોટો ફટકો હશે.
- શ્રીલંકા ઉપર ૪૪% ટેરીફ, હવે કાપડ અને કૃષિ નિકાસ પર અસર પડશે.
- તાઈવાન પર ૩૨% ટેરિફ, તેની અસર ટેકનોલોજી ક્ષેત્ર પર વધુ પડશે.
- ઈન્ડોનેશિયા પર ૩૨% ટેરિફ, ઓટોમોબાઈલ અને ઈલેક્ટ્રોનિક્સ ક્ષેત્ર પ્રભાવિત થશે.
- થાઈલેન્ડમાં ૩૬% ટેરિફ, મોટરસાયકલ પર ૬૦% ટેરિફ હોવાથી ઓટો સેક્ટર પર દબાણ આવશે.
- દક્ષિણ કોરિયા પર ૨૫% ટેરિફ, ઓટોમોબાઈલ નિકાસ ઘટી શકે છે.
- જાપાન પર ૨૪% ટેરિફ, ઓટો અને ઈલેક્ટ્રોનિક્સ પર અસર
- યુનાઈટેડ કિંગડમ પર ૧૦% ટેરિફ, મર્યાદિત અસર
- બ્રાઝિલ પર ૧૦% ટેરિફ, કૃષિ અને સ્ટીલને અસર કરશે.
- દક્ષિણ આફ્રિકા પર ૩૦% ટેરિફ, ખાણકામ ક્ષેત્રને અસર
- સ્વિટ્ઝર્લેન્ડ પર ૩૧% ટેરિફ, ફાર્માસ્યુટિકલ અને ઘડિયાળ ઉદ્યોગોને અસર કરશે
- સિંગાપોર પર ૧૦% ટેરિફ, ટેકનોલોજી નિકાસ પર થોડી અસર

## બહુ થયું હવે વક્ફમાં ''પારદર્શિતા'' નક્કીઃ લોકસભાએ ૨૮૮-૨૩૨ મતથી બીલ પાસ કર્યું

### લોકસભામાં બિલ પાસ થતાં હવે તેને રાજ્યસભામાં રજૂ કરાયુ, બિલ પસાર થયા બાદ રાષ્ટ્રપતિ દ્રોપદી મૂર્મુને મોકલવામાં આવશે તેની મંજૂરી મળતા જ વક્ફ બિલ ૨૦૨૫ કાયદો બની જશેઃ ટીડીપી, જેડીયુ, એલજેપી સહિતના પક્ષોના સમર્થનથી બિલનો માર્ગ મોકળો થયો

**અબતક, નવી દિલ્હી**

હવે વક્ફમાં ''પારદર્શિતા'' નક્કી જ છે કેમ કે વકફ સંશોધન બિલ લોકસભામાં પસાર થઈ ગયું છે. લોકસભા સ્પીકર ઓમ બિરલાએ મોડી રાત્રે ૧.૫૬ વાગ્યે આ જાહેરાત કરી હતી. બિલના પક્ષમાં ૨૮૮ મત પડ્યા, જ્યારે તેની વિરુદ્ધમાં ૨૩૨ મત પડ્યા હતા. હવે તેને રાજ્યસભામાં મોકલવામાં આવશે. ભાજપના ગઠબંધન સાથી પક્ષોએ આ બિલને ખુલ્લેઆમ ટેકો આપ્યો હતો. જોકે, વિપક્ષે આ બિલનો વિરોધ કર્યો હતો. કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ કહ્યું કે લઘુમતીઓ માટે ભારતથી વધુ સુરક્ષિત જગ્યા દુનિયામાં કોઈ નથી અને તેઓ સુરક્ષિત છે કારણ કે બહુમતી સંપૂર્ણપણે ધર્મનિરપેક્ષ છે. વકફ (સુધારા) બિલ-૨૦૨૫ પર લગભગ ૧૨ કલાક ચાલેલી ચર્ચાનો જવાબ આપતા કેન્દ્રીય લઘુમતી બાબતોના મંત્રી રિજિજુએ જણાવ્યું હતું કે પારસી જેવા નાના લઘુમતી સમુદાયો પણ ભારતમાં સુરક્ષિત છે અને તમામ લઘુમતીઓ અહીં ગર્વથી રહે છે.

લોકસભામાં બિલ પાસ થતાં હવે તેને રાજ્યસભામાં રજૂ કરવામાં આવશે. જ્યાં આ બિલ પસાર થયા બાદ રાષ્ટ્રપતિ દ્રોપદી મૂર્મુને મોકલવામાં આવશે. તેની મંજૂરી મળતા જ વક્ફ (સંશોધન) બિલ ૨૦૨૫ કાયદો બની જશે.

લોકસભાની કાર્યવાહી રાત્રે ૧૦ વાગ્યા સુધી વધારવામાં આવી હતી. ત્યારબાદ વક્ફ સંશોધન બિલ ૨૦૨૫ પસાર ન થાય ત્યાં સુધી કાર્યવાહીનો સમય લંબાવાયો હતો. આમ, ૨ એપ્રિલે ત્રણ વખત લોકસભાની કાર્યવાહીનો સમય વધારાયો હતો.



બીજી તરફ, રાજ્યસભામાં આજે બપોરે એક વાગ્યે વક્ફ સંશોધન બિલ પર ચર્ચા કરવામાં આવી હતી. બિલ પર ચર્ચા દરમિયાન અમિત શાહે લોકસભામાં કહ્યું કે

(અનુ. આઠમા પાને)

#### વક્ફ બીલનો વિરોધ કરવા મુસ્લિમ પર્સનલ બોર્ડ મેદાને!!!

ઑલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડના બેનર હેઠળ વક્ફ (સંશોધન) બિલ સામે વિરોધમાં અલગ-અલગ મુસ્લિમ સંગઠનોના પ્રમુખ અને રાજકીય પાર્ટીના સાંસદ અને વરિષ્ઠ નેતાઓ મેદાને આવ્યા છે અને વિરોધ કરી રહ્યા છે જેમાં પ્રસ્તાવિત સુધારા લાગુ કરવાથી વક્ફ બોર્ડના કામકાજમાં સરકારની દખલગીરી વધશે, જેને લીધે મુસ્લિમોની ધાર્મિક બાબતો પ્રભાવિત થશે તેમજ મુસ્લિમ સમુદાયની સ્વતંત્રતા પર પણ અસર થશે અને તેમના અધિકારો નબળા પડશે. પોતાની સંપત્તિ સ્વેચ્છાએ વક્ફને દાન કરવાના મુસ્લિમ વ્યક્તિના હક પર પ્રતિકૂળ અસર પડશે.હિન્દુ મંદિરો અને ટ્રસ્ટોના બોર્ડમાં બિન-હિંદુઓને સ્થાન નથી મળતું, તો પછી વક્ફમાં બિન-મુસ્લિમોને પ્રવેશ આપવાનો આગ્રહ કેમ? - એવો પ્રશ્ન મુસ્લિમો કરી રહ્યા છે.

## કેન્દ્રની સાથે રાજ્યની તિજોરી પણ છલોછલ!!! રૂ.૭૩,૨૮૧ કરોડની આવક સાથે રાજ્યની તિજોરીમાં ગત વર્ષ કરતાં ૧૪% વધુ કરમ

### પાછલા નાણાકીય વર્ષની રૂ.૬૪,૧૩૩ કરોડની આવક આ વર્ષે રૂ.૭૩,૨૮૧ કરોડે પહોંચી

**અબતક, રાજકોટ**

જીએસટી કરમાંથી દેશને સારી આવક મળી છે, આ સાથે જ રાજ્યની તિજોરી પણ છલોછલ થઈ છે. રાષ્ટ્રીય સ્તરે ૯.૪% તો ગુજરાતની ૨૦૨૪-૨૫ આવકમાં ૧૪% નો ઉછાળો થયો છે. રાજ્યના વાણિજ્યિક કર વિભાગે જાહેરાત કરી હતી કે રાજ્યએ જીએસટી હેઠળ રૂ. ૭૩,૨૮૧ કરોડની વસૂલાત કરી છે, જે પાછલા નાણાકીય વર્ષમાં રૂ. ૬૪,૧૩૩ કરોડથી નોંધપાત્ર વધારો છે.

માર્ચ ૨૦૨૫માં જ ગુજરાતનો મહેસૂલ સંગ્રહ ૧૦,૩૩૫ કરોડ રૂપિયા રહ્યો હતો, જેમાં જીએસટીમાંથી ૬,૧૯૩ કરોડ રૂપિયા, મૂલ્યવર્ધિત કરમાંથી ૨,૭૯૩ કરોડ રૂપિયા, વીજળી બિલમાંથી ૧,૩૨૫ કરોડ રૂપિયા અને વ્યવસાય કરમાંથી ૨૪ કરોડ રૂપિયા માંથી આવક નોંધાવી હતી.

જીએસટી ઉપરાંત, ગુજરાતે મૂલ્યવર્ધિત કરમાંથી રૂ. ૩૩,૮૯૬ કરોડ, વીજળી બિલમાંથી રૂ. ૧૧,૭૪૧ કરોડ અને વ્યવસાય કરમાંથી રૂ. ૨૬૧ કરોડની આવક પણ કરી, જેનાથી રાજ્યની કુલ

(અનુ. આઠમા પાને)

## સ્તન કેન્સર શા માટે જીવલેણ?? ૪૫+ની ૧૦૦ એ ૧ જ મહિલા મેમોગ્રાફી ટેસ્ટ કરાવે છે!!!

### ૪૦ કે તેથી વધુ ઉંમરની સ્ત્રીઓએ ઓછામાં ઓછા બે વર્ષમાં એક વાર સ્ક્રીનીંગ કરાવવું જરૂરી!!

**અબતક, રાજકોટ**

જીવલેણ બીમારી કેન્સરનું નામ સાંભળતા જ બીક લાગે. ખાસ કરીને મહિલાઓમાં સ્તન કેન્સરનું પ્રમાણ વધ્યું છે. જેની પાછળનું એક કારણ એ પણ છે કે લોકોમાં જાગૃતિનો અભાવ છે સ્તન કેન્સર અંગેની તપાસ કરાવવાની નિષ્ફળતાને કારણે આ રોગ અંગે મોડી જાણ થતા તેની સારવાર કરવી વધુ કઠિન બની જાય છે. પરંતુ જો અગાઉ તપાસ કરવામાં આવે તો પહેલા, બીજા સ્ટેજ પર જ યોગ્ય નિદાન શક્ય છે. પરંતુ ૪૫ થી વધુ ઉંમરની ૧૦૦ મહિલાએ માત્ર એક જ સ્તન કેન્સર અંગે તપાસ કરાવે છે.

નિયમિત આરોગ્ય તપાસ જીવન બચાવી શકે છે, જેમ કે ૪૬ વર્ષીય શીતલ ઠાકુરના પ્રારંભિક નિદાન થયેલા સ્તન કેન્સરની સફળતાપૂર્વક સારવાર કરવામાં આવી હતી. આવા ફાયદા હોવા

(અનુ. આઠમા પાને)

## ''હરિદ્વાર નગરી'' કસાઈ ખાના અને માસની દુકાનોથી મુક્ત!!!

### કસાઈની તેમજ માંસ-મટનની દુકાનોને ટૂંક સમયમાં મ્યુનિસિપલ હદની બહાર ખસેડવામાં આવશેઃ હાલ ૧૦૦ થી વધુ દુકાનો કાર્યરત

**અબતક, રાજકોટ**

હિમાલયની તળેટીમાં વસેલું હરિદ્વાર, એક પવિત્ર શહેર છે. જ્યાં હિન્દુઓની આસ્થા સૌથી વધુ જોડાયેલી છે. હિન્દુ ધર્મના સાત સૌથી પવિત્ર શહેરોમાંના એક તરીકે, હરિદ્વાર દર વર્ષે લાખો ભક્તો અને યાત્રાળુઓને આકર્ષે છે, એમાં પણ પવિત્ર ગંગા નદી લોકોની આસ્થા સાથે જોડાયેલું સૌથી મોટું સ્થળ છે. જીવનમાં એક વખત લોકોની ઈચ્છા હોય છે કે પવિત્ર ગંગા નદીમાં સ્નાન કરવું. ત્યારે હરિદ્વાર શહેર સીમાની અંદર કસાઈ ખાના અને માસની દુકાનોથી લોકોની લાગણીઓ દુભાતી હોય છે ત્યારે તે અંગે હરિદ્વાર નગરપાલિકા દ્વારા લોકોની લાગણીને ધ્યાનમાં રાખી એક સકારાત્મક નિર્ણય લેવામાં આવ્યો છે.

હરિદ્વાર મ્યુનિસિપલ વિસ્તારમાં કાર્યરત તમામ કસાઈની દુકાનો તેમજ માંસ-મટનની દુકાનોને ટૂંક સમયમાં મ્યુનિસિપલ હદની બહાર ખસેડવામાં આવશે, કારણ કે અધિકારીઓ ગયા વર્ષે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પસાર કરાયેલા ઠરાવનો અમલ શરૂ કરશે. હાલમાં, હરિદ્વાર મ્યુનિસિપલ વિસ્તારમાં, મુખ્યત્વે જ્વાલાપુર અને જગજીતપુરમાં, લગભગ ૧૦૦ કસાઈની દુકાનો કાર્યરત છે, જેમાં ફક્ત થોડા જ લોકો માન્ય લાઈસન્સ ધરાવે છે. હરિદ્વાર શહેરનો બાકીનો ભાગ નિયુક્ત

(અનુ. આઠમા પાને)

## લગ્નનું 'વચન ભંગ' બળાત્કારમાં પરિવર્તિત થાય નહિ!!!

### જો આ પ્રકારના કિસ્સાને દુષ્કર્મ ગણવામાં આવે તો યુવક-યુવતીઓ વચ્ચેના સંબંધ સજાપાત્ર બની જશેઃ સુપ્રીમ કોર્ટ

**અબતક, રાજકોટ**

લાંબા સમય સુધી લિવ-ઈન રિલેશનશિપમાં રહેતી સ્ત્રી તેના લિવ-ઈન પાર્ટનર પર લગ્નનું ખોટુ વચન આપી શારીરિક સંબંધ બાંધવા મામલે બળાત્કારનો આરોપ લગાવી શકતી નથી તેવો અત્યંત મહત્વપૂર્ણ ચુકાદો સુપ્રીમ કોર્ટ દ્વારા આપવામાં આવ્યો છે. અદાલતે બુધવારે લગ્નના ખોટા વચનનો ઉલ્લેખ કરીને બળાત્કારના કેસ દાખલ કરવાના વધતા વલણનો મુદ્દો ઉઠાવ્યો હતો.

એક પુરુષે સગાઈ કરેલી સ્ત્રી દ્વારા તેના પર લગાવવામાં આવેલા બળાત્કારના આરોપોને રદ કરવાની માંગ કરતી અરજીની સુનાવણી કરતી વખતે ન્યાયાધીશ એમ એમ સુંદરેશ અને રાજેશ બિંદલની બેન્ચે આ મુદ્દો ઉઠાવ્યો અને કહ્યું હતું કે, સંબંધ તોડવાથી બળાત્કારના કેસ ન થવા જોઈએ. મહિલાએ દલીલ કરી કે લગ્નના ખોટા બહાને તેણી સાથે શારીરિક સંબંધ બાંધવામાં આવ્યો હતો.



જો તમે એટલા ભોળા હોત, તો તમે અમારી સામે ન હોત. તમે પુખ્ત વયના હતા, એવું ન હોઈ શકે કે તમને એવું માનીને છેતરવામાં આવ્યા હોય કે તમે લગ્ન કરી શકશો. આ ટિપ્પણી સુપ્રીમ કોર્ટ દ્વારા કરવામાં આવી હતી. વધુમાં બેંચે કહ્યું હતું કે, આજે નૈતિકતા, સદ્ગુણોનો ખ્યાલ યુવાન લોકો સાથે અલગ છે. જો અમે તમારી સાથે સંમત થઈએ તો કોલેજમાં છોકરા

(અનુ. આઠમા પાને)

## બેદરકારી કે બેવકૂફીની પણ ''હદ'' વટાવી!!! રિલાયન્સ ''જીઓ''ને ૧૦ વર્ષ સુધી બિલ ન મોકલતા બીએસએનએલને અધધ...રૂ.૧૭૫૭ કરોડની નુકશાની!!!

### ભારત સંચાર નિગમ લિમિટેડને ટેલિકોમ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોવાઈડર્સને ચૂકવવામાં આવતા મહેસૂલ હિસ્સાની ફીનો એક ભાગ કાપવામાં નિષ્ફળ જવાથી અન્ય રૂ.૩૮.૩૬ કરોડનું પણ નુકસાન ભોગવવું પડયું

**અબતક, નવી દિલ્હી**

રિલાયન્સ ''જીઓ''ને ૧૦ વર્ષ સુધી બિલ ન મોકલતા બીએસએનએલને અધધ...૧૭૫૭ કરોડની નુકશાની વેઠવી પડી છે.૧૦ વર્ષ સુધી બિલ ન મોકલતા હવે આને બેદરકારી કે બેવકૂફી નહિ તેની પણ ''હદ'' વટાવી છે કેમકે બીએસએનએલ પહેલીથી જ નુકશાનીમાં ચાલી રહ્યું છે.કેગના રિપોર્ટ મુજબ બીએસએનએલએ રિલાયન્સ જીઓ સાથે ટાવર ઈન્ફ્રાસ્ટ્રક્ચર શેર કરવા પર ૧૦ વર્ષ સુધી કોઈ વસૂલાત કરી નથી, જેના કારણે સરકારને ૧,૭૫૭.૫૬ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે.

કેગએ વધુમાં જણાવ્યું હતું કે, ભારત સંચાર નિગમ લિમિટેડ ટેલિકોમ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોવાઈડર્સને ચૂકવવામાં આવતા મહેસૂલ હિસ્સામાંથી લાઈસન્સ ફીનો એક ભાગ કાપવામાં નિષ્ફળ ગઈ જેના કારણે સરકારી કંપનીને ૩૮.૩૬

(અનુ. આઠમા પાને)

# સ્પોટેડ ડિયર "ચિત્તળ": હરણ કુળનું સૌથી રૂપકડું પ્રાણી


## પર્વતાળ-ડુંગરાળ અને ખડકાળ વિસ્તાર સાથે વૃક્ષાચ્છાદિત વિસ્તાર તેમનું નિવાસ સ્થાન છેઃ હરણ સૌથી શરમાળ અને નાજુક હોવાની સાથે ખૂબ જ ઝડપી દોડી શકે છેઃ હિંસક પ્રાણીથી તેમને સતત ખતરો રહેતો હોવાથી તે હંમેશા સજાગ રહે છેઃ આજે વિશ્વમાં હરણની ૧૦૦ થી વધુ પ્રજાતિઓ જોવા મળે છે



ઘર આંગણના પશુ-પંખી સાથે આપણને જંગલ વિસ્તારોમાં વિવિધ પ્રજાતિના પ્રાણીઓ જોવા મળે છે. સિંહ, વાઘ, દિપડા, ચિત્તા સાથે વિવિધ જાતના હરણ જંગલની શાન હોય છે. તે જોવાની બહુ જ મજા આવે છે. દોડતાને કુંદતા હરણના ટોળા જોવા એ કુદરતનો ભવ્ય નજારો છે. પાતળા પગને નાનકડી પૂંછડી સાથે માથે શિંગડાથી સુંદર દેખાવ હરણનો હોય છે.

હરણ પ્રજાતિમાં ચિત્તળ-સ્પોટેડ ડિયર એ હરણ કુળનું સૌથી સુંદર પ્રાણી છે. ચાર શિંગડાવાળા સાબર કે ચોશિંગા હરણ હવે આપણાં ગુજરાતમાં લુપ્ત થવાના આરે ઉભા છે. તેનો પીઠનો ભાગ લાલાશ પડતા ભુખરા રંગનો અને પીઠ નીચે સફેદ કલર જોવા મળે છે. આ કુળના હરણમાં નરને શિંગડા હોય છે. જયારે માદા કે જેને આપણે હરણી કહીએ છીએ તેને શિંગડા હોતા નથી.

માદા ચોસિંગા આમેય સાબરથી અલગ પડતા જોવા મળે છે. હરણ-સાબર કાળિયાર ગૃપનું સૌથી શરમાળ અને નાજુક પ્રાણી છે. હરણ હંમેશા પાંચ કે છ ના જૂથમાં જોવા મળે છે. હિંસક પ્રાણીથી તેમને ખતરો હોવાથી તે હંમેશા સજાગ રહે છે. તેની ઝડપ શિકારી પ્રાણી કરતાં વધારે હોય છે, પણ શિકારી પ્રાણી જૂથમાં હોવાથી તે ગમે તે એકને ટાર્ગેટ કરીને આ ભોળા હરણને સપડાવી દે છે. હરણ પર્વતાળ-ડુંગરાળ અને ખડકાળ વિસ્તારો સાથે વૃક્ષાચ્છાદીત વિસ્તારમાં વધુ જોવા મળે છે.



ચિત્તળ હરણ સોનેરી ભુખરા રંગનું હોય અને આખા શરીર ઉપર સફેદ રંગના ટપકાં જોવા મળે છે. ૬૦ થી ૯૦ કિલો વજન ધરાવતા આ હરણની ઊંચાઈ ૬૫ થી ૯૦ સેમી. જેટલી જોવા મળે છે નરને રક્ષણ માટે આપેલા આ શિંગડા ઘણી ઝાડી, ઝાંખરામાં ભરાઈ જવાથી તેને ઘણીવાર મુશ્કેલી ઉભી કરે છે. હરણના શિંગડા દર વર્ષે ખરી જાય છે ને નવા ઉગતા શિંગડા ખૂબ જ કઠણ થતા જાય છે. સામાન્ય રીતે આ હરણ ૧૦ થી ૩૦ ના ટોળામાં જોવા મળે છે. હરણ સવાર અને સાંજે ચારો ચરવા જંગલ આસપાસના ખેતરોમાં વધુ જોવા મળે છે. હરણ જંગલના અન્ય પ્રાણીઓ જોવા કે વાંદરા વિગેરે સાથે હળી મળીને રહેતું સસ્તનધારી-તુણભક્ષી પ્રાણી છે. તે દેખાવે ખૂબ જ આકર્ષક લાગે છે. આપણા પૌરાણિક ગ્રંથમાં ઋષીઓના આશ્રમમાં તે અવશ્ય જોવા મળે છે. હરણ રાત્રે વિશાળ જૂથમાં આરામ કરતું વધુ જોવા મળે છે. તે બિલાડી કુળના મોટા પ્રાણીઓ સિંહ, દિપડાં કે ચિત્તાનો મુખ્ય ખોરાક છે. તેમની સાબર પ્રજાતિનું વજન ૨૨૫ થી ૩૦૦ કિલો જેટલું હોય છે.

પાંચ ફૂટની ઉંચાઈ ધરાવતું સાબર હરણનો રંગ આછો પીળો ભૂખરો સાથે નીચેનો ભાગ આછો ભૂખરો જોવા મળે છે. સાબરના શિંગડાને વિવિધ પ્રશાખાઓ હોય છે. તે આછા જંગલો સાથે પાનખર જંગલોનું રહેવાસી પ્રાણી છે. આપણે ત્યાં ડાંગ, સાસણ-ગીર તેમજ શુલપાણેશ્વરના જંગલોમાં વધુ જોવા મળે છે. તેમનો મુખ્ય આહાર ઘાસ, પાંદડાઓ સાથે વિવિધ જાતનાં જંગલી ફળો છે. તે ખૂબ જ સારૂ તરી શકે છે. પાણીમાં તરતી વખતે માથુ અને પીઠ પાણીની બહાર દેખાય તેવી રીતે તરંતુ જોવા મળે છે. તે સાંતાકલોસનું પ્રિય પ્રાણી છે. તેના દરેક ચિત્ર-વાતોમાં હરણ આવે જ સાથે આપણી મોટાભાગની બાળવાર્તામાં ભોળા હરણોની વાત આવે જ છે. આજે વિશ્વમાં ૧૦૦ થી વધુ હરણની જાતો જોવા મળે છે. વનસ્પતિ આહારી જંગલી પ્રાણીઓમાં નિર્દોષ અને રૂપકડું સુંદર પ્રાણી હરણ છે. આપણા દેશમાં મૃગ-કાળિયાર-ચિંકારા-સાબર જેવા વિવિધ હરણો જાણીતા છે.

### નોલેજ કોર્નર



ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

### દુનિયાનું સૌથી મોટું હરણ 'આફ્રિકન બોંગો'

વિશ્વભરમાં હરણની સો થી વધુ પ્રજાતિઓ જોવા મળે છે. તે ખૂબ જ બિકણ પ્રાણી છે, પણ ચબરાક ઘણું હોવાથી તે ઘણીવાર શિકારી પ્રાણીના હાથમાંથી છટકી જાય છે. દુનિયાનું સૌથી મોટું હરણ આફ્રિકાના ઘાસના મેદાનોમાં જોવા મળતું 'બોંગો' છે. એકથી દોઢ મીટરના ઉંચા અને બે થી ત્રણ મીટર લાંબા જોવા મળે છે. તે ઘાસના મેદાન અને ઝાડીઓમાં છુપાઈને રહેવા ઉપરાંત તેની રૂંવાટી કેસરી કલરની હોય છે. શરીર ઉપર તેમને ૧૦ થી ૧૫ સફેદ પટ્ટા ઝિબ્રા જેવા હોય છે. આને કારણે તે જંગલમાં સહેલાયથી છુપાય જાય છે. બોંગોના કાન અને જીભ બહુ લાંબા હોવા ઉપરાંત તેનું શરીર ખૂબ જ કદાવર હોય છે. તે ઘણો ખોરાક ખાય છે. જેના પાચન માટે કુદરતે તેને ચાર હોજરી આપી છે. આ હરણ જરાક ભય લાગે એટલે ઝડપથી કૂદકો મારીને દોડવા લાગે છે.

# રિલાયન્સ ભારતમાં ઈ-સ્પોટર્સ બિઝનેસ માટે બ્લાસ્ટ સાથે ભાગીદારી કરશે

## સંયુકત સાહસની મહત્વા કાંક્ષા ભવિષ્યમાં ટોચના સ્તરના ટાઈટલ અને ઈવેન્ટસ આકર્ષીત કરવાની છે

**અબતક, રાજકોટ**

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ (રિલાયન્સ)ની સંપૂર્ણ માલિકીની પેટાકંપની રાઈઝ વર્લ્ડવાઈડ લિમિટેડ અને બ્લાસ્ટ એપીએસની સંપૂર્ણ માલિકીની પેટાકંપની બ્લાસ્ટ ઈ-સ્પોર્ટ્સ લિમિટેડે (બ્લાસ્ટ)આજે ભારતમાં ઈ-સ્પોર્ટ્સ બિઝનેસના સંચાલન માટે એક સંયુકતસાહસની રચના કરવાના કરાર કર્યાની જાહેરાત છે.

ભારત સૌથી ઝડપથી વિકસતું ગેમિંગ માર્કેટ છે જેમાં ૬૦૦ મિલિયનથી વધુ (વૈશ્વિક સ્તરે કુલ ગેમર્સના ૧૮%)નો વિશાળ ગેમર બેઝ છે. ભારતનું ગેમિંગ માર્કેટ ૧૯%ના સીએજીઆરથી વધીને ૨૦૨૯ સુધીમાં ૯.૨ અબજ યુએસ ડોલર સુધી પહોંચવાનો અંદાજ છે જે ૨૦૨૪માં ૩.૮ અબજ યુએસ ડોલર હતું.વૈશ્વિક ઈ-સ્પોર્ટ્સ બજાર ૨૦૨૪માં ૨.૮ બિલિયન યુએસ ડોલરથી વધીને ૨૦૩૩ સુધીમાં ૧૬.૭ બિલિયન યુએસ ડોલર થવાની ધારણા છે, જે ૨૨%નો સીએજીઆર દર્શાવે છે. ભારતનું ઈ-સ્પોર્ટ્સ બજાર પ્રારંભિક તબક્કામાં છે અને તેની ઉચ્ચ વૃદ્ધિ ધરાવતું બજાર બનવાની અપેક્ષા છે. ભારત સરકારે દેશમાં ઈ-સ્પોર્ટ્સને ''મલ્ટી-સ્પોર્ટ્સ ઈવેન્ટ'' શ્રેણીના હિસ્સા તરીકે જાહેર કરીને તેને સત્તાવાર રીતે માન્યતા આપી છે.

આ વ્યૂહાત્મક ભાગીદારી બ્લાસ્ટની વૈશ્વિક સ્તરે માન્યતા પ્રાપ્ત ઈ-સ્પોર્ટ્સ પ્રોપર્ટીઝ અને પ્રોડક્શન ટેક્નિક્સને ભારતમાં લાવીને આ વૃદ્ધિને વેગ આપવામાં મદદ કરશે, જ્યારે ઝડપથી વિકસતા ગેમિંગ બજારને અનુરૂપ નવી ટુર્નામેન્ટ આઈપીનં સહ-નિર્માણ કરશે.

બ્લાસ્ટ યુરોપ સ્થિત ઈ-સ્પોર્ટ્સ એન્ટરટેઈનમેન્ટ કંપની છે અને વિશ્વના સૌથી મોટા ટુર્નામેન્ટ આયોજકોમાંની એક છે. તેમની પ્રોપર્ટીઝને વિશ્વ-સ્તરીય ઈ-સ્પોર્ટ્સ અનુભવોમાં પરિવર્તિત કરવા માટે બ્લાસ્ટ વિશ્વના શ્રેષ્ઠ ગેમ પબ્લિશર્સ અને બ્રાન્ડ્સ સાથે કામ કરે છે. આ ઈવેન્ટ્સ ટોચની ટીમો અને રમતના સૌથી મોટા સ્ટાર્સને એક મંચ પર લાવે છે કારણ કે તેઓ પ્રસિદ્ધિ અને કરોડો ડોલરના ઈનામો માટે સ્પર્ધા કરે છે, જેમાં ૨૦૨૫માં લંડન, સિંગાપોર, ઓસ્ટિન અને રિયો જેવા વાઈબ્રન્ટ શહેરો માટે એરેના સ્ટોપનું આયોજન કરવામાં આવ્યું છે.બ્લાસ્ટ તેની અજોડ ઉત્પાદન ગુણવત્તા અને રમતના ચાહકોને પ્રાથમિકતા આપતી એકદમ નવીન પદ્ધતિઓ માટે જાણીતી છે. ૨૦૨૫માં બ્લાસ્ટ ઈવેન્ટ્સને બે અબજ વ્યૂઝ મળવાની, ૧૫૦ થી વધુ દેશોમા વૈશ્વિક પ્રેક્ષકો સુધી પહોંચવાની અને ૩૦ થી વધુ ભાષાઓમાં પ્રસારિતથવાની અપેક્ષા છે.

# રાજકોટ રેલવે ડિવિઝનની રૂ.૨૪૫૩.૬૮ કરોડની રેકોર્ડ બ્રેક આવકઃ અશ્વિની કુમાર

## માલપરિવહનથી રૂ. ૨૦૨૫.૨૮ કરોડ અને મુસાફરો થકી રૂ.૩૯૮.૧૦ કરોડની આવક નોંધાઈ

**અબતક, રાજકોટ**

પશ્ચિમ રેલ્વેનો રાજકોટ ડિવિઝન ભારતીય રેલ્વે માટે કમાણીની દ્રષ્ટિએ સતત નફાકારક સાબિત થઈ રહ્યો છે. રાજકોટ ડિવિઝનલ રેલ્વે મેનેજર અશ્વની કુમારે જણાવ્યું હતું કે દર વર્ષની જેમ આ વખતે પણ ડિવિઝને રેકોર્ડ આવક મેળવીને નવો રેકોર્ડ બનાવ્યો છે અને સર્વાંગી વિકાસની દિશામાં ધ્વજ લહેરાવ્યો છે.

રાજકોટ ડિવિઝને નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન તેના તમામ ક્ષેત્રોમાં શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું છે અને ૨૪૫૩.૬૮ કરોડ રૂપિયાની રેકોર્ડ વાર્ષિક આવક મેળવી છે, જે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ૨૨૭૬.૩૪ કરોડ રૂપિયાની વાર્ષિક આવક કરતાં ૮% એટલે કે ૧૭૭.૩૪ કરોડ રૂપિયા વધુ છે.

રાજકોટ ડિવિઝનને ૨૦૨૪-૨૫માં માલ પરિવહન થી રૂ. ૨૦૨૫.૨૮ કરોડની આવક થઈ છે, જે ગયા વર્ષની રૂ. ૧૮૭૧.૧૨ કરોડ કરતાં ૮.૨૪% એટલે કે રૂ. ૧૫૪.૧૬ કરોડ વધુ છે. આ રાજકોટ ડિવિઝનને માલ પરિવહન માંથી પ્રાપ્ત થયેલ આ અત્યાર સુધીની સૌથી વધુ વાર્ષિક આવક છે. રેલ્વે ડિવિઝને નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ૧૦.૮૧ મિલિયન મેટ્રિક ટન માલ સામાન લોડ કર્યું છે, જેમાં મુખ્યત્વે પેટ્રોલિયમ ઉત્પાદનો, ઔદ્યોગિક મીઠું, કન્ટેનર, ખાતરો, કોલસો, એલપીજી, સોડા એશ, સિમેન્ટ, અનાજ વગેરેનો સમાવેશ થાય છે. રાજકોટ ડિવિઝનને ૨૦૨૪-૨૫માં મુસાફરોની આવકમાંરૂ. ૩૯૮.૧૦ કરોડની આવક પ્રાપ્ત થઈ છે, જે ગયા વર્ષના રૂ. ૩૭૪.૧૨ કરોડ હતી, જે ગયા વર્ષ કરતાં ૬.૫% વધુ એટલે કે રૂ. ૨૩.૯૮ કરોડ વધુ છે. આ રાજકોટ ડિવિઝનને અત્યાર સુધી મેળવેલી મુસાફરોની આવકમાંથી સૌથી વધુ વાર્ષિક આવક છે. આ વર્ષે રાજકોટ ડિવિઝનમાંથી લગભગ ૧.૧૧ કરોડ મુસાફરોએ મુસાફરી કરી છે. રાજકોટ ડિવિઝનના અધિકારીઓ અને કર્મચારીઓએ પોતાની મહેનત અને સમર્પણથી કામ કરીને ડિવિઝનને દરેક ક્ષેત્રમાં નવી ઊંચાઈઓ પર પહોંચાડ્યું છે અને નોંધપાત્ર આવક મેળવીને ભારતીય રેલ્વેના વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે.

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૦૩-૦૪-૨૦૨૫ ગુરુવાર**
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (હેલ્લારો)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટિવેશન સ્પીચ (પારસ પાધી)
૦૩:૦૦ થી ૦૪:૦૦ સ્પે.સ્ટોરી (ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ)
૦૪:૦૦ થી ૦૮:૦૦ શ્રીમદ ભાગવત કથા (પૂ.જીગ્નેશ દાદા) લાઈવ.(રાજકોટ)
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૦૪-૦૪-૨૦૨૫ શુક્રવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ ભાગવત કથા (પૂ.દિપાલી દીદી)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

**તા.૪-૪-૨૦૨૫ શુક્રવાર**

| | | | |
|---|---|---|---|
| વિક્રમ સંવત | ૨૦૮૧ | શાલીવાહન શકિ: | ૧૯૪૬ |
| ખ્રિસ્તી સંવત | ૨૦૨૫ | | |
| તિથી | ચૈત્રશુદ સાતમ | | |
| નક્ષત્ર | આર્દ્રા | | |
| યોગ | શૌભન | કરણઃ | ગર |
| સુર્યોદય | ૬.૩૮ | સુર્યાસ્તઃ | ૭.૦૨ |
| ચંદ્ર રાશી | મિથુન | | |
| રાશિ અક્ષર | ક.છ.ઘ | | |
| દિશાશૂળ | પશ્ચિમ દિશા તરફ | | |
| રાહુકાળ | સવારે ૧૦.૩૦ થી ૧૨ | | |
| દિવસનાચોઘડીયા | ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ | | |
| રાત્રીનાચોઘડીયા | રોગ,કાળ,લાભ,ઉદિવેગ,શુભ,અમૃત,ચલ,રોગ | | |
| અભિજીત મુહૂર્ત | બપોરે ૧૨.૨૭ થી ૧.૧૬ | | |

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

# રાણપુર ખાતે પાંઉ, પૌરાણા, ખેતાણી પરિવાર દ્વારા શનિવારે મહાયજ્ઞ


**અબતક, રાજકોટ**

સમગ્ર પાંઉ, પૌરાણા, ખેતાણી પરીવારના કુળદેવી ભવાની માતાજીનો ટ્રસ્ટ દ્વારા આયોજીત ૧૭ (સતર)મો વાર્ષિક હવન શનિવાર, તા.૦૫/૦૪/ના રોજ પૂ. માતાજી તથા પૂ. ડુંગરબાપા, પુ.ગોરધનદાદાના દેવસ્થાને રાણપુર (નવાગામ) મુકામે યોજવાનું નક્કી કરેલ છે. પૂ.માતાજીના આ હવનમાં સર્વે કુટુંબી ભાઈઓ સહપરિવાર હાજરી આપીને પૂ. માતાજીના તથા પૂ. ડુંગરબાપાના તથા પૂ.ગોરધનદાદા દર્શન, પૂજનઅર્ચન તથા પ્રસાદનો લાભ લેવા પધારે એવું જાહેર આમંત્રણ ટ્રસ્ટ દ્વારા અપીલ કરવામાં આવી છે. હવનનો પ્રારંભ દેહશુધ્ધિ સવારે ૦૫-૩૦ કલાકે, પૂજનવિધી સવારે ૦૮-૧૦ કલાકે, બિડુ હોમવાનોસમય બપોરે ૧૨-૩૦ કલાકે (ચલ ચોઘડીયે), હવન પુર્ણાહુતિ ૦૧-૦૦ કલાકે હવન પુરા થયા બાદ પાંઉ, પૌરાણા, ખેતાણી પરીવાર ટ્રસ્ટ તથા આમંત્રીત મહેમાનો તથા સર્વે કુટુંબીજનો માટે ભોજન-પ્રસાદ આયોજન બપોરે ૦૧-૦૦ કલાકે કરવામાં આવ્યું છે.

આ યજ્ઞ (હવન)ની વધુ માહિતી માટે અમરભાઈ પાઉં (મો.૯૦૮૧૦ ૮૨૮૦૦) પર સંપર્ક સાધવા વિનંતી.

# નેશનલ સ્કુલ ઓફ ઈન્ટીરીયર ડીઝાઈનના વિદ્યાર્થીઓએ લીધી ભુજની મુલાકાત

**અબતક, રાજકોટ**



રાષ્ટ્રીય શાળા સ્થિત ઈન્ટીરીયર ડિઝાઈનના વિદ્યાર્થીઓએ તાજેતરમાં ભૂજની મુલાકાત લીધેલ. આ દરમ્યાન તેઓએ પ્રાગમહેલ, છત્તરડી, વંદેમાતરમ મેમોરિયલ, એલએલડીસી મ્યુઝિયમ, હુન્નરશાળા તથા સ્મૃતિવન વગેરે સ્થળોની મુલાકાત લીધેલ.

વિદ્યાર્થીઓએ ભૂજનું સ્થાપત્ય, માર્કેટ તથા ભૂજના સામાજીક અભ્યાસ કર્યો હતો.

## સૂડોકુ -૧૨૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૫ | | ૧ | ૯ | ૪ | ૬ | |
| | ૬ | | | | | ૩ | | ૭ |
| | | | | | ૬ | ૮ | | ૫ |
| | | ૩ | | | | | | |
| ૭ | | | ૧ | | | | | |
| ૨ | | ૬ | | ૮ | ૭ | ૯ | ૫ | ૪ |
| ૫ | | ૮ | | | | ૭ | ૩ | |
| | | ૨ | | ૭ | | ૫ | | ૧ |
| | ૭ | ૧ | ૫ | | ૩ | | ૨ | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોક્સમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૧૨૦ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૨ | ૧ | ૭ | ૪ | ૯ | ૩ | ૮ | ૬ |
| ૯ | ૮ | ૬ | ૫ | ૧ | ૫ | ૪ | ૭ | ૨ |
| ૪ | ૩ | ૭ | ૬ | ૨ | ૬ | ૧ | ૫ | ૯ |
| ૧ | ૫ | ૨ | ૯ | ૩ | ૭ | ૮ | ૬ | ૪ |
| ૬ | ૪ | ૮ | ૧ | ૫ | ૨ | ૭ | ૯ | ૩ |
| ૩ | ૭ | ૯ | ૪ | ૫ | ૮ | ૨ | ૧ | ૫ |
| ૭ | ૧ | ૫ | ૨ | ૯ | ૩ | ૬ | ૪ | ૮ |
| ૨ | ૬ | ૪ | ૫ | ૮ | ૧ | ૯ | ૩ | ૭ |
| ૮ | ૯ | ૩ | ૬ | ૭ | ૪ | ૫ | ૨ | ૧ |

# આવતીકાલનું રાશિફળ

**તા.૪.૪.૨૦૨૫, શુક્રવાર, સંવંત ૨૦૮૧, ચૈત્ર સુદ સાતમ, આર્દ્રા નક્ષત્ર, શોભન યોગ, ગર કરણ, આજે જન્મેલાંની ચંદ્રરાશિ મિથુન (ક,છ,ઘ) રહેશે**

**મેષ (અ,લ,ઈ) :** સાહસથી સિદ્ધિ પ્રાપ્ત થાય, આગળ વધવાની તક પ્રાપ્ત થાય, સંતુલિત મનથી તમે કરેલા પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થાય.

**વૃષભ (બ,વ,ઉ) :** આર્થિક બાબતોમાં સારું રહે, અચાનક લાભ થવાના સંકેત છે, અગાઉ રોકેલા નાણાં કે ફસાયેલા નાણાં પરત આવવાના સંકેત આવી શકે.

**મિથુન (ક,છ,ઘ) :** કાર્યસિદ્ધિ આપતો દિવસ, યશ-પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય, સામાજિક રીતે તમારા અભિપ્રાયનું મૂલ્ય વધે.

**કર્ક (ડ,હ) :** આજના દિવસે વાદ વિવાદથી દૂર રહેવું, તમારા કામમાં વિશેષ ધ્યાન દેવું, સ્વભાવ લાગણીશીલ રહે અને તેના કારણે દુઃખ થાય.

**સિંહ (મ,ટ) :** આજના દિવસે આકસ્મિત લાભ થાય, જુના મિત્રોને મળવાનું બને, મનની વાત વ્યક્ત કરી શકો, શુભ દિન.

**કન્યા (પ,ઠ,ણ) :** વેપારીવર્ગને લાભદાયક દિવસ છે, સ્ત્રી વર્ગ માટે ઉત્સાહજનક, નોકરિયાતવર્ગને સારું રહે, વિદ્યાર્થીવર્ગ માટે પણ સારું રહે.

**તુલા (ર,ત) :** આધ્યાત્મિક બાબતોમાં આગળ વધી શકો, ધ્યાન યોગ મૌનથી લાભ થાય, ભાગ્યબળ માં વૃદ્ધિ થાય.

**વૃશ્ચિક (ન,ય) :** અગાઉની સાપેક્ષમાં ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણમાં આવતી જણાય, કાર્યને પૂર્ણ કરી શકો, પ્રગતિકારક દિવસ.

**ધન (ધ,ભ,ફ,ઢ) :** સામાજિક ક્ષેત્ર અને જાહેરજીવનમાં સારું રહે, લોક્ચાહનામાં વૃદ્ધિ થાય, આગળ વધવાની તક પ્રાપ્ત થાય.

**મકર (ખ,જ) :** આજના દિવસે તબિયતની કાળજી લેવી, બહારના ખાન-પાનમાં ધ્યાન રાખવું પડે, જીવનપદ્ધતિમાં હકારાત્મક ફેરફાર કરવા જરૂરી બને.

**કુંભ (ગ,સ,શ) :** પ્રણય માર્ગે આગળ વધી શકો, સંતાન અંગે સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો.

**મીન (દ,ચ,ઝ,થ) :** દિવસ આરામથી વિતાવી શકો અને નવી જગ્યાએ જઈ શકો, તમામ ભૌતિક સુખ સગવડ આપતો આનંદદાયક દિવસ.

## ધન રાશિને નાની પનોતી લોખંડના પાયે શરૂ થઈ છે



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

ધન રાશિને ૨૯ માર્ચથી શનિ મીનમાં આવવા સાથે નાની પનોતી લોખંડના પાયે શરુ થઈ છે જે વધુ મહેનતે પરિણામ આપતી જોવા મળે. ધન રાશિ જ્ઞાનમાર્ગની રાશિ છે અને વિદ્યા માટે હંમેશા તેનો ઝુકાવ રહે છે તથા જીવનમાં સતત સંઘર્ષ સાથે તેઓ નવું કૈક શીખતાં હોય છે ગુરુના ઘરની આ રાશિને લોજીક વિનાની વાતમાં કંટાળો આવે છે અને ધર્મ વિષે તેમના વિચારો નવા હોય છે તથા અધ્યાત્મ વિષે તેમની અલગ વ્યાખ્યા હોય છે ચોથેથી ગ્રહણ પસાર થયું તે તેમને પોતાના એશોઆરામ મૂકીને આગળ વધવાની પ્રેરણા આપે છે અને સુખનો ત્યાગ કરી તેઓ નવી સફર તરફ પ્રયાણ કરતા જોવા મળશે. પનોતીના સમયમાં તેમને ઘણા પડકારોનો સામનો કરવો પડશે ખાસ કરીને જમીન મકાન વાહનને લગતા પ્રશ્નો અને માતાની તબિયત અંગે ચિંતા રખાવે તો જીવનમાં ક્યાંક બધું હોવા છતાં સુખનો અભાવ હોય તેવું લાગે. ધન રાશિના જીવન અને વ્યક્તિ પ્રત્યે અભિપ્રાયો નિશ્ચિત હોય છે બહુ ઝડપથી તેમાં તેઓ ફેરફાર કરતા નથી અને કરવા દેતા નથી. અન્યને સલાહ આપે છે સાચી સલાહ આપે છે પરંતુ બીજાની સલાહ માનવ કરતા તેઓ પોતે વિચારેલી વધુ અમલમાં મુકતા જોવા મળે છે. આગામી સમયમાં તેઓ પોતાની સ્કિલ વિકસાવવા વધુ પ્રયત્ન કરશે અને પોતાની જગ્યા છોડીને પણ આગળ વધવા પ્રયત્ન કરશે જે ધન રાશિના મિત્રો વિદેશ જવા ઈચ્છતા હશે તેમના માટે પણ રસ્તા ખુલતા જોવા મળશે અને યાત્રા પ્રવાસથી તેમનો દ્રષ્ટિકોણ બદલાતો જોવા મળશે.

# દૂધની પેદાશોમાં નિયમનો ભંગ કરનારાની સંખ્યામાં થયો વધારો: સાંસદ પરિમલ નથવાણી

## બે વર્ષમાં ૫૫૨થી ઉછળીને ૭,૧૦૯ પર આકડો પહોચ્યા

**અબતક, રાજકોટ**

દેશમાં દૂધ અને દૂધની પેદાશોમાં નિયમભંગ બદલ કસૂરવાર ફૂડ ઓપરેટર્સને કરાતી સજા અને દંડનો આંક બે વર્ષના સમયગાળામાં જ ૧૩ ગણો વધી ગયો છે. ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ પૂરી પાડેલી વિગતો અનુસાર, વર્ષ ૨૦૨૧-૨૨માં દૂધ અને દૂધની પેદાશોના કુલ ૫૫૨ ઓપરેટર્સને નિયમભંગ બદલ સજા અને દંડ કરવામાં આવ્યા હતા. જો કે, વર્ષ ૨૦૨૨-૨૩ના અંતે આ આંક વધીને ૬,૯૫૩ કેસનો થઈ ગયો હતો અને ૨૦૨૩-૨૪નું વર્ષ પૂર્ણ થતા સુધીમાં તો તે ૭,૧૦૯ થયો હતો.

આ પ્રકારે જ, આવા ઓપરેટર્સ સામે કરાયેલા કેસની સંખ્યા પણ ૨૦૨૧-૨૨માં ૩,૯૫૯ હતી તે ૨૦૨૨-૨૩માં ૧૦,૩૮૧ અને ૨૦૨૩-૨૪ના અંત સુધીમાં વધુ ઉછાળા સાથે ૧૪,૩૮૪ પર પહોંચી ગઈ છે. રાજ્યકક્ષાના કેન્દ્રીય મત્સ્ય, પશુપાલન અને ડેરીઉદ્યોગ મંત્રી, પ્રો. એસ. પી.સિંઘ બઘેલે રાજ્યસભાના સાંસદ પરિમલ નથવાણીએ પૂછેલા એક પ્રશ્નના જવાબમાં ૨



એપ્રિલ, ૨૦૨૫ના રોજ રાજ્યસભામાં આ માહિતી પ્રસ્તુત કરી હતી.

મંત્રીએ જણાવેલી વિગતો અનુસાર, દેશમાં દૂધાળા ઢોરની સંખ્યામાં પણ સતત વૃદ્ધિ જોવા મળી રહી છે. ભારતમાં દૂધાળા ઢોરની કુલ સંખ્યા ૨૦૨૧-૨૨માં ૧૪.૫૦ કરોડની હતી જે ૨૦૨૩-૨૪ના અંતે વધીને ૧૫.૫૮ કરોડે પહોંચી ગઈ હતી. બીજીતરફ ગુજરાતમાં પણ દૂધાળા ઢોરની સંખ્યા આ સમયગાળા દરમિયાન ૯૩ લાખથી વધીને ૯૬ લાખને પાર કરી ચૂકી છે.

આ નિવેદનમાં એવો પણ ઉલ્લેખ કરાયો હતો કે, ડેરીઉદ્યોગમાં સહકારી મંડળીઓ દ્વારા પ્રવાહી દૂધના વેચાણનો આંક વર્ષ ૨૦૨૧-૨૨માં દૈનિક ૩૯૦.૮૬ લાખ લિટર હતો તે ૨૦૨૩-૨૪ના અંતે વધીને દૈનિક ૪૩૮.૨૫ લાખ લિટરે પહોંચી ગયો છે. જ્યારે ગુજરાતની વાત કરીએ તો, રાજ્યમાં સહકારી મંડળીઓ દ્વારા વેચાતા પ્રવાહી દૂધનો આંક વર્ષ ૨૦૨૧-૨૨માં દૈનિક ૬૦.૪૪ લાખ લિટર હતો તે ૨૦૨૩-૨૪માં વધીને દૈનિક ૬૫.૮૪ લાખ લિટરે પહોંચ્યો હતો.

મંત્રીએ વધુમાં એમ પણ કહ્યું હતું કે, રાજ્ય સકારો તેમજ કેન્દ્રશાસિત પ્રદેશોના ફૂડ સેફ્ટી કમિશનર્સના માધ્યમે એફએસએસએઆઈ દ્વારા એફએસએસ ધારાને લાગુ કરીને તેનું અમલીકરણ પણ કરાવવામાં આવ્યું છે.

એફએસએસએઆઈ દ્વારા એફએસએસ(ફૂડ પ્રોડક્ટ સ્ટાન્ડર્ડ્સ એન્ડ ફૂડ એડિક્ટિવ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૧ હેઠળ વિવિધ ડેરીપેદાશો અને એનાલોગ્સ માટે માપદંડોનું જાહેરનામું બહાર પડાયું છે. ડેરીપેદાશોનું હાઈ-રિસ્ક ફૂડ કેટેગરીમાં વર્ગીકરણ કરાયું છે. એફએસએસએઆઈ અનુસાર, આખા વર્ષ દરમિયાન નિયમિત સર્વેલન્સ, મોનિટરિંગ અને ઈન્સ્પેક્શન ઉપરાંત યાદચ્છિક (રેન્ડમ) નમૂના લેવાની કામગીરી હાથ ધરાય છે.

નથવાણી છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન દેશમાં જપ્ત કરાયેલી નકલી ડેરીપેદાશોની વિગતોની સાથે દૂધાળા ઢોરની સંખ્યા તથા દૂધ અને ડેરીપેદાશોના વેચાણમાં થયેલી વૃદ્ધિની વિગતો પણ જાણવા માગતા હતા.

# જસદણ: ગઢડીયા રોડ પર પાલિકાના સંપમાંથી પાણીનો વેપલો

## સંપમાંથી પાણીના ટાંકા ભરી વેચતા હોવાની રાવ

**અબતક, કાળુ રાઠોડ, જસદણ**

જસદણના નાગરિકોને હાલ ઠેર ઠેર પાણી માટે વલખાં મારવા પડી રહ્યાં છે લોકોને દરરોજ પાણી મળતું નથી બીજી બાજું જસદણના ગઢડિયારોડ પર આવેલ નગરપાલિકાના સંપમાંથી પાણીનો ધોમ વેપલો થતો હોવાનું બહાર આવતા ઉચ્ચ અધિકારીઓ ચોંકી ઉઠયા હતા જસદણ નગરપાલિકા હાલ બાર મહિનાનો પાણીવેરો નાગરિકો પાસેથી વસુલ



કરી એકાંતરા પાણી આપે છે એટલે લોકોને વર્ષમા માંડ ૧૨૦ દિવસ પાણી મળે છે બીજી બાજુ ગઢડિયારોડ પરના સંપમાંથી બહારના ખાનગી ટેન્કર પાણીના ટાંકા ભરી વેચતા હોય પાણી વેચી અંદરના જ કેટલાક કર્મચારી સામેલ છે ત્યારે ચીફ ઓફિસર પગલાં ભરે એવી માંગ લોકો કરી રહ્યાં છે.

### કાનૂની સેવા સમિતિ દ્વારા

# પડધરીમાં શનિવારે મોબાઈલ વાન થકી લીગલ અવેરનેસ કાર્યક્રમ

**અબતક, ભૌમિક તળપદા, પડધરી**

નામદાર ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ, અમદાવાદનાં માર્ગદર્શન હેઠળ, જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, રાજકોટ તથા તાલુકા કાનૂની સેવા સમિતિ, પડધરી દ્વારા તા.૦૫/૦૪/૨૦૨૫ ના રોજ પડધરી તાલુકાનાં ગામડાઓમાં નામદાર ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ, અમદાવાદનાઓ દ્વારા મોબાઈલ લીગલ સર્વિસ વાન મારફતે લોકોને કાયદાકીય સલાહ તેમ સહાય મળી રહે અને લીગલ સર્વિસીઝ ઓથોરીટી એક્ટ મુજબ મળવાપાત્ર સહાય તેમ સલાહ અંગે લોકો માહિતગાર બને તે હેતુથી ૧૧-૨૫ કલાકે પડધરી પોલીસ સ્ટેશન ખાતે, ૧૪-૧૫ કલાકે સરપદડ ગામ ખાતે તથા ૧૫-૩૫ કલાકે તરઘડી ગામ ખાતે મોબાઈલ વાન દ્વારા લીગલ અવેરનેસ કાર્યક્રમ યોજવામાં આવનાર છે.

જે કાર્યક્રમમાં વધુમાં વધુ લોકોને સદરહું કાર્યક્રમનો લાભ લેવા તાલુકા કાનૂની સેવા સત્તા મંડળ, પડધરી, રાજકોટ દ્વારા અનુરોધ કરવામાં આવે છે.

### સ્વ.કનુભાઈ જોશીની સ્મૃત્તિરૂપે

# ગોંડલ: જૈન જાગૃત્તિ સેન્ટર દ્વારા રવિવારે સુવર્ણપ્રાશન કેમ્પ

**અબતક, હરેશ ગણોદીયા, ગોંડલ**

જૈન જાગૃતિ સેન્ટર ગોંડલ દ્વારા સ્વ. કનુદાદા જોશી પરિવાર ના સથવારે તારીખ ૬ઠ્ઠી એપ્રિલ રવીવારે પુષ્ય અમૃત યોગ અન્વયે પંચવટી સોસાયટી,સહજાનંદનગર, મહાકાળીનગર,રામનગર,ભવનાથ નગર ૧-૨તેમજ ગોંડલ શહેર ની કોઈપણ સોસાયટીના ૧થી૧૦ વર્ષ સુધીના બાળકો માટે વિનામૂલ્યે સુવર્ણપ્રાશન ઔષધ પીવરાવવાનું આયોજન કરવામાં આવેલ છે..

તેમજ ગોંડલ આસપાસની ઝૂંપડપટ્ટીના અભ્યાસ કરતા બાળકોને પણ આ સુવર્ણપ્રાશન ઔષધ મૂલ્યે આપવામાં આવશે.. જૈન જાગૃતિ સેન્ટર ગોંડલ દ્વારાઆ નિઃશુલ્ક સુવર્ણપ્રાશન સેવા હિતેશભાઈ દવે ના નિવાસ સ્થાને સ્નેહ કુંજ..પંચવટી સોસાયટી,ગણપતિ મંદિર સામે, રેલ્વે સ્ટેશન પાછળ,* તારીખ ૬ઠ્ઠી એપ્રિલ રવીવારે સવારે ૧૦ વાગ્યા થી બપોરના ૨ વાગ્યા સુધી સેવા નો લાભ મળશે. પંચવટી સોસાયટી,સહજાનંદ નગર રામનગર ,ભવનાથનગર૧-



૨તેમજ સમસ્ત ગોંડલ શહેર ના બાળકો ના સર્વાંગી વિકાસ માટે આ સેવા વ્યવસ્થાનો લાભ લ્યે તેવી અપીલ કરવામાં આવેલ છે.

હિતેશભાઈ દવે દ્વારા શાળામાં અભ્યાસ કરતા ગરીબ અને ઝૂંપડપટ્ટી માં રહેતા બાળકોને સુવર્ણપ્રાશન ઔષધ પીવરાવવામાં આવશે...જેમાં જૈન જાગૃતિ સેન્ટર ગોંડલ ના તમામ સદસ્યઓ સહયોગ કરી રહ્યા છે. વધુ વિગત માટે મો.નં.૯૯૦૯૯૮૭૭૧૧ પર સંપર્ક કરવા જણાવેલ છ.

# દ્વારકા: પોશીત્રા ગામે ૩૨ વર્ષના જમીન રેકોર્ડના ચોપડા ગાયબ !

## રેકોર્ડના અભાવે ગ્રામજનોને વ્યાપક સમસ્યા: પ્રાંત અધિકારીને આવેદન પાઠવી સમસ્યા ઉકેલવા માંગ

**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**

દેવભૂમિ દ્વારકા જિલાના દ્વારકા તાલુકાના પોશીત્રા ગામના જમીન રેકોર્ડના બે ચોપડા કથિત રીતે ગુમ થઈ ગયા હોવા અંગે આજરોજ પ્રાંત અધિકારીની કચેરીએ ગ્રામજનો દ્વારા આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે.

પોશીત્રા ગામના ખેડૂતો તથા ગ્રામજનો દ્વારા પાઠવેલ આવેદનપત્રમાં જણાવ્યા મુજબ પોશીત્રા ગ્રામ પંચાયતના જમીન



રેકોર્ડના બે ચોપડા ગુમ થઈ ગયેલ હોય ખેડૂતો મુશ્કેલીમાં મૂકાયા છે. આ અંગે ભૂતકાળમાં અનેક રજૂઆતો કરવા છતાં નકકર કામગીરી થયેલ ન હોય ખેડૂતોના છ નંબરના ઉત્તરોતર નિકળતા ન હોવાથી અનેકવિધ મુશ્કેલી પડે છે. આ ઉપરાંત ધિરાણ માટે ટીસી કરવું હોય નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવી હોય કે અન્ય કોઈ સરકારી યોજનાઓનો લાભ લેવો હોય ત્યારે ઓનલાઈન રેકર્ડ નિકળતું ન હોય પોશીત્રા ગામના ખેડૂતોને વ્યાપક પરેશાનીનો સામનો કરવો પડી રહયો છે. આ અંગે દ્વારકાના પ્રાંત અધિકારીને વહેલી તકે ઉકેલ લાવવા અન્યથા ગ્રામજનો દ્વારા ઉગ્ર આંદોલન કરવાની ચિમકી પણ ઉચ્ચારાઈ છે.

# દ્વારકા: પત્રકારોને થતાં અન્યાય વિરૂધ્ધ પ્રાંત અધિકારીને આવેદન



**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**


રાજકીય નેતાઓ દ્વારા અવાર નવાર પત્રકારોને ટાર્ગેટ કરતા નિવેદનો સામે પત્રકાર જગતમાં જુવાળ ઉઠયો છે ત્યારે આજરોજ પત્રકાર એક્તા પરિષદ ગુજારતના દ્વારકા ક્ષેત્રના પત્રકારો દ્વારા પત્રકારોને થતાં અન્યાય સબબ પ્રાંત અધિકારીને આવેદનપત્ર (આક્રોશ પત્ર) પાઠવી વિરોધ વ્યક્ત ર્ક્યો હતો.

### આજે વિશ્વ જલચર પ્રાણી દિવસ

# માછીમારીના બદલે શાકાહારી જીવનશૈલી અપનાવો

## જલચર જીવના શોષણ સામે અવાજ ઉઠાવો

**અબતક, રાજકોટ**




વિશ્વભરમાં દર વર્ષે ૩ એપ્રિલે વિશ્વ જલચર પ્રાણી દિવસ મનાવવામાં આવે છે. આ દિવસની ઉજવણીનો મુખ્ય હેતુ પર્યાવરણ સંરક્ષણ કરતા પ્રાણીઓના રક્ષણ માટે જાગૃતિ ફેલાવવાનો છે. સમુદ્રો, નદીઓ અને તળાવો આજે પ્રદૂષણ અને માછીમારીના ઘાટા અસર હેઠળ છે. પ્લાસ્ટિક વેસ્ટ, ઓઈલ સ્પિલ અને ઉદ્યોગો દ્વારા છૂટતા કેમિકલના કારણે પાણીમાં રહેનારા જીવનું જીવન જોખમમાં છે. વ્હેલ, ડોલ્ફિન, સમુદ્રી કાચબાં, માછલીઓ અને અન્ય જલચર પ્રાણીઓ વિલુપ્તિ તરફ આગળ વધી રહ્યા છે. જળચર પ્રાણી એ કોઈપણ પ્રાણી છે, પછી ભલે તે કરોડ અસ્થિધારી હોય કે અપૃષ્ઠવંશી, જે તેના સમગ્ર અથવા મોટાભાગના જીવનકાળ માટે પાણીના શરીરમાં રહે છે. જળચર પ્રાણીઓ સામાન્ય રીતે ગિલ્સ નામના વિશિષ્ટ શ્વસન અંગો દ્વારા, ત્વચા દ્વારા અથવા આંતરડાના મ્યુકોસા દ્વારા ઓગળેલા ઓક્સિજનને કાઢીને પાણીમાં ગેસ વિનિમય કરે છે, જો કે કેટલાક પાર્થિવ પૂર્વજોમાંથી વિકસિત થયા છે. જળચર પ્રાણીઓ એક વૈવિધ્યસભર પોલીફાઈલેટિક જૂથ છે જે ફક્ત તેમના કુદરતી વાતાવરણ પર આધારિત છે, અને તેમની વચ્ચે ઘણી મોર્ફોલોજિકલ અને વર્તણૂકીય સમાનતાઓ સંકલિત ઉત્ક્રાંતિનું પરિણામ છે. તેઓ પાર્થિવ અને અર્ધ-જળચર પ્રાણીઓથી અલગ છે, જે પાણીના સ્ત્રોતોથી દૂર રહી શકે છે, જ્યારે જળચર પ્રાણીઓ ઘણીવાર ગિલ નિષ્ફળતા અથવા તેમના પોતાના શરીરના વજન દ્વારા સંકુચિત ગૂંગળામણને કારણે પાણીમાંથી લાંબા સમય સુધી દૂર થયા પછી ડિહાઈડ્રેશન અથવા હાયપોક્સિયાથી મૃત્યુ પામે છે. જળચર છોડ, શેવાળ અને સૂક્ષ્મજીવાણુઓ સાથે જળચર પ્રાણીઓ વિવિધ દરિયાઈ, ખારા અને મીઠા પાણીના જળચર ઈકોસિસ્ટમના ખોરાકના જાળા બનાવે છે. વિશ્વ જલચર પ્રાણી દિવસ પર આપણે સંકલ્પ લઈએ કે પાણીમાં વસવાટ કરતા આ નિર્દોષ જીવોની રક્ષા માટે પ્રતિબદ્ધ થઈશું. પ્રકૃતિનું સંતુલન જાળવવા માટે તેમની હાજરી અત્યંત આવશ્યક છે.

# ગોંડલ: સંઘાણી સંઘમાં સતત ત્રીજી ટર્મ પ્રમુખપદે અશોકભાઈ કોઠારીની વરણી

## મંત્રી તરીકે કમલેશભાઈ સંઘાણીની અને ખજાનચી તરીકે બીપીનભાઈ શેઠની નિમણૂક

**અબતક, રાજકોટ**

ગોંડલ સંઘાણી સંઘમાં તાજેતરમાં ચૂંટણી યોજાઈ હતી. સંઘાણી સંઘમાં શાંતિપૂર્ણ માહોલમાં ચૂંટણી સંપન્ન થઈ હતી ત્યારબાદ મંગળવારે કારોબારી સભ્યોની મીટીંગ યોજાય હતી ત્યારે પ્રમુખ તરીકે અશોકભાઈ કોઠારીની નિમણુક કરી,



ત્યારબાદ અશોકભાઈએ દરેક કારોબારી સભ્યોનો આભાર માન્યો અને સાથોસાથ આ ચૂંટણીમાં ચૂંટણી અધિકારી તરીકે ચેતનભાઈ મહેતા , પ્રકાશભાઈ પંચમીયા અને નીતિનભાઈ વસાએ ખુબજ સરસ રીતે આ સેવા કાર્ય કરેલ અને દરેક કારોબારી મેમ્બર્સ વતી આ સરાહનીય સેવા બદલ તેનો અંતઃકરણ પૂર્વક આભાર માનેલ , અને જણાવ્યું કે ચૂંટણી એક વ્યવસ્થાનો ભાગ હોય છે , પણ ત્યારબાદ આપણે દરેકે તે ભૂલી ને હવે સંઘના કાર્યમાં આગળ વધવું જોઈએ અને આપણી વચ્ચેનો ભાઈચારો યથાવત રહેવો જોઈએ , તેમજ ત્યારબાદ મંત્રી તરીકે કમલેશભાઈ સંઘાણીની અને ખજાનચી તરીકે બીપીનભાઈ શેઠની નિમણૂક કરવામાં આવેલ આ પ્રસંગે દરેક કારોબારી સભ્યો હાજર રહેલ જેમકે કનુભાઈ સંઘાણી , ગિરીશ બાવીસી , ગૌરવ બાવીસી , જયેશ દેસાઈ , અશોક પઢિયાર તેમજ બીપીનભાઈ આશરા અંતમાં સંઘના દરેક કાર્યો તેમજ વયાવચ્ચ જેવા કાર્યોમાં દરેકે સાથે મળીને કરવા તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો

# ગોંડલ માર્કેટીંગ યાર્ડમાં ધાણા, ઘઉં, લસણની મબલખ આવક

## ઘઉંના ભાવ ૪૭૦થી ૬૫૦ અને લસણના ૬૦૦ થી ૧૩૦૦ સુધી બોલાયા

**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

ગોંડલ માર્કેટિંગ યાર્ડ ફરી વિવિધ જણસીની આવકથી ઉભરાયું છે. માર્ચ એન્ડિંગની ૬ દિવસની રજા બાદ આજથી ફરી માર્કેટ યાર્ડ ધમધમતું થતા વિવિધ જણસીની મબલખ આવક થવા પામી છે.

સમગ્ર સૌરાષ્ટ્રભરમાંથી ખેડૂતો પોતાનો માલ વેચવા ગોંડલ યાર્ડમાં આવતા હોય છે. ત્યારે મોટી સંખ્યામાં ખેડૂતો માર્કેટિંગ યાર્ડમાં આજથી અલગ અલગ જણસી લઈને આવ્યા હતા. યાર્ડમાં ધાણા, ઘઉં અને લસણની સૌથી વધુ આવક જોવા મળી હતી.

ખેડૂતો વિવિધ જણસી લઈને



આવતા હરાજી શરૂ કરવામાં આવી હતી. હરાજીમાં ધાણાની ૨.૨૫ લાખ કરતા વધુ ગુણીની આવક જોવા મળી હતી. હરાજીમાં ધાણાના ભાવ ૧૧૦૦થી ૧૯૦૦ સુધીના બોલાયા હતા. તો બીજી તરફ ધાણીના ભાવ ૧૩૦૦થી ૨૩૫૧સુધીના બોલાયા હતા.

ઉપરાંત યાર્ડમાં ઘઉંની ૭ થી ૭૫ હજારથી વધુ કટ્ટાની આવક જોવા મળી હતી. ઘઉંના ભાવ ૪૭૦ થી ૬૫૦ સુધીના બોલાયા હતા. સાથે લસણની ૪૦૦૦ કટ્ટાથી વધુ આવક જોવા મળી અને લસણના ભાવ ૬૦૦થી ૧૩૦૦ સુધીના બોલાયા હતા.

# પાલીતાણાની કૃષ્ણ ધર્મોત્સવ પ્રદર્શન સમિતિ દ્વારા ચકલીના માળાનું વિતરણ

**અબતક, અંકુર મહેતા, પાલીતાણા**

યાત્રાધામમાં પાલીતાણા માં વર્ષોથી ચાલતી જીવદયા અને માનવસેવાની પ્રવૃતિ વિવિધ સામાજિક સેવાકીય પ્રવુતિઓ સાથે જોડાયેલી પાલિતાણાની શ્રી કૃષ્ણ ધર્મોત્સવ પ્રદર્શન સમિતિ તેમજ ગૌસેવા સમિતિની ટીમ દ્વારા દર વર્ષની જેમ ઉનાળા પ્રારભે ચકલીના માળાઓ તેમજ પાણીના કુંડાઓનું વિતરણ કરી પ્રકૃતિ અને પર્યાવરણનું જતન કરે એવા સંદેશો આપેલ આ કાર્યક્રમ સાથે વધુમાં પાલીતાણા શહેરમાં જુદા જુદા વિસ્તારોમાં રઝળતા અબોલ જીવો માટે પાણીની ટાંકીઓ મુકવામાં આવશે.ગૌસેવા સમિતિની પશુ સારવાર હેલ્પલાઈન નંબર ૭૩૭૩ ૧૫૪૧૫૫ પર યાદી કરવામાં આવશે. આ તકે ૧૦૦૦ જેટલા પાણીના કુંડાઓનું તેમજ નાના પશુઓ માટે પીવાના પાણી નાની ટાકી નું ઉપસ્થિત મુકેશગીરી બાપુ તેમજ પી આઈ કરમટા, પાલીતાણા જૈન સંઘના પ્રમુખ શાંતિભાઈ મહેતા, ગૌસેવા સમિતિના કલ્પેશભાઈ પરમાર, કાર્યકર્તાઓના હસ્તે વિતરણ કરવામાં આવ્યુ હતું.

### તેરા તુજકો અર્પણ અંતર્ગત

# અંજાર પોલીસ દ્વારા ૨૯ મોબાઈલ મુળ માલિકને પરત કરાયા

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

અંજાર પોલીસ સ્ટેશનમાં આવેલ મોબાઈલ ગુમની અરજીઓ બાબતે સી.ડી.આર.એનાલીસીસ કરી તેમજ સી.ઈ.આઈ.આર. પોર્ટલ માધ્યમથી ટ્રેસ થયેલ મોબાઈલ ફોન નંગ-૨૯ શોધી કાઢી તેમજ અંજાર પોલીસ મથકમાં નોંધાયેલ લુંટમાં ગુન્હા કામે રોકડા રૂપિયા સાત લાખ રીકવર કરી નામદાર કોર્ટના હુકમ મુજબ અંજાર રોટરી ક્લબ ખાતે "તેરા તુજ કો અર્પણ" નુ આયોજન કરી મુળ માલીક/અરજદારને મોબાઈલ



ફોન તથા રોકડા રૂપિયા અંજાર ધારાસભ્ય ત્રિકમભાઈ છાંગા તથા પોલીસ અધિક્ષક સાગર બાગમાર, પ્રો.આઈ.પી.એસ. વિકાસ યાદવ અને અંજાર પીઆઈ એ.આર.ગોહીલના હસ્તે સુપ્રત કરવામાં આવેલ છે. આ કામગીરી અંજાર પીઆઈ એ.આર.ગોહેલ, પીએસઆઈ એસ.જી.વાળા તથા અંજાર પોલીસ સ્ટાફ દ્વારા કરવામાં આવેલ છે.


વ્યવસાયી વિદ્યા પ્રતિષ્ઠાન ટ્રસ્ટ, રાજકોટ
વી.વી.પી. દ્વારા
વિદ્યાર્થીઓ તથા વાલીઓ માટે
**માર્ગદર્શન સેમીનાર**

**ધોરણ ૧૦ પછી શું ?**

સાયન્સ, કોમર્સ, આર્ટસ, એન્જીનીયરીંગ, આર્કિટેક્ચર,
૭૦ મિનીટનો સેમીનાર, ૭૦ વર્ષનું કારકિર્દી અને જીવન ઘડતર

આપના દરેક પ્રશ્નોનાં સત્ય, સ્પષ્ટ અને સચોટ જવાબો

તારીખ : ૬ એપ્રીલ ૨૦૨૫, રવિવાર
સમય : સવારે ૯:૩૦ કલાકે
સ્થળ : હેમુ ગઢવી હોલ, ટાગોર રોડ, રાજકોટ.

વી.વી.પી. એન્જીનીયરીંગ કોલેજ
ઈન્દુભાઈ પારેખ સ્કૂલ ઓફ આર્કિટેક્ચર
કીચ સ્કૂલ ઓફ ઈન્ટીરીયર ડીઝાઈન

ટ્રસ્ટી :
શ્રી કૌશીકભાઈ શુકલ, શ્રી હર્ષલભાઈ મણીઆર,
શ્રી ડો. સંજીવભાઈ ઓઝા, શ્રી ડો. નરેન્દ્રભાઈ દવે, શ્રી ડો. નવીનભાઈ શેઠ

વધુ માહિતી માટે સંપર્ક : ૯૧૫૭૭ ૧૯૭૮૧ (એન્જીનીયરીંગ)
૯૫૧૦૪ ૩૭૫૨૦ (આર્કિટેક્ચર તથા ઈન્ટીરીયર ડીઝાઈન)

તંત્રી લેખ

# યે આગ કબ બુજેગી

'આગ' આ શબ્દ જ એટલે ભયાનક છે કે તેનું નામ સાંભળતાની સાથે જ મનમાં ડરનો માહોલ ઉભો થાય છે. આગ, પાણી, પવનનો કયારેય વિશ્વાસ કરી શકાય કારણ કે તેના સ્વરૂપ હમેશા રોદ્ર હોય છે. કયારેય બેદરકારીના પાપે લાગતી આગ અનેક પરિવારોના માળાને ભસ્મીભૂત કરી નાંખતી હોય છે. બનાસકાંઠાના ડિસામાં ફટાકડાની ગેરકાયદે ફેકટરીમાં આગ ભભૂકતા ૨૧ વ્યકિતઓના કરૂણ મોત નિપજયાં છે. આગની એક પછી એક ઘટના બની રહી છે.

સરકારી વિભાગોની જીવલેણ બેદરકારીના પાપે નિર્દોષ નાગરીકોના ભસ્મીભૂત થઈ રહ્યા છે. સરકાર દ્વારા તપાસ સમિતિની રચના કરવાના નાટક કરવામાં આવે છે. મગરના આંસુ વહાવવામાં આવે છે. મોટી મોટી ગુલબાંગો હાંકવામાં આવે છે. મૃતકના પરિવારજનોનો રોષ શાંત પાડવા સહાય જાહેર કરી દેવામાં આવે છે. પરંતુ આવી જીવલેણ ઘટના ભવિષ્યમાં બીજીવાર ન બને તેવી કોઈ જ ખેવના લેવામાં આવતી નથી.

પરિણામે મહામૂલા માનવ દેહ આગની ઝપટમાં આવી જાય છે. સુરતમાં તક્ષશીલા બિલ્ડીંગમાં લાગેલી આગ, રાજકોટમાં ટીઆરપી ગેમ ઝોનમાં ભભૂકેલી આગમાં અનેક વ્યકિતઓના મોત નિપજયા બાદ પણ સરકારી વિભાગોની બેદરકારીના પાપે આગના લબકારા શાંત પડતા નથી. નિર્દોષ નાગરીકો મોતને ભેટી રહ્યા છે. ડિસામાં જયાં દારૂખાનું રાખવાનું લાયસન્સ હતુ તે ગોડાઉનમાં ગેરકાયદે ફટાકડા બનાવવામાં આવતા હતા જયાં આગ ભભૂકતા ૨૧ નિર્દોષ વ્યકિતના મોત નિપજયા છે.

આગની જીવલેણ ઘટનાને અટકાવવામાં રાજય સરકાર સદંતર નિષ્ફળ રહી છે. તેવું કહેવામાં આવે તો પણ જરા અમસ્તી પણ અતિશીયોકતી નથી.

મનોરંજન પણ કયારેય મોત આપે છે. જો કે આવી ઘટના માટે સરકારી વિભાગ જ સંપૂર્ણ પણે જવાબદાર હોય છે. વડોદરાના હરણી તળાવમાં બોટીંગ દુર્ઘટનમાં પણ નિયમોનું પાલન ન થતું હોવાના કારણે બાળકોના જીવ ગયા સુરતની તક્ષશીલા બિલ્ડીંગમાં લાગેલલ આગ પણ સરકારી વિભાગની બેદરકારીનું જ પરિણામ હતું. જયારે રાજકોટના ટીઆરપી ગેમ ઝોનમાં સર્જાયેલો વિનાશક અગ્નિકાંડ પણ સરકારના અલગ અલગ વિભાગોની બેદરકારીના પાપે જ બન્યો હતો.

એક બાદ એક ઘટના પછી પણ સરકાર તેમાથી બોધપાઠ લેતી નથી પરિણામે માનવ જીંદગીનો દિપ ઓલવાતા કોઈ જ રોકી શકતું નથી.

# સુત્રાપાડાના વિરોદર ગામે વિવિધ વિકાસ કામોનું લોકાર્પણ-ખાતમુહુર્ત

## ધારાસભ્ય ભગવાનભાઈ બારડ, જીલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ શૈલેન્દ્રસિંહ રાઠોડ સહિતના આગેવાનો રહ્યા ઉપસ્થિત



અબતક, રામસિંહ મોરી, સુત્રાપાડા

સુત્રાપાડા તાલુકા ના વિરોદર ગામે વિવિધ કામોના ખાતમુહૂર્ત તથા લોકાપર્ણ તાલાલા સુત્રાપાડા મત વિસ્તારના ધારાસભ્ય ભગવાનભાઈ બારડ પૂર્વ પ્રમુખ જિલ્લા પંચાયતના શૈલેન્દ્રસિંહ રાઠોડ સુત્રાપાડા તાલુકા ભાજપ પ્રમુખ પ્રતાપસિંહ બામણીયા પૂર્વ પ્રમુખ પ્રતાપ સિંહ બારડ અમરાપુર તાલુકા પંચાયત સદસ્ય જશુંભાઈ સોલકી એ. ટી.ડી.ઓ. ચાવડા ગામ પંચાયત સરપંચ મનું ભાઈ પૂર્વ સદસ્ય પંકજભાઈ તથા તલાટી મત્રી ગ્રામ પંચાયત સદસ્ય ગ્રામજનોએ ખાતમુહુર્ત લોકાર્પણ કરેલ હતું.

જેમાં ચાણમુ મંદિર તરફ વોકર ઉપર નાલા પુલીયા કામ રૂ ૫૦૦૦૦૦/ લાખ, સી સી રોડ કામ રૂ ૪.૫૦ લાખ, કોમ્યુનિટી હોલ રૂ ૫૦૦૦૦૦/ લાખ, પાઈપ લાઈન કામ રૂ. ૫૦૦૦૦૦/ લાખ, ખૂટતી ગ્રાન્ટ રૂ. ૫૦૦૦૦૦/ ફાળવેલ છે ટોટલ ૨૪૫૦૦૦૦/૦૦ વિકાસ કામો ગ્રાન્ટ ફાળવેલ છે ધારાસભ્ય શ્રી ભગવાનભાઈ બારડ સારું કામ કરવાની સૂચન કરેલ છે

# ખંભાળીયા: ઘી ડેમમાંથી સિંચાઈ માટેનું પાણી બંધ કરાતા ખેડુતોમાં રોષ

અબતક, વિનાયક ભટ્ટી, ખંભાળીયા

ખંભાળિયાનો સિંચાઈ માટેનો ઘી ડેમ કે જેની ઉંચાઈ ૨૦ ફૂટ છે તે હાલ ૯૩ ફૂટ ઉપરાંતનો ભરેલો હોય છતાં એક માસથી સિંચાઈના કેનાલ બંધ કરી દેવાતા ખેડુતો મુશ્કેલીમાં મુકાયા છે.

૬૦/૬૫ વર્ષ પહેલા માત્ર સિંચાઈ મોજ ઘી ડેમ બનેલો હતો. જેમાંથી હર્ષદપુર, રામનગર, કુહાડીયા તથા થોડા વિસોત્રીના ખેડૂતોને સિંચાઈનું પાણી મળતું હતું. આ ડેમ માત્ર સિંચાઈનો હતો પણ ધીરેધીરે ખંભાળિયા શહેરને પછી તાલુકાના ૨૫ ગામોને પીવાનું પાણી ઘી ડેમમાંથી આપવાનું શરૂ કરાતા સિંચાઈના પાણીમાં કાંપ થવા લાગ્યો અને આ વખતે નર્મદાની પાઈપલાઈનનું સમારકામ થવાનું હોય નર્મદાનું પાણી ના મળે તેવી સ્થિતિ હોય ઘી ડેમમાંથી પાણી મળે તે માટે સિંચાઈ કાંપ મુકી દેવાયો છે. જેથી એક માસથી કેનાલ ડેમની બંધ થઈ ગઈ છે ત્યારે ખેડુત આગેવાનો સંજયભાઈ હરીભાઈ નકુમ, કિશોરભાઈ માંડવિયા, જીતેન્દ્રભાઈ કણઝારીયા, જમનભાઈ નકુમ વિગેરે દ્વારા તેમને રજૂઆતો કરીને હાલ ખેડૂતોને મગના પાક તથા મકાઈ, જુવારના પાક તથા ઘાસચારા માટે પાણીની જરૂરત હોય તથા ડેમ પોણા જેટલો ભરેલો છે ત્યારે તે પાણી આપવા માંગ કરવામાં આવી છે.

# ઉપલેટા - ભાયાવદર પાલિકાના નવનિયુકત સદસ્યોએ સંત લાલબાપુના આશિર્વાદ મેળવી ધન્યતા અનુભવી





અબતક, કીરીટ રાણપરીયા, ઉપલેટા

તાજેતરમાં યોજાયેલી નગરપાલિકાની ચૂંટણીમાં ભાયાવદર નગરપાલિકાને સ્પષ્ટ બહુમતી અપાવનાર ઈન્દ્રવિજયસિંહ ચુડાસમા તેમજ ઉપલેટા-ભાયાવદરના ચૂંટાયેલા નવનિયુક્ત સદસ્યો રઘુભા સરવૈયા ઉપલેટા, વિક્રમસિંહ સોલંકી ઉપલેટા, વિક્રમસિંહ ચુડાસમા ભાયાવદર, રવિન્દ્રસિંહ ચુડાસમા ભાયાવદર એ ભવ્ય વિજય પ્રાપ્ત થવા બદલ સંતોના ચરણોમાં વંદન કરી આશીર્વાદ લીધા હતા

આ તકે વિશેષ ઉપસ્થિતી ઈન્દ્રવિજયસિંહજી ચુડાસમા ભાયાવદર રાજપૂત સમાજ પ્રમુખ અને રાજકોટ જીલ્લા ભાજપ અગ્રણી, જોરૂભા ચુડાસમા લાઠ સહકારી મંડળી પ્રમુખ, જયવીરસિંહ વાળા ગધેથડ તાલુકા ભાજપ આગેવાન, જે.કે વાળા ચરેલીયા જીલ્લા ભાજપ આગેવાન, હર્ષદસિંહ વાળા હરિયાસણ ક્ષત્રિય સમાજ આગેવાન, ડો.જયેન્દ્રસિંહ વાળા ઢાંક, વિજયસિંહ વાળા ગધેથડ સરપંચ, પૃથ્વીરાજસિંહ ચુડાસમા લાઠ સરપંચ, ગુમાનસિંહ વાળા ચરેલીયા પૂર્વ સરપંચ, બળવંતસિંહ વાળા હરિયાસણ સરપંચ, ઘનશ્યામસિંહ ચુડાસમા નવાપરા સરપંચ, કુલદીપસિંહ જાડેજા ચીખલીયા ઉપ સરપંચ, ક્રિપાલસિંહ વાળા હરિયાસણ, ધમભા વાળા ગધેથડ, રવિરાજસિંહ જાડેજા ઢાંક, દિગ્વિજયસિંહ વાળા ઢાંક, જશુભા વાળા રાજપરા, અનિરુદ્ધસિંહ વાળા રાજપરા, ભાયાવદર રાજપૂત સમાજ ટ્રસ્ટી જયુભા ચુડાસમા, નરેન્દ્રસિં ચુડાસમા, વિજયસિંહ ચુડાસમા, રઘુભા ચુડાસમા, જયેન્દ્રસિંહ ચુડાસમા, પ્રવિણસિંહ ચુડાસમા, મયુરસિંહ ચુડાસમા, હરુભા ઝાલા ઉપલેટા, પ્રવિણસિંહ ચુડાસમા ઉપલેટા, પૃથ્વીસિંહ સોલંકી ઉપલેટા, યોગેન્દ્રસિંહ જાડેજા નવાપરા, લાલભા વાળા ગધેથડ સહિતના વડીલો, આગેવાનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.

# લોધીકા: રવિવારે લીગલ અવેરનેશ કાર્યક્રમ

અબતક, રાજુ રામોલિયા, કાલાવડ

રાજકોટ તથા તાલુકા કાનૂની સેવા સમીતી, લોધીકા દ્વારા તા.૦૬/૦૪/૨૦૨૫ ના રોજ લોધીકા તાલુકાના ગામડાઓમાં ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ, અમવાદનાઓ દ્વારા મોબાઈલ લીગલ સર્વીસ વાન મારફતે લોકોને કાયદાકીય સલાહ તેમજ સહાય મળી રહે અને લીગલ સર્વીસીઝ ઓથોરીટી એક્ટ મુજબ મળવા પાત્ર સહાય તેમજ સલાહ અંગે લોકો માહીતગાર બને તે હેતુથી કલાક ૧૧:૩૦ કલાકે સાંગણવા ગામ ખાતે, ૦૨:૩૦ કલાકે ચીભડા ગામ ખાતે તેમજ ૦૪:૦૦ કલાકે મેટોડા ગામ ખાતે મોબાઈલ વાન દ્વારા લીગલ અવેરનેશ કાર્યક્રમ યોજવામા આવનાર છે. જે કાર્યક્રમમાં વધુમાં વધુ ગામના લોકો જોડાઈ અને કાયદાકીય માર્ગદર્શન મેળવે તેમજ વધુમાં વધુ લોકોને સરદહું કાર્યક્રમનો લાભ લેવા જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, રાજકોટ દ્વારા અનુરોધ કરવામા આવે છે.

# રાણા સાંગા પ્રત્યે અભદ્ર ટિપ્પણી કરનાર પર કાર્યવાહી કરવા રાજપૂત સમાજની માંગ



અબતક, રાજુ રામોલિયા, કાલાવડ

ભારતની રાજ્યસભામાં સમાજવાદી પાર્ટીના રાષ્ટ્રીય સચિવ તથા રાજ્યસભાના સાંસદ રામજીલાલ સુમન દ્વારા વીર શિરોમણી રાણા સાંગા (સંગ્રામસિંહજી) ના સંદર્ભે અભદ્ર ટિપ્પણી કરી ગદ્દાર જેવા શબ્દોનો ઉપયોગ પ્રયોગ કરેલ છે અને સત્યથી વેગળી અને પાયાવિહોણી હોય તેમજ આ રાજ્યસભાના સાંસદ દ્વારા રાજ્યસભાની ગરીમાને લાંછન લગાડેલ છે, આ કારણે સમગ્ર હિન્દુ સમાજ તેમજ રાજપુત સમાજનું અપમાન કરેલ છે, જે અત્યંત દુ:ખદાયક છે. સદર અભદ્ર ટિપ્પણીને સમગ્ર હિન્દુ સમાજ તેમજ રાજપુત સમાજ વખોડી કાઢે છે, અને સરકાર દ્વારા સમાજવાદી પાર્ટીના રાષ્ટ્રીય મહા સચિવ રામજીલાલ સુમન દ્વારા રાણા સાંગા વિશે કરેલ અભદ્ર ટિપ્પણી બાબતે કાયદેસરની કાર્યવાહી કરવી જોઈએ અને આવા રાજકીય નેતાઓ દેશના નાગરીકો જ્યારે ભાઈચારાથી રહેતા હોય ત્યારે આવા સત્તાના ભૂખ્યા રાજકીય આગેવાનો દ્વારા સરકારએ આવા નેતાઓ સામે કાર્યવાહી કરી અને સસ્પેન્ડ કરવા જોઈએ. જેથી ભવિષ્યમાં આવા રાજકીય આગેવાનો દ્વારા આવી અભદ્ર ટિપ્પણીઓ કરતાં અટકાવી શકાય તેવી રાજપૂત કરણી સેના તથા રાજપૂત સમાજએ માંગ કરવામાં આવી છે.

# ભાચાદરથી રાજુલા સુધી નવો રોડ બનતા ખેડુતોમાં ખુશીનો માહોલ



અબતક, ચેતન વ્યાસ, રાજુલા

ભાચાદરથી રાજુલા સુધીનો નવો રોડ બનાવવામાં આવ્યો છે. પરંતુ ત્યાંથી આગળનો રોડનું કામ અધુરો મુકવામાં આવ્યો હતો. તે રોડને કામ શરૂ થતાં ખેડૂતોમાં ખુશી લહેર આવી છે. ભાચાદરથી રાજુલા રોડનો પ્રશ્ન નિરાકરણ કરવામાં આવ્યું છે.

સરપંચ તેમજ ઉપસરપંચ તેમજ માજી ઉપ સરપંચ શિવાભાઈ તેમજ ખેડૂતો સાથે રહી કામગીરીના ઉપસ્થિત રહ્યા હતા.

# ધ્રોલ: સ્વ. ભાવજીભાઈ ચનિયારાની પુણ્યતિથિ નિમિતે રકતદાન કેમ્પમાં ૬૦ બોટલ રકત એકત્રિત





અબતક, સંજય ડાંગર, ધ્રોલ

ધ્રોલ પટેલ સમાજ ખાતે પૂર્વ પ્રમુખ ઉમિયા પરિવાર સમિતિ જામનગર ઝોન ૨ સ્વ ભાવજીભાઈ કલાભાઈ ચનિયારા ની ૧૨ મી પુણ્યતિથિ નિમિત્તે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ બ્લડ ડોનેશન કેમ્પમાં ૬૦ બોટલ રક્તદાન થયું હતું આ કાર્યક્રમ ભાવજીભાઈ કલાભાઈ ચનિયારા ના પુત્ર ધ્રોલ શહેર ભાજપ મહામંત્રી હિતેશભાઈ ચનિયારા દ્વારા કરવામાં આવ્યું હતું

# એસ.ટી.ના ભાવ વધારો ખેંચવા પૂર્વ સરપંચ નારણભાઈ આહિરની માંગ



અબતક, કિરિટ રાણપરિયા, ઉપલેટા

ગુજરાત એસટી વિભાગે દોઢ વર્ષ પહેલા ભાડામાં ૨૫% ભાડું વધારે કરવામાં આવ્યું હતું ત્યારે બે દિવસ પહેલા એસટીમાં ૧૦% વધારો કરવામાં આવેલ છે આજે રાજ્યમાં કોઈ પણ વિરોધ પક્ષ આનો વિરોધ કરતું નથી ત્યારે ભાડા વધારા કરતા રહે છે ત્યારે આ બાબતે ઉપલેટા તાલુકાના ગઢાળા ગામમાં પૂર્વ સરપંચ નારણભાઈ આહિરે નિવેદન કરીને જણાવેલ છે આજે એસ.ટી.એ ભાડા ઘટાડવા જોઈએ તેને બદલે ભાડા વધારેલ છે આજે પ્રાઈવેટ વાહન ની અંદર એસટી કરતા ભાડા ઓછા હોય છે ત્યારે એસ.ટી કેમ દિવસે ભાડા વધારતા જાય છે વધુમાં નારણભાઈ આહિરે જણાવેલ છે આજે ધારાસભ્યો પ્રધાનો તેમને મોંઘવારી દર વર્ષે વધારવામાં આવે તેમને મોંઘવારી વધારવાની કોઈ જરૂર નથી પરંતુ તેમના તમામ જે મોંઘવારી વધારેલ છે તે બિલકુલ ઘટાડી અને એસટી ભાડામાં ભાડા ઘટાડવા જોઈએ. એસટી તંત્ર બિલકુલ ખાડે ગયો છે. આ ભાડું વધારો પાછો ખેંચવા નારણભાઈ આહિરે માંગણી કરેલ છે.

# વિસાવદર: 'ટીબી મુક્ત ભારત' અભિયાનમાં ફાર્માસિસ્ટ નિશીબેનની ઉમદા કામગીરી

## કલેક્ટરના હસ્તે શિલ્ડ મેળવી જોશી પરિવારનું ગૌરવ વધાર્યું



અબતક, ગીજુભાઈ વિકમા, વિસાવદર

વિસાવદરના સાઠોદરા નાગર પરિવારમાં જન્મેલી દીકરીને ગીરસોમનાથ કલેકટર દ્વારા ટી.બી.મુકત ભારત અંગેની સરાહનીય કામગીરી કરેલ હતી.

આ અંગેની વિગત એવા પ્રકારની છે કે, વિસાવદરના સાઠોદરા નાગર પરિવારના અને હાલ તાલાળા ખાતે દિપક મેડિકલ એજન્સી ધરાવતા દીપકભાઈ દિલીપભાઈ જોશી તથા માતા રેખાબેનની લાડકવાયી દીકરી તથા જોશી પરિવારમાં જન્મેલી દીકરી નિશિબેન નાનપણ માથી જ ખૂબ હોંશિયાર હતી. તેઓ નાનપણ થીજ પિતાના વ્યવસાય તરફ ખુબજ લગાવ હતો અને તેમના બન્ને કાકાઓ તથા પિતા મેડિકલ લાઈનમાં હોય તેઓએ પણ ખુબજ મહેનત કરી ફાર્માસિસ્ટ ની ડીગ્રી મેળવેલ હતી અને હાલ ગીર સોમનાથ જિલ્લામાં વેરાવળ ખાતે સિવિલ હોસ્પિટલમાં ફાર્માસિસ્ટ તરીકે ફરજ બજાવતી નિશિબેન ને તાજેતરમાં ટી.બી.મુક્ત ભારત અંગેની ખુબજ સરાહનીય કામગીરી કરતા જિલ્લા કલેકટર ના હસ્તે શિલ્ડ આપી તેમનું સન્માન કરાતા તેમને તથા તેમના પિતાને વિવિધ વર્ગ તરફથી અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ છે.

# ઉપલેટા: ગુજરાત સોરઠીયા ઘાંચી સમાજનું ગૌરવ વધારતો સોહિલ ગોગદા

## સમસ્ત ઘાંચી સમાજના આગેવાનોએ સાહિલને શુભેચ્છા પાઠવી



અબતક, કીરીટ રાણપરીયા, ઉપલેટા

સમગ્ર ગુજરાતમાં સમાજ લેવલે નાની સંખ્યા ધરાવતો ઘાંચી સમાજના યુવાને એમ.બી.બી. એસ. ની પરીક્ષા પાસ કરી ગુજરાત ઘાંચી સમાજનું ગૌરવ વધારતા સોહિલ ઉપર ઠેર ઠેરથી શુભેચ્છાઓ વરસી રહી છે.

ઘાંચી સમાજમાં માન ભર્યુ સ્થાન ધરાવતા બચુભાઈ જુસબભાઈ ગૌદરા પરિવાર શિક્ષિત હોવાથી તેઓના બન્ને ભાઈઓ અમદાવાદમાં વકીલાત કરે છે. જયારે તેમની દિકરી અમેરિકામાં સ્થાયી છે. તેમનો પુત્ર સોહિલે તાજેતરમાં લેવાયેલી એમ.બી.બી. એસ.ની પરીક્ષામાં ઉતિર્ણ થતા સેલવાસ ઘાંચી સમાજના અગ્રણી હાજી યુનુસભાઈ ઘાંચી, વાપીના પ્રમુખ ફારુકભાઈ સોલંકી, અમદાવાદ ના યુવા ટીમના ગુલુભાઈ પાઠક રાધનપુરના ઈરસનભાઈ લોખંડવાલા, સુરેન્દ્રનગરના યુસુફભાઈ મેતર, આણંદના આસીફભાઈ, ઉપલેટાના હારુનભાઈ માલવિયા, બિલખાના રજાકભાઈ ચોટલીયા, રાજકોટના આશીફભાઈ આગવાન, પાલીતાણાના યુનુસભાઈ મઠવાના હસમતભાઈ કાબલીયા, અમરેલીના નાનુભાઈ બિલખીયા સહીત સમગ્ર ગુજરાત સૌરાષ્ટ્રમાંથી અવાકારી સોહિલને શુભેચ્છા પાઠવી હતી.

# ચોટીલા: વિચરતી વિમુકત જાતિના પરિવારોને પોતાના સપનાનું ઘર કયારે મળશે?

## સતત ૫ વર્ષથી ઘર માટે પ્લોટની માંગણી: ડે. કલેકટરને આવેદન પાઠવી પુન: કરી રજુઆત



અબતક, રણજીતસિંહ ધાધલ, ચોટીલા

ચોટીલા શહેરમાં વર્ષોથી રહેતા વિચરતી અને વિમુખ જાતિના સરાણિયા સમાજના પરિવારો જાત મજૂરી કરી પોતાનું ગુજરાન ચલાવે છે આજથી અંદાજ પાંચ સાત વર્ષ પહેલા પોતાના માટે સરકારની યોજના માટે ઘરની પ્લોટની માંગણી કરેલ

જે અનુસંધાને ૨૦૧૯ માં કલેક્ટર દ્વારા હુકમ પણ થઈ ગયેલ હોય ચોટીલા તાલુકાના નાવા ગામ પાસે સરકાર દ્વારા કબજા પાવતી પણ આપવામાં આવી હોય પરંતુ આજ દિન સુધી તડકો વરસાદ વિગેરે સમસ્યાથી નાના બાળકોનું જોખમ પારાવર મુશ્કેલીઓ જ્યારે ભોગવી રહ્યા છે ત્યારે ચોટીલા ડેપ્યુટી કલેકટર મકવાણાબને આ તમામ પરિવાર સાથે ન્યાય માટે તેમને પોતાના ફાળવેલા પ્લોટો કબજો અને સનત મળે જે માટે આજ રોજ આવેદન નગરપાલિકા પૂર્વ ઉપપ્રમુખ ગૌરક્ષક હરેશભાઈ ચૌહાણની આગેવાની માં ચોટીલા ડેપ્યુટી કલેકટર મકવાણાને વિચરતી જાતિના પરિવારો સાથે પ્રાણ પ્રશ્નો માટે આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

## રાજ્યમાં મોટા પાયે દારૂનો જથ્થો ઘુસાડનાર

# કુખ્યાત અનિલ જાટ ગેંગના સભ્ય તૌફીક નજીર ખાનની ધરપકડ


### દુબઈ નાસી ગયેલ આરોપી વિરુદ્ધ લુક આઉટ અને ઈન્ટરપોલ રેડ નોટીસ ઈસ્યુ કરાઈ'તીઃ યુએઈએ ડિપોર્ટ કરતાની સાથે જ કોચી એરપોર્ટ પરથી અટકાયતમાં લેવાયો

**અબતક,રાજકોટ**

સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા કુખ્યાત બુટલેગર અનિલ જાટ ગેંગના સભ્ય તૌફીક નઝિર ખાનની ધરપકડ કરવામાં આવી છે. દુબઈ નાસી ગયેલ તૌફીક વિરુદ્ધ લુકઆઉટ નોટીસ અને ઈન્ટરપોલ રેડ નોટીસ ઈસ્યુ કરીને દુબઈ ખાતેથી ભારત ડિપોર્ટ કરાવીને એસએમસી દ્વારા કેરેલા ખાતેથી અટકાયતમાં લેવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં મોટાપાયે દારૂ ઘુસાડવાના કાવતરામાં અનિલ જાટ અને તૌફીક નઝિર શામેલ હતા.

સ્ટેટ મોનીટરીંગ સેલે રાજ્યમાં અનેક ગુન્હાઓમાં વોન્ટેડ આરોપીને પકડી પાડયો છે. સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા મહેસાણા જિલ્લાના બાવલુ પોલીસ સ્ટેશન ખાતે ગત તા.૦૩/૦૩/૨૦૨૪ના રોજ દાખલ કરાવેલ પ્રોહીબિશન ગુન્હાની તપાસ કરતા આરોપી તૌફીક, રહે.ચુર, રાજસ્થાન વાળો પાસપોર્ટના આધારે દુબઈ નાશી ગયાનું સામે આવ્યું હતું. જેને આધારે ઈમીગ્રેશન ડીપાર્ટમેન્ટ મારફતે લુક આઉટ સર્ક્યુલર અને ઈન્ટરપોલ દ્વારા રેડ નોટીસ ઈસ્યુ કરાવવામાં આવી હતી. જેને આધારે આરોપી દુબઈ ખાતે લોકેટ થયેલ હોવાની ઈન્ટરપોલ, ન્યુ દિલ્હીથી માહિતી મળતાં તેની પ્રોવીઝનલ એરેસ્ટ રીક્વેસ્ટ દરખાસ્ત કેન્દ્રીય ગૃહ વિભાગ ખાતે મોકલી આપવામાં આવી હતી. જેને આધારે આરોપીને યુનાઈટેડ અરબ એમીરેટ્સ(યુએઈ) દ્વારા તા.૦૨/૦૪/૨૦૨૫ના રોજ ભારત ખાતે ડિપોર્ટ કરવામાં આવ્યો છે. જેની જાણ સ્ટેટ મોનીટરીંગ સેલને કરાતા સ્ટેટ મોનીટરીંગ સેલની એક ટીમને કોચી, કેરલા ખાતે મોકલી આરોપીને કોચી ઈન્ટરનેશન એરપોર્ટ, કેરલાથી ડીટેઈન કરી પ્રોહીબિશન ગુનામાં ધોરણસર ધરપકડ કરવાની કાર્યવાહી કરાઈ હતી.

મળતી માહિતી અનુસાર રાજ્ય પોલીસ વડા વિકાસ સહાય, સ્ટેટ મોનીટરીંગ સેલના વડા નિર્લિપ્ત રાય અને એસએમસીના નાયબ અધિક્ષક કે.ટી.કામરીયાના સીધા માર્ગદર્શન હેઠળ સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા મહેસાણા જિલ્લાના બાવલુ પોલીસ સ્ટેશન ખાતે તા.૦૩/૦૩/૨૦૨૪ના રોજ પ્રોહીબિશન એક્ટ હેઠળ ગુનો નોંધાવવામાં આવ્યો હતો. જે દરોડામાં એસએમસીએ રૂ. ૩૭.૧૮ લાખની કિંમતની શરાબની ૧૮,૧૨૦ બોટલ ઝડપી પાડી હતી. જે ગુનામાં દારૂનો જથ્થો મોકલનાર મુખ્ય આરોપી તૌફીક, રહે.ચુર, રાજસ્થાન અંગે તપાસ કરતા તે ભારતીય પાસપોર્ટના આધારે વિદેશ ભાગી ગયેલ હોવાનું તપાસ દરમ્યાન સામે આવ્યું હતું. જે પાસપોર્ટ નંબરની ટ્રાવેલ હિસ્ટ્રી ઈમીગ્રેશન વિભાગ પાસેથી મેળવવામાં આવી હતી. જેમાં આરોપી પાસપોર્ટ નંબર આધારે ફ્લાઈટ નં-આઈએક્સ-૧૯૫ થી દુબઈ ખાતે ભાગી ગયેલ હોવાની માહિતી મળતાં, ઈમીગ્રેશન ડીપાર્ટમેન્ટ, ગૃહ મંત્રાલય મારફતે લુક આઉટ સર્ક્યુલર અને ઈન્ટરપોલ દ્વારા રેડ નોટીસ ઈસ્યુ કરાવવામાં આવી હતી.



આરોપી દુબઈ ખાતે લોકેટ થયેલ હોવાની ઈન્ટરપોલ, ન્યુ દિલ્હીથી માહિતી મળતાં તેની પ્રોવીઝનલ એરેસ્ટ રીક્વેસ્ટ દરખાસ્ત કેન્દ્રીય ગૃહ વિભાગ ખાતે મોકલી આપવામાં આવી હતી. જે સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા ઈસ્યુ કરાવેલ રેડ નોટીસ અને પ્રોવીઝનલ એરેસ્ટ રીક્વેસ્ટ દરખાસ્ત આધારે આરોપી તૌફીક નઝીર ખાનને યુનાઈટેડ અરબ એમીરેટ્સ દ્વારા તા.૦૨/૦૪/૨૦૨૫ના રોજ ડિપોર્ટ કરવામાં આવ્યો છે. જે અંગે સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટીગેશન, ન્યુ દિલ્હી દ્વારા સ્ટેટ મોનીટરીંગ સેલને જાણ કરવામાં આવતાં સ્ટેટ મોનીટરીંગ સેલની એક ટીમને કોચી, કેરલા ખાતે મોકલી આપી હતી. જે ટીમ દ્વારા આરોપીને કોચી ઈન્ટરનેશન એરપોર્ટ, કેરલાથી ડીટેઈન કરી સ્ટેટ મોનીટરીંગ સેલની કચેરી ખાતે લાવી ગુનામાં ધોરણસર ધરપકડ કરવાની કાર્યવાહી કરાઈ હતી.

રાજસ્થાનમાં મર્ડર, ખંડણી, આર્મ્સ એક્ટ, સરકારી કર્મચારી પર હુમલો, આબકારી અધિનિયમ તથા શરીર સબંધી અન્ય ગુનાઓ આચરનાર મોટો ગેંગસ્ટર અને રાજસ્થાન રાજ્યમાંથી ગેરકાયદેસર રીતે મોટા પ્રમાણમાં દારૂનો જથ્થો ગુજરાત રાજ્યમાં સપ્લાય કરનાર હિસ્ટ્રીશીટર અને બુટલેગર અનિલ ઉર્ફે અનિલ પાંડયા જગદીશપ્રસાદ જાટ (રહે.રૂપનગર, ફતેહપુર, સીકર, રાજસ્થાન) જેની વિરૂધ્ધ રાજસ્થાન રાજ્યમાં વિવિધ હેડ હેઠળના કુલ-૩૯ થી વધુ ગુનાઓ અને ગુજરાત રાજ્યમાં પ્રોહીબીશન ધારા હેઠળના ૧૦ થી વધુ ગુનાઓ નોંધાયેલા છે. તેની ગેંગનો આરોપી તૌફીક નઝીર ખાન સભ્ય છે અને ગેંગસ્ટર અનિલ પંડ્યા આરોપી તૌફિક નઝીર ખાન મારફતે હાલમાં સક્રિયપણે ગુજરાત રાજ્યમાં ગેરકાયદેસર રીતે મોટા પ્રમાણમાં દારૂના જથ્થાની સપ્લાય કરી તેમાંથી આર્થિક ફાયદો મેળવી રહ્યો છે. આરોપી ગુજરાત રાજ્યના અન્ય ગુનાઓમાં છેલ્લા દોઢેક વર્ષથી નાસતો-ફરતો હતો.

# ઉપલેટાઃ વગર ભાડે વાપરવા આપેલી મિલકતનો કબ્જો પરત અપાવતી કોર્ટ

### મિત્રતાનાં નાતે આપેલું મકાનનો મિત્રએ ધરારીથી કબ્જો કરી લેતા પરિવાર કોર્ટમાં દાદ માંગી તી

**અબતક, રમણીક ભાઈ ટોપીયા, ધોરાજી**

સને-૨૦૦૭ અરશામાં ગુજરનાર માધવજીભાઈ બગડાએ પોતાનાં મકાન તેમનાં મિત્ર કાંતિલાલ દેશાભાઈ મકવાણાને વગર ભાડે વાપરવા આપેલ અને માધવજીભાઈનું અવસાન થયા બાદ મિત્ર કાંતિલાલે મકાનનો ધરારીથી કબ્જો કરી લેતા ગુજરનાર માધવજીભાઈની વિધવા વિજયાબેન અને સંતાનોએ કોર્ટમાં મકાનનો ખાલી કબ્જો મળવા દાવો દાખલ કરેલ અને ઉપલેટા કોર્ટે ગુજરનાર માધવજીભાઈ બગડાની વિધવા અને બાળકોની તરફેણમાં ચુકાદો આપી મકાનનો ખાલી કબ્જો અપાવ્યો.

આ દાવાની ટુંકમાં હકીકત એવી છે કે, સને-૨૦૦૭ નાં અરશામાં માધવજીભાઈએ પોતાનાં મિત્ર કાંતિલાલ દેશાભાઈ મકવાણા તથા તેમની પત્નિ લાભુબેન કાંતિલાલ મકવાણા તથા તેમની માતા દેવુબેન દેશાભાઈ મકવાણાને વગર ભાડે માધવજીભાઈએ પોતાનાં મકાનમાં ઉપરનાં માળે રૂમ, રસોડુ, ઓશરી તથા સંડાસ બાથરૂમ વિગેરે થોડા સમય માટે વાપરવા માટે આપેલ. બાદ તાઃ ૧૦/૦૬/૨૦૦૭ નાં રોજ માધવજીભાઈ બગડાનું અવશાન થયું હતું. ત્યારે ગુજરનાર માધવજીભાઈ બવગડાની વિધવા અને સંતાનોએ કાંતિલાલ મકવાણાનાં પરિવારને મકાનમાં થોડો સમય રહેવા દીધેલ અને બાદમાં મકાન ખાલી કરવાનું કહેતા કાંતિલાલ મકવાણા અને તેનાં પરિવારે મકાન વેચાતુ લીધેલ છે તેવી તકરાર લઈને મકાનનો કબ્જો કરી લીધેલો બાદમાં ગુજરનાર માધવજીભાઈની વિધવા વિજયાબેન માધવજીભાઈ બગડા તથા તેનાં સંતાનોએ મકાનનો ખાલી કબ્જો મળવા દાવો દાખલ કરેલ પ્રથમ કાંતિલાલે ગુજરનાર માધવજીભાઈ બગડા પાસેથી મકાન રૂા. ૩૦૦/- અને બાદમાં રૂા. ૮૦૦/- નાં માસીક ભાડેથી મકાન રાખેલ અને બાદમાં મકાન વેચાતું લઈ લીધેલ તેવી તકરાર કોર્ટમાં લીધેલી અને કેશમાં પુરાવો નોંધાયા બાદ ક્રાંતિલાલ અને તેનાં પરિવારે રજુ રાખેલું સાક્ષીઓની વિસ્તૃત ઉલટ તપાસ કરેલ. પુરાવાઓનાં અંતે વાદી વિજયાબેન માધવજીભાઈ બગડા તથા તેનાં સંતાનો તરફે એડવોકેટ સંજયકુમાર પી. વાઢેરએ વિસ્તૃત દલીલ કરેલ અને અલગ અલગ હાઈકોર્ટ તેમજ સુપ્રિમ કોર્ટનાં ચુકાદાઓ રજુ રાખેલ અને દલીલોનાં અંતે ઉપલેટાનાં એડિશ્નલ સિવિલ જજ કુમારી ડી.વાય.પટેલે તાઃ૨૯/ ૩/ ૨૦૨૫ નાં રોજ કાંતિલાલનાં પરિવારે બે મહીનામાં મકાનનો ખાલી કબ્જો વિજયાબેનને સોંપી આપવા હુકમ ફરમાવેલ છે.

આ કામમાં વાદીઓનાં એડવોકેટ આર.એસ.પટેલ તથા સી.એસ.પટેલ તથા એડવોકેટ શ્રી સંજયકુમાર પી. વાઢેર રોકાયેલ હતા.

# મુળીઃ વગડીયા ગામે દારૂ પીવાની ના પાડતા યુવક પર હુમલો

### ભોગ બનનારે જાનથી મારી નાખવાની ધમકી અંગે ફરિયાદ નોંધાવી

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

મુળી તાલુકાના વગડીયા ગામે દારૂ પીવાની ના પાડવા બાબતનું મનદુઃખ રાખી એક શખ્સને પગે તેમજ માથાના ભાગે છરીના ઘા ઝીંકી ઈજાઓ પહોંચાડ્યાની તેમજ જાનથી મારી નાંખવાની ધમકી અંગે ભોગ બનનાર શખ્સે મુળી પોલીસ મથકે એક વ્યક્તિ સામે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથધરી છે.

આ અંગે પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ મુળીના વગડીયા ગામે રેતા ફરિયાદી જીગ્નેશભાઈ અમીરભાઈ ફીસડીયા રાત્રીના સમયે ઘરે હાજર હતા તે દરમ્યાન ગામમાં જ રહેતા કિશનભાઈ વિનાભાઈ મારૂણીયાએ ફરિયાદીના ઘરના ધાબા પર આવી ફરિયાદીને માથામાં તેમજ પેટના ભાગે અને પગે છરીનો ઘા ઝીંકી ઈજાઓ પહોંચાડી હતી અને ગાળો આપી જાનથી મારી નાંખવાની ધમકી પણ આપી હતી જે અંગે ભોગ બનનાર ફરિયાદીએ કિશનભાઈ વિનાભાઈ મારૂણીયા રહે. વગડીયાવાળા સામે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. જ્યારે પ્રાથમિક તપાસમાં કિશનભાઈ દારૂ પીવાની ટેવવાળો હોવાથી ફરિયાદી તેને દારૂ પીવાની ના પાડતા હતા જે કિશનભાઈને ગમતું નહિં હોવાથી તે બાબતનું મનદુઃખ રાખી ફરિયાદીને છરીના ઘા જીક્યા હોવાનું બહાર આવ્યું હતું.

# ધ્રાંગધ્રાના વિરેન્દ્રગઢ જેસડા ગામની સીમમાં આગ ભભૂકી



### નગરપાલિકાની ફાયરની ટીમ દ્વારા પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા તાલુકાના વિરેન્દ્રગઢ જેસડા ગામે જવાના રસ્તે વાડીમા ભરબપોરે સુખદેવભાઈ અમરશીભાઈ ની વાડીની બાજુમાં અગમ્ય કારણોસર આગ લાગતા અફડા તફડી મચી ગઈ હતી ત્યારે અચાનક ખેતરમાં આગ લાગતા ખેડૂત પરિવાર ચિંતામાં મુકાયો હતો અને અફડા તફડી મચી ગઈ હતી જેમાં ધ્રાંગધ્રા નગરપાલિકા ફાયર ટીમ ઘટના સ્થળે પહોંચી આગ પર કાબુ મેળવ્યો હતો. ધ્રાંગધ્રા તાલુકાના વિરેન્દ્રગઢ જેસડા ગામની સીમમાં આવેલા ખેતરમાં અગમ્યો કારણસર આજુબાજુના ખેતરોમાં આગ લાગતા જોત જોતામાં ખેતરમાં અગ્નિનું ભયકર સ્વરૂપ ધારણ બળીને ખાખ થઈ ગયો હતું ત્યારે ખેડૂત પરિવાર સુખદેવભાઈ અમરશીભાઈ સાથે આજુબાજુના લોકો દોડી આવી ટ્રેક્ટર અને પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવવાના પ્રયત્નો હાથ ધર્યા હતા જેમાં ધ્રાંગધ્રા નગરપાલિકા ફાયર ટીમ ને જાણ કરાતા ઘટના સ્થળે પહોંચી ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો જેમાં જેમાં સદ નસીબે મોટી જાનહાની થતા તળી હતી.

# ગાંધીધામઃ બિહારી બાબુ બની પાંચ વર્ષથી એન.ડી.પી.એસના ગુનામાં વોન્ટેડ બિહારથી ઝડપાયો



**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

મહાનિરીક્ષક સરહદી રેન્જ, ભુજ તથા પૂર્વ કચ્છ પોલીસ અધિક્ષક સાગર બાગમારની સુચના અન્વયે તેમજ નાયબ પોલીસ અધિક્ષક મુકેશ ચૌધરી તરફથી જિલ્લા તથા રાજ્ય બહાર નાસતા ફરતા આરોપી પકડી પાડવા આપેલ સુચના અને માર્ગદર્શન હેઠળ કંડલા મરીન પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર એ.એમ.વાળાના નેતૃત્વ હેઠળ નાસતા ફરતા આરોપી પકડવા સારુ કંડલા મરીન પોલીસ સ્ટાફના માણસોની અલગ ટીમો બનાવેલ. જેમાં હેડ કોન્સ્ટેબલ હરપાલદેવ રાણા, ઉદેસિંહ સોલંકી, પીસી કુલદિપ વ્યાસ, મહેન્દ્રસિંહ વાઘેલાને બિહાર ખાતે મોકલેલ.

જ્યાંથી ગાંધીધામ બી-ડીવીઝન પોલીસ સ્ટેશન ખાતે નોંધાયેલા એન.ડી.પી.એસ ગુનાના આરોપી પિન્ટુકુમાર શ્રીઅવધેશ મંડલ(રહે.નારાયણપુર નેવાદાસ ટોલા, થાના ઈસ્માઈલપુર, જિ.ભાગલપુર, રાજ્ય બિહાર)ને ટેકનીકલ એનાલીસીસ કરી તથા હ્યુમન ઈંટેલીજન્સ દ્વારા સતત વોચમાં રહી વેશપલટો કરી પકડી પાડેલ છે. આ કામગીરીમાં કંડલા મરીન પીઆઈ એ.એમ.વાળા તથા પોલીસ સ્ટેશનનો સ્ટાફ જોડાયો હતો.

# કાલાવડઃ શિશાંગ ગામે ખેડૂતના મોંમા આવેલો કોળિયો છીનવાયો

### શોર્ટ સર્કિટને લીધે ખેતરમાં લાગેલી આગને લીધે પાક બળીને ખાખ



**અબતક રાજુ રામોલીયા, કાલાવડ**

કાલાવડ તાલુકાના શિશાંગ ગામે આવેલ ભાગ્યરાજસિંહ વનરાજસિંહ જાડેજાના ખેતરમાં ૧૦ વીઘાનું ઘઉંના પાકનું વાવેતર કરેલ હતું.જે ખેડૂત દ્વારા જણાવેલ હતું કે ઘઉંના ખેતર પર પીજીવીસીએલની બેદરકારી થી તાર માં શોર્ટ સર્કિટ ના કારણે ઘઉંમાં આગ લાગી છે અને આશરે પાંચ થી છ વીઘા જેટલું નુકસાન થયું હોય તેવું અનુમાન છે. તેવું શીશાંગ ગામના સરપંચ બળુભા એ જણાવ્યું છે. છેલ્લા એક અઠવાડિયા માં ખંઢેરા, પીપર, શીશાંગ સહિતના ખેતી વિસ્તાર માં કેમ શોર્ટ સર્કિટ થી આગ લાગે છે તેની પી જીવીસીએલ કેમ કાય ગંભીરતા લેતી નથી તેવા પ્રશ્નો ઉદભવે છે. અને ખેડૂતો ને વળતર આપવામાં આવે તેવી સરકાર સમક્ષ ખેડૂતો ની માંગણી ઉઠવા પામી છે.

# ગોંડલઃ બાંદરા ગામે નહાવા પડેલા પ્રૌઢનું ડુબી જવાથી મોત


**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

ગોંડલ તાલુકાનાં બાંદરા ગામે સાંજનાં સુમારે ગામની સીમ માં આવેલા ભાદર ડેમનાં ઓવારામાં ચાર મિત્રો ન્હાવા પડ્યા હતા. જેમાં એકનું ઉંડા પાણીમાં ખેચાઈને ડુબી જવાથી મોત નિપજ્યું હતુ. જ્યારે ત્રણ મિત્રોનો બચાવ થવા પામ્યો હતો.બનાવ નાં પગલે ઘટના સ્થળે પહોંચેલી ગોંડલ ફાયર બ્રિગેડ ની ટીમે મોડી રાત્રે મૃતદેહ શોધી કાઢી ગોંડલ સિવિલ હોસ્પિટલ ખસેડયો હતો.

પ્રાપ્ત વિગત મુજબ બાંદરા રહેતા મુળજીભાઈ ધુડાભાઈ મકવાણા ઉ.૪૭ સાંજે પાંચ નાં સુમારે અન્ય ત્રણ મિત્રો સાથે બાંદરા ગામની સીમ માં આવેલા ભાદર ડેમ નાં ઓવારા (કિનારે) ન્હાવા ગયા હતા.પણ પાણીમાં નહાવા ની મજા લઈ રહેલા મિત્રો ને ક્યાં ખબર નહોતી કે થોડી મીનીટો માં દુર્ઘટના સર્જાશે.

મુળજીભાઈ નહાતી વખતે પાણીમાં થોડાં આગળ નીકળી જતાં પાણીનાં ઉંડાણ માં ખેંચાઈ ડુબવા લાગ્યા હતા.અને પલભર માં લાપતા બન્યાં હતાં.આ દ્રશ્ય જોઈ ને બાકીનાં ત્રણ મિત્રો અવાચક બની ગયા હતા.પાણી ઉંડુ હોય કોઈ મદદ કરી શક્યાં ન હતાં.બનાવ ની જાણ ગામમાં થતા ગોંડલ ફાયર બ્રિગેડ ને જાણ કરાઈ હોય ફાયર નાં કિશોરભાઈ ગોહીલ સહિત નાં તરવૈયાઓ બાંદરા દોડી જઈ ભાદર નાં પાણીમાં મુળજીભાઈ ની શોધખોળ કરતા મોડીરાત્રે દોઢ કલાકે મૃતદેહ મળી આવતા પીએમ માટે ગોંડલ સિવિલ હોસ્પિટલ ખસેડાયો હતો. મુળજીભાઈ મજુરીકામ કરતા હતા. પરણીત હતા અને ત્રણ સંતાનો હોવાનુ પોલીસ સુત્રોએ જણાવ્યું હતું. બનાવ અંગે તાલુકા પોલીસ નાં રાહુલભાઈ બોરીચા તપાસ ચલાવી રહ્યા છે.

# અમરેલીઃ બુટલેગર પાસા હેઠળ જેલ હવાલે



**અબતક પ્રદીપ ઠાકર, અમરેલી**

અમરેલી જિલ્લા પોલીસ વડાએ આપેલી સૂચના અન્વયે અમરેલી એલ.સી.બી. પો.ઈન્સ. વી.એમ. કોલાદરાએ ગેરકાયદેસર પ્રોહીબિશનની પ્રવૃતિ કરતા ઈસમ શિલ્પેશ ઉર્ફે શિલ્પો બાલુભાઈ વાળા, ઉ.વ.૩૩, રહે. સાવરકુંડલા, કાપેલધાર વિસ્તાર, તા.સાવરકુંડલા, જિ.અમરેલી વાળા વિરૂધ્ધ પુરાવાઓ એકઠાં કરી, પાસા દરખાસ્ત તૈયાર કરી, પોલીસ અધિક્ષકશ્રી અમરેલીનાઓ મારફતે જિલ્લા મેજિસ્ટ્રેટ, અમરેલીનાઓ તરફ મોકલી આપેલ.આવા પ્રોહીબિશનની ગેરકાયદેસર પ્રવૃતિ કરતા ઈસમની સમાજ-વિરોધી પ્રવૃત્તિ પર અંકુશ લાવવાનું જરૂરી જણાતાં, અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટ અજય દહિયાએ બુટલેગર ઈસમ વિરૂધ્ધ પાસાનું વોરંટ ઈસ્યું કરતાં, અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાતની સુચના મુજબ અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. વી.એમ.કોલાદરા તથા એલ.સી.બી. ટીમ દ્વારા શિલ્પેશ ઉર્ફે શિલ્પો બાલુભાઈ વાળા ને પાસા વોરંટની બજવણી કરી, મધ્યસ્થ જેલ, અમદાવાદ ખાતે અટકાયતમાં રહેવા મોકલી આપેલ છે.

## ગેરકાયદે હથિયાર પરવાનો મેળવી લેવાનું કૌભાંડ

# સુરેન્દ્રનગર એસઓજીએ ૧૭ શખ્સો સામે આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધ્યો

### નાગાલેન્ડ અને મણીપુર રાજ્યમાંથી એજન્ટો મારફતે લાયસન્સ મેળવી હથિયારો ખરીદયા'તા

**અબતક ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**



સુરેન્દ્રનગર એસઓજી પોલીસે થોડા દિવસો પહેલા મણીપુર અને નાગાલેન્ડમાંથી શંકાસ્પદ રીતે. હથિયારના લાયસન્સ મેળવી હથિયાર ખરીદનાર ૨૧ શખ્સોને રાઉન્ડઅપ કર્યા હતા અને વધુ તપાસ હાથ ધરી હતી.જેમાં ૧૭ જેટલા શખ્સો પાસેથી અલગ-અલગ હથિયારો મળી આવ્યા હતા. જે મામલે પોલીસે તમામ શખ્સો વિરૂધ્ધ આર્મ્સ એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી છે.

આ અંગે પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ સુરેન્દ્રનગર એસઓજી પોલીસે બાતમીના આધારે ગુન્હાહિત પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલ શખ્સો જેમની પાસે હથિયાર છે તેવા શખ્સો વિરૂધ્ધ કાર્યવાહી હાથ ધરી હતી અને તપાસ દરમ્યાન એજન્ટો મારફતે મણીપુર અને નાગાલેન્ડ જેવા રાજ્યોમાંથી ઓલ ઈન્ડિયા પરમીટ ધરાવતા હથિયારના લાયસન્સ મેળવ્યા હોવાનું સામે આવ્યું હતું. જેમાં ટેકનીકલ અને હ્યુમન સોર્સની મદદથી જીલ્લાના કુલ ૨૧ શખ્સોને રાઉન્ડઅપ કર્યા હતા અને તે પૈકી ૧૭ જેટલા શખ્સોએ એજન્ટો મારફતે મણીપુર અને નાગાલેન્ડમાં થી હથિયારના લાયસન્સ મેળવ્યા હોવાનું સામે આવ્યું હતું અને તમામ ૧૭ શખ્સો પાસેથી ૫-પીસ્તોલ, ૧૨-રીવોલ્વર, ૮-બારબોર, ૨૧૬ કારટીસ સહિત ૨૫ હથિયારો કુલ કિંમત અંદાજે રૂા.૨૫,૨૧,૭૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. જેમાં મણીપુર અને નાગાલેન્ડ ખાતે રહેતા એજન્ટ મુકેશભાઈ (મુળ રહે. વાકાનેર), છોલાભાઈ વેલાભાઈ ભરવાડ (મુળ રહે.દરોડ, તા.ચુડા, હાલ રહે.સુરત) વિજયભાઈ ભરવાડ રહે.સુરત, અને સોકતઅલી રહે. હરીયાણા વાળા પાસેથી હથિયારના લાયસન્સ મેળવ્યા હોવાની કબુલાત કરી હતી. આથી હથિયાર ખરીદનાર શખ્સો સામે સુરેન્દ્રનગર બી-ડિવીઝન-૦૪, થાન-૦૩, મુળી-૦૪, નાની મોલડી-૦૧, સાયલા-૦૩, લીંબડી-૦૨ પોલીસ મથકમાં આર્મ્સ એક્ટ હેઠળ ગુન્હો નોંધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જે પૈકી ૧૩ શખ્સો ગુન્હાહિત ઈતિહાસ ધરાવે છે અને ૪ શખ્સો પાસેથી માત્ર લાયસન્સ જ મળી આવ્યા છે તેઓએ હથિયારની ખરીદી કરી નહોતી.



### બી-ડિવીઝન-૪, થાન-૦૩, મુળી-૦૪, નાની મોલડી-૦૧, સાયલા-૦૩ અને લીંબડી-૦૨ પોલીસ મથકે બે ગુન્હા નોંધાયાઃ ૧૭ પૈકી ૧૩ શખ્સોનો ગુનાહિત ઈતિહાસ

# ટ્રક અડફેટે મોટર સાયકલ સવાર બે મિત્રોનો જીવનદીપ બુઝાયો

## ટ્રકની ઓવર ટ્રેક કરતી વેળાએ સર્જાયો અકસ્માત: બન્નેના પરિવારમાં અરેરાટી

**અબતક, ઋષિ મહેતા**

મોરબી શહેરના જુના ઘુંટુ રોડ ઉપર કાળજું કંપાવતી અકસ્માતની ઘટનામાં ટ્રકની ઠોકરે મોટર સાયકલ સવાર બે આશાસ્પદ યુવકોના મૃત્યુ નિપજ્યા હતા, જેમાં ટ્રકનો ઓવરટેક કરતા મોટર સાયકલને ટ્રકે સાઈડમાંથી ટક્કર મારતા મોટર સાયકલ સવાર બન્ને મિત્રો નીચે પટકાયા હતા, ત્યારે મોટર સાયકલ ચાલક યુવકના માથા ઉપર ટ્રકના તોતિંગ વ્હીલનો જોટો ફરી વળતા તેનું સ્થળ ઉપર કમકમાટીભર્યું મોત નીપજ્યું જ્યારે બીજા યુવકના પગ ઉપર ટ્રકના ટાયરનો જોટો પસાર થઈ જતા તેનું રાજકોટ સરકારી હોસ્પિટલમાં ચાલુ સારવારમાં મૃત્યુ નીપજ્યું હતું,



પ્રાપ્ત વિગતો મુજબ, મોરબી-૨ ઈન્દિરાનગર મંગલમ વિસ્તારમાં રહેતા સાગરભાઈ મોમજીભાઈ પાટડીયા ઉવ.૨૦ એ બી ડિવિઝન પોલીસ મથકમાં ટ્રક રજી.નં. જીજે-૩૯-ટી-૬૯૩૮ના ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે ગઈ તા.૦૧/૦૪,ના રોજ સાંજના સાડા ચાર વાગ્યાના અરસામાં જુના ઘુંટુ રોડ કનૈયા પાન પાસે રોડ ઉપર આરોપીએ પોતાના હવાલા વાળો ટ્રક ગફલતભરી રીતે માણસોની જીંદગી જોખમાય તે રીતે ચલાવીને જતો હોય ત્યારે ફરિયાદીના ભાઈ સાવન તથા તેના મિત્ર યશને તેના મોટર સાયકલ રજી.નં. જીજે-૩૩-ઈ/૯૪૩૮ લઈને ઉપરોક્ત ટ્રકને ઓવરટેક કરવા જતી વખતે ટ્રક ચાલકે તેના મોટર સાયકલને હડફેટે લેતા મોટર સાયકલ ત્યાંજ પડી ગયેલ અને ટાયરનો જોટો સાવનભાઈના માથાના ભાગે ફેરવી જતા માથા પર તથા ચહેરા પર ગંભીર ઈજા પહોચતા સાવનનું સ્થળ પર મોત નીપજ્યું હતું. બીજીબાજુ સાવનનો મિત્ર યશને ડાબા પગમાં ટાયરનો જોટો ફરી જતા પગમાં ફ્રેકચર જેવી ગંભીર ઈજા તથા શરીરે છોલાયેલી ઈજા થતા યશને પ્રાથમીક સારવાર મોરબી સરકારી હોસ્પીટલ બાદ ખાનગી હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યો હતો જ્યાંથી વધુ સારવાર માટે રાજકોટ સરકારી હોસ્પીટલમાં દાખલ કરતા જ્યાં ચાલુ સારવાર દરમ્યાન યશનું પણ મૃત્યુ નીપજ્યું હતું. ત્યારે અકસ્માતના આ બનાવ અંગે બી ડિવિઝન પોલીસે ટ્રક ટ્રેઈલર ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસની તજવીજ હાથ ધરી છે.

# ટંકારા: ભાડાના ગોડાઉનમાંથી જુગાર કલબ પકડાય

## છ શખ્સોની ધરપકડ કરી રૂ. ૬.૯૩ લાખનો મુદામાલ કબ્જે કર્યો

**અબતક, ઋષિ મહેતા**



ટંકારા તાલુકાના લજાઈ ચોકડી નજીક નામ વગરના કારખાના (ગોડાઉન) ભાડે રાખી ચલાવવામાં આવતા જુગારના અખાડા ઉપર ટંકારા પોલીસ ટીમ દ્વારા દરોડો પાડતા સંચાલક સહિત ૬ જુગારીને આબાદ ઝડપી લેવામાં આવ્યા હતા, આ સાથે પોલીસે સ્થળ ઉપરથી રોકડા ૧.૬૩, મોબાઈલ, કાર સહિત ૬.૯૩લાખનો મુદ્દામાલ કબ્જે લઈ તમામ વિરુદ્ધ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ટંકારા પોલીસ મથકના સર્વેલન્સ ટીમ પેટ્રોલિંગમાં હોય એ દરમિયાન હેડ કોન્સ. જસપાલસિંહ જાડેજા, તથા કોન્સ. કૃષ્ણરાજસિંહ ઝાલાને ખાનગીરાહે બાતમી મળેલ કે, નરેશભાઈ ઈશ્વરભાઈ પટેલ રહે. મોરબી રામકો બંગ્લોઝ પાછળ વાળાએ, લજાઈ ચોકડી પાસે આવેલ વિશ્વા પોલીપેક નામના કારખાના સામે નામ વગરનુ કારખાનુ (ગોડાઉન) ભાડેથી રાખી તે ગોડાઉન (કારખાનામાં) બહારથી માણસો બોલાવી, ગંજીપતા વડે પૈસાની હારજીતનો તીન પતીનો જુગાર રમી રમાડી સાધન સગવડ પુરી પાડી તેની અવેજમાં પોતાના અંગત ફાયદા સારૂ નાલ ઉઘરાવી જુગારનો અખાડો ચલાવે છે. જે હકિકત આધારે ટંકારા પોલીસ ટીમ દ્વારા ઉપરોક્ત ભાડેના ગોડાઉનમાં રેઈડ કરવામાં આવી હતી, ત્યારે કારખાનામાં જુગાર રમતા નરેશભાઈ ઈશ્વરભાઈ ચાપાણી ઉવ.૪૪ રહે.મોરબી લીલાપર રોડ, ગજાનંદ સોસાયટી, ધનજીભાઈ ગોરધનભાઈ બરાસરા ઉવ.૬૯ રહે. મોરબી એસ.પી. રોડ, દેવ એપાર્ટમેન્ટ ફલેટ, પ્રભુભાઈ નરભેરામભાઈ દેત્રોજા ઉવ.૬૨ રહે. મોરબી એસ.પી. રોડ, આદીત્ય એપાર્ટમેન્ટ, મહાદેવભાઈ નરશીભાઈ રંગપરીયા ઉવ.૬૦ રહે.ધુનડા (સજનપર) તા.ટંકારા, વાઘજીભાઈ બચુભાઈ રંગપરીયા ઉવ.૫૧ રહે. નવાગામ (લખધીરનગર) તા.જી.મોરબી તથા અમૃતભાઈ પિતામ્બરભાઈ જીવાણી ઉવ.૬૨ રહે. મોરબી બાયપાસ શીવધારા એપાર્ટમેન્ટ વાળા એમ કુલ-૦૬ ઈસમો જુગાર રમતા હોય જેઓની પાસેથી રોકડ રૂ.૧,૬૩,૦૦૦/- તથા મોબાઈલ ફોન નંગ-૦૬ કી.રૂ. ૩૦,૦૦૦/- તથા કાર કી.રૂ.૫,૦૦,૦૦/- મળી કુલ કી.રૂ. ૬,૯૩,૦૦૦/- નો મુદામાલ મળી આવતા તમામ ઈસમો વિરૂધ્ધ જુગાર ધારાની કલમ મુજબ ટંકારા પોલીસ સ્ટેશનમાં ગુનો રજીસ્ટર કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# માળીયા: એસ.ટી.ના ભાડામાં વધારાને પરત ખેંચવા કોંગ્રેસ પ્રમુખ સંદીપ કાલરીયાની માંગ

## એસ.ટી. નિગમ દ્વારા ૧૦ ટકા ભાડા વધારો પરત લેવા વાહનવ્યવહાર મંત્રી હર્ષ સંઘવીને કરી

**અબતક, ઋષિ મહેતા**

ગુજરાત એસ.ટી. નિગમ દ્વારા ભાડામાં ૧૦% નો વધારો કરાતા ગરીબ અને મધ્યમ વર્ગના લોકો પર અસરો પડી રહી છે.

ત્યારે માળીયા(મી) તાલુકા કોંગ્રેસ પ્રમુખ સંદીપ કાલરીયા દ્વારા કરવામાં આવેલ લેખિત રજુઆતમાં જણાવ્યું કે તાજેતરમાં ગુજરાત એસ.ટી. નિગમ દ્વારા ભાડામાં ૧૦% નો વધારો કરવામાં આવેલ છે. મોરબી જીલ્લામાં હાલમાં ડ્રાઈવર તથા કન્ડકટરોની ઘટ છે. અનેક રૂટો પણ બંધ કરવામાં આવેલ છે. જેના કારણે વિદ્યાર્થીઓ તથા મુસાફરો જે તે સ્થળે સમયસર પહોંચી શકતા નથી અને ભારે હાલાકી ભોગવી રહેલ છે. હાલમાં ગુજરાતમાં મોંઘવારીએ માઝા મુકેલ છે. અનેક ઉધોગો પડી ભાંગવાના કારણે ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોને રોજીરોટી મેળવવી પણ મુશ્કેલ બની ગયેલ છે. તેમજ આ એસ.ટી. બસમાં મોટા પ્રમાણમાં ગરીબ તથા મધ્યમ વર્ગના લોકો જ મુસાફરી કરે છે નહીં કે કોઈ કરોડપતિ.

વધુમાં ગુજરાત એસ.ટી. નિગમ દ્વારા ૧૦% જેટલો ભાડામાં વધારો કરવાના કારણે ગરીબ તથા મધ્યમ વર્ગના લોકો ''પડયા પર પાટુ'' મારવામાં આવી રહેલ હોય તેવું અનુભવી રહયા છે. જેથી ગુજરાત એસ.ટી. નિગમ દ્વારા ભાડામાં જે ૧૦% નો વધારો કરવામાં આવેલ છે તે ગુજરાતની હાલની ગરીબ તથા મદયમ વર્ગના લોકોની પરિસ્થિતિને ધ્યાને લઈ પરત ખેંચવા તાત્કાલિક પગલાં લેવા વિનંતીસહ માંગ કરી છે.

# માળીયા(મી): મોટી બરાર ગામે જુગાર રમતા છ ઝડપાયા,એક ફરાર

**અબતક, ઋષિ મહેતા**

માળીયા(મી) તાલુકાના મોટી બરાર ગામે સુરાપુરા દાદાના મંદિર પાછળ જાહેરમાં ગંજીપત્તાના પાના વડે જુગારની મહેફિલ ઉપર માળીયા(મી) પોલીસ દ્વારા રેઈડ પાડવામાં આખી હતી ત્યારે રેઈડ દરમિયાન નાસભાગ મચી જવા પામતા જુગાર રમી રહેલા ૭ પૈકી એક ઈસમ ભાગી છૂટ્યો હસતો જ્યારે છ જુગારી પોલીસ ઝપટે ચડ્યા હતા, જેમાં કીશોરભાઈ મગનભાઈ ખંડોલા ઉવ.૩૪ રહે. મોટી બરાર, પ્રભાતભાઈ મેણંદભાઈ ડાંગર ઉવ ૬૧ રહે.જશાપર તા. માળીયા(મી), દેવદાનભાઈ નરસંગભાઈ કાનગડ ઉવ-૬૨ રહે. જશાપર, પરબતભાઈ ખીમાભાઈ ચાવડા ઉવ ૭૬ રહે.મોટીબરાર, એભલભાઈ ભવાનભાઈ ડાંગર ઉવ.૫૯ રહે. મોટીબરાર તથા ગોરધનભાઈ શામજી બોરીચા ઉવ.૬૪ રહે. મોટીબરાર વાળાને રોકડા ૬,૩૮૦/-સાથે પકડી લેવામાં આવ્યા હતા, જ્યારે એક આરોપી મહેશભાઈ ડાંગર રહે.મોટી બરાર ગામવાળો નાસી જતા, પોલીસે કુલ સાત આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી, નાસી ગયેલ આરોપીને પકડી લેવા તપાસ હાથ ધરી છે.

# આંગડિયા લૂંટ અને હત્યા કેસના આરોપીનો નિર્દોષ છુટકારો

## સેસન્સ કોર્ટ દ્વારા શંકાના લાભના આધારે આરોપીઓને નિર્દોષ છોડી મુકવાનો હુકમ કર્યો

**અબતક, ઋષિ મહેતા**

મોરબીના જૂના બસ સ્ટેશન પાસે આવેલી એન.આર. એન્ડ કંપની લૂંટ અને હત્યા કેસમાં સેસન્સ કોર્ટ દ્વારા આરોપીઓને નિર્દોષ જાહેર કરવામાં આવ્યા છે. જેમાં આરોપી પક્ષના વકીલની કાયદાકીય દલીલોમાં આરોપીઓની વિરુદ્ધ પૂરતા પુરાવા ન મળતા, અને સાક્ષીઓના નિવેદનોમાં વિરોધાભાસ હોવાથી, કોર્ટએ શંકાના લાભના આધારે આરોપીઓને છોડી મૂકવાનો ચુકાદો આપ્યો છે.



મોરબી સીટી એ ડીવીઝન પોલીસે ૨૩ ડિસેમ્બર ૨૦૧૪ના રોજ મોરબીના એન.આર. એન્ડ કંપની લૂંટ અને હત્યા કેસમાં ફરિયાદ નોંધી હતી. ફરિયાદ મુજબ, ફરીયાદીના પિતા, વલ્લભદાસ હિરાણી પર છરી વડે હુમલો કરી તેમનું મૃત્યુ નિપજાવ્યું હતું. આ લૂંટ દરમિયાન આશરે રૂ. ૪.૨૬ લાખ રોકડ અને ચાર મોબાઈલ ફોન ચોરી કરવામાં આવ્યા હતા. ત્યારે સીટી પોલીસે અજાણ્યા આરોપીઓ વિરુદ્ધ લૂંટ અને હત્યાની કલમો સાથે ગુનો નોંધી તપાસ ચલાવી કુલ પાંચ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી.

ઉપરોક્ત કેસમાં કોર્ટમાં સુનાવણી દરમિયાન, ફરીયાદી પક્ષે સાક્ષીઓ, ડોકટર, તપાસ અધિકારીઓ અને પંચના નિવેદનો રજૂ કર્યા હતા. ત્યારે આરોપી પક્ષના વકીલ દિલીપભાઈ અગેચાણીયા દ્વારા દલીલ કરી હતી કે ફરીયાદી પક્ષ પુરાવાઓ પ્રસ્તુત કરવામાં નિષ્ફળ ગયા છે તેમજ સાક્ષીઓના નિવેદનોમાં એકરૂપતા ન હોય તેમજ ઘટનાસ્થળ જાહેર રસ્તા પર હોવા છતાં, પોલીસ દ્વારા સીસીટીવી ફૂટેજ અથવા ઓળખ પરેડ કરવામાં આવી નહોતી. આ ઉપરાંત મરણજનારના સગાઓ અને અન્ય સાક્ષીઓએ ફરીયાદપક્ષના દાવાને સમર્થન આપ્યું નહોતું. આ તમામ દલીલોને ધ્યાને લઈ, નામદાર સેશન્સ કોર્ટે બચાવ પક્ષના વકીલ દિલીપભાઈ અગેચાણીયાની દલીલોને ગ્રાહ્ય રાખી મોરબી સેશન્સ કોર્ટે રાજેશભાઈ ઉર્ફે રાજુ પ્રભુભાઈ વડાવીયા અને દીના ઉર્ફે દીનેશ કનૈયાલાલ અહેરવાલને શંકાના લાભના આધારે નિર્દોષ જાહેર કરી છોડી મૂકવાનો ચુકાદો આપ્યો હતો.

આ કેસમાં બચાવ પક્ષ તરફથી વકીલ દિલીપભાઈ અગેચાણીયા, જીતેન અગેચાણીયા, કુલદીપ ઝીંઝુવાડીયા, રવી ચાવડા, આરતી પંચાસરા, કૃષ્ણા જારીયા અને મહેશ્વરી મકવાણા રોકાયેલ હતા.

# છેડતી મામલે સશસ્ત્ર મારામારી, સામસામી ફરિયાદ નોંધાઈ

## સાળીની છેડતીમાં સમજાવા ગયેલા બનેવીને છરીના ઘા ઝીંકયા

**અબતક, ઋષિ મહેતા**

મોરબીમાં વધુ એક છેડતીના બનાવમાં સશસ્ત્ર મારામારી મામલે સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં સામસામી ફરિયાદ નોંધાઈ છે, જેમાં શહેરના માધાપર વિસ્તારમાં સાળીની છેડતી કર્યા બાબતે બનેવી દ્વારા છેડતી કરનાર શખ્સોને સમજાવવા ગયેલ હોય ત્યારે ચાર આરોપીઓએ છરીના ઘા માર્યા હોય, જ્યારે સામાપક્ષ દ્વારા સામે જોવા બાબતનો ખાર રાખી ધોકા પાઈપ વડે હુમલો કરવામાં આવ્યા હોવાની સામી ફરિયાદ નોંધાવી હતી,

મોરબીના અંબિકા રોડ શેરી નં.૨ માં રહેતા અજયભાઈ હર્ષદભાઈ વરાણીયા ઉવ.૨૫ એ આરોપી અવિનાશ મનાભાઈ કાઠીયા, કપીલભાઈ કોળી રહે. સોમૈયા સોસાયટી, લાલી રમેશભાઈ પરેશા તથા યશ ભગાભાઈ સથવારા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી, જેમાં જણાવ્યા મુજબ, ગઈકાલ તા.૦૨/૦૪ ના રોજ ફરીયાદીની સાળીને આ કામનો આરોપી અવિનાશ દ્વારા છેડતી કરેલ હોય તે બાબતે ફરિયાદી અજયભાઈ આરોપીને સમજાવતા હતા ત્યારે આરોપી કપીલે છરી કાઢી તે વખતે અન્ય તમામ આરોપીઓએ અજયભાઈના હાથ-પગ પકડી રાખ્યા હોય અને આરોપી કપીલે ફરિયાદીના થાપાના ભાગે તથા જમણા હાથના પોહચામાં છરીના ઘા મારેલ ત્યારે ફરિયાદીના માતા છોડાવવા જતા આરોપી અવિનાશે તમને પગમાં ધોકો મારી એક બીજાની મદદ ગારી કરી ગુનો કર્યો હોય જે મુજબની ફરિયાદ નોંધાવી હતી. જ્યારે સામા પક્ષે મોરબી વાબડી રોડ રેવા પાર્ક સોસાયટી શેરી નં.૩ માં રહેતા કલ્પેશભાઈ ધીરુભાઈ દેગામા ઉવ.૨૩ એ ત્રણ આરોપીઓ વિરુધ્ધ ફરિયાદ નોંધાવી જેમાં આરોપી જય મુકેસભાઈ પાટડીયા રહે.સોમેયા સોસાયટી મોરબી, અજયભાઈ હકાભાઈ વરાણીયા તથા વિજય હકાભાઈ વરાણીયા રહે.બન્ને. માધાપર અંબીકા શેરી મોરબીવાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે ફરિયાદી કલ્પેશભાઈ તથા તેના મિત્રો માધાપર શેરી નં.૩ માં રઘાભાઈની ઈસ્ત્રીની દુકાને હતા એ દરમિયાન આ કામના આરોપી જય પાટડીયા એ ફરિયાદીની સામે કાતર મારી જોતા ફરિયાદીએ તેને ટોકતા આરોપી ઉશ્કેરાઈ જતા તેને ગાળો આપી જતો રહેલ બાદમાં ઉપરોક્ત ત્રણેય આરોપીઓ પરત આવી ફરીયાદી સાથે ઝઘડો કરવા લાગેલ અને આરોપી અજયે ફરીયાદીને ધોકા વડે માથામા ઘા કરેલ બાદ સાહેદ રાહુલ વચ્ચે પડતા આ કામના આરોપી વિજયે રાહુલને જાપટ મારી તેના હાથમા રહેલ પાઈપ પગમા મારી પાડી દઈ માથાના ભાગે ઘા કરી ઈજા કરેલ તેમજ ત્યા પડેલ ફરિયાદી તથા સાહેદના વાહનમા નુકશાન કરી એકબીજાની મદદગારી કરી ત્રણેય આરોપીઓ ચાલ્યા ગયા હતા.

ઉપરોક્ત બંને પક્ષ દ્વારા નોંધવાયેલ ફરિયાદને આધારે પોલીસે બંને પક્ષના કુલ સાત આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી તમામની અટકાયત કરવા સહિતની આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# વાંકાનેરમાં હઝરત શાહબાવાનો ઉર્ષ ઉજવાયો

**અબતક, લીતેશ ચંદારાણા, વાંકાનેર**

વાંકાનેરમાં હઝરત શાહબાવા મલંગનો વાર્ષિક ઉર્ષ ધામધુમથી ઉજવાયો હતો. મંગળવારે સવારે ૧૦ કલાકે શાહબાવા મલંગના ઐતિહાસિક ધોકો યાને અશા મુબારક તથા શાહબાવા (રહે.)ના ગાદી તકીયા સાથે ઝુલુસ પ્રથમ હઝરત જોરાવરપીર દરગાહ શરીફે ચાદર ઢચાવી પ્રસ્થાન કરાયેલ આ શાનદાર ઝુલુસ રસાલા રોડથી ગ્રીનચોક, બજાર રોડ થઈચાવડી ચોક, મારકેટ યાર્ડ, પ્રતાપ ચોકથી આ ઝુલુસ રામ ચોક ખાતે આવેલ શાહબાવા મઝાર શરીફના ઐતિહાસિક બે મીનારાઓ સ્થિત દરગાહ શરીફે પહોંચી ત્યાં પ્રથમ પૂવ ધારાસભ્ય જાવેદભાઈ પીરઝાદા એ ચાદર ચઢાવી હતી. બાદમાં હઝારો લોકો અકિદત મંદોની હાજરીમાં હઝરત મહંમદ શાબાવાને પીર સૈયદ ખુરશીદ હૈદર પીરઝાદા ના નાયબ શહેજાદા શકીલ અહેમદ પીરઝાદા તથા શાહબાવા ટ્રસ્ટના ડાયરેકટર મહંમદભાઈ રાઠોડ, બશીર મીયાં કાદરી, મહંમદ હનીફ પરમાર, હબીબભાઈ કડીવાર તેમજ શહીદો કે દિવાને ગ્રુપના ઈશાભાઈ રસોયા અને શહેર તથા તાલુકાભરના યુવાનો સાથે ચંદ્રપુર, રાતી દેવરી, અમરસર, પાંચ દ્વારકા, અરણીટીંબા સહીત ના ગામોથી મોટી સંખ્યામાં અકીદતમંદો એ આ પ્રસંગે હાજરી આપીને ફૈઝ હાંસીલ કરેલ.



# મનપા દ્વારા ૩૧૭ રખડતા ઢોરને ગૌશાળામાં ખસેડાયા

## ૬ ઢોરના માલિકો પાસેથી રૂ.૪૮ હજારના દંડની વસૂલાત.

**અબતક, ઋષિ મહેતા**

મોરબી મહાનગરપાલિકા દ્વારા શહેરમાં રખડતા ઢોરની સમસ્યાને પહોંચી વળવા માટે અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. ૧ માર્ચ થી ૩૨ માર્ચ દરમિયાન, પ્રાણી રંજાડ અંકુશ શાખાએ શહેરના વિવિધ વિસ્તારોમાં પેટ્રોલિંગ ચલાવી ૩૧૭ રખડતા ઢોર પકડ્યા હતા. આ અભિયાન અંતર્ગત રવાપર, વાઘપરા, ગાંધી ચોક, નગર દરવાજા ચોક, તખ્તસિંહજી રોડ, લાલબાગ, ઉમા ટાઉનશીપ રોડ, માધાપર, શનાળા રોડ, બાપા સીતારામ ચોક, ગેંડા સર્કલ થી સર્કિટ હાઉસ રોડ, અને જેલ ચોક સહિતના વિસ્તારોમાં રખડતા ઢોર પકડવામાં આવ્યા હતા. આ સાથે પકડાયેલા ઢોરોને મહાનગરપાલિકાએ આજુબાજુની ગૌશાળાઓમાં ખસેડ્યા હતા. પકડેલ પશુ પૈકી ૬ પશુ માલિક પાસેથી નિયત વહીવટી ચાર્જ રકમ રૂ. ૪૮૦૦૦/-વસુલ કરી પશુ છોડવામાં આવેલ હતા.

# બે સ્પા સંચાલક સામે જાહેરનામા ભંગ બદલ કાર્યવાહી કરાય

**અબતક, ઋષિ મહેતા**

મોરબી જીલ્લા કલેક્ટરના પ્રસિધ્ધ કરેલ જાહેરનામા અનુસંધાને સીટી એ ડિવિઝન પોલીસ ટીમ શહેરના અલગ અલગ સ્પા પાર્લરમાં ચેકીંગ કામગીરીમાં હોય તે દરમિયાન મોરબી-રાજકોટ હાઈવે ઉપર આવેલ થ્રિલ ચિલની સામે સેવન-સ્ટાર સ્પા મસાજ પાર્લરમાં તથા રવાપર રોડ ઉપર ધ ઓરીયો સ્પા પાર્લરમાં તપાસ દરમિયાન, સ્પામાં કામ કરતી મહિલા કર્મચારીઓના આધાર કાર્ડ કે નામ સરનામાના પુરાવા કે કર્મચારીઓ અંગે સંબંધિત પોલીસ મથકમાં જાણ નહિ કરી હોવાની વિગતો સામે આવી હતી, જેથી આરોપી સેવન સ્ટાર સ્પા સંચાલક મુસ્તાકભાઈ માંડકીયા ઉવ.૪૧ રહે.ટંકારા પોલીસ લાઈન બાજુમાં તેમજ ધ ઓરીયો સ્પા પાર્લર સંચાલક પરીમલ ગોપાલભાઈ વાઘેલા ઉવ.૨૮ હાલ રહે.રવાપર રોડ ઓમકાર રેસીડન્સી મૂળ સુરેન્દ્રનગર જોરાવર નગર વાળાની સામે જાહેરનામાના ભંગ અંગેની બીએનએસ કલમ ૨૨૩ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

# માળીયા(મી): એસટી ડમ્પરના પાછળના ભાગે અથડાઈ, ચાલક સહિત બે ઘાયલ

**અબતક, ઋષિ મહેતા**

માળીયા(મી)-કચ્છ હાઈવે ઉપર આરામ હોટલ સામે એસટી બસના ચાલકે આગળ જતાં ડમ્પરના ઠાઠામાં બસ અથડાવી અકસ્માત સર્જ્યો હતો, જેમાં એસટી બસ ચાલક તેમજ એક મુસાફર સહિત બે વ્યક્તિઓને ઈજાઓ પહોંચી હતી, ત્યારે એસટી કંડકટરની ફરિયાદને આધારે એસટી બસના ચાલક વિરુદ્ધ માળીયા(મી) પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પંચમહાલ જીલ્લાના ડોકવા બારીયા ફળીયુંના રહેવાસી જગતસિંહ ઉદેસિંહ મકવાણા ઉવ.૫૫ કે જેઓ એસટી બસમાં કંડકટર તરીકે ફરજ બજાવે છે, તેમણે આરોપી એસટી બસ રજી.નં. જીજે-૧૮-ઝેડ-૧૨૯૬ના ચાલક કનુભાઈ ભીમાભાઈ બારીયા રહે.હડપ મોરવા તા.મોરવા જી.પંચમહાલ વિરુદ્ધ માળીયા(મી) પોલીસ સમક્ષ ફરિયાદ નોંધાવી કે ગઈ તા.૦૨/૦૪ની મોડીરાત્રીએ આરોપીએ પોતાના હવાલાવાળી એસ.ટી બસ પુરઝડપે અને ગફલતભરી રીતે પોતાની તથા બીજાની જીંદગી જોખમાઈ તે રીતે ચલાવી કચ્છ તરફ આરામ હોટલ સામે આગળ જતા અજાણ્યા ડમ્પરના પાછળ ઠાઠાની સાઈડે બસનો ખાલી સાઈડનો ભાગ ભટકાડી દેતા, બસમાં બેઠેલ મુસાફર પૈકી કૈલાશભાઈ મકનભાઈ પરમારને દાઢીના ભાગે સામાન્ય ઈજા તથા આરોપી બસ ચાલકને જમણા પગે એડીના ભાગે ઈજા થતા પાંચ ટાકા આવેલ તથા પેટના ભાગે મુઢ ઈજા તથા ડાબી આખ ઉપરના ભાગે સામાન્ય ઈજા પહોંચી હતી, હાલ આરોપી એસટી બસ ચાલક ઈજાગ્રસ્ત હોય જેથી માળીયા(મી)પોલીસે તેની સામે ગુનો નોંધી આગળની ઘટિત કાર્યવાહી હાથ ધરી છે.

# હળવદ: અસામાજીક તત્વોએ કરેલા દબાણ પર બુલડોઝર ફેરવ્યું

## વ્યાજ અને મારામારીના ગુનામાં સંડોવાયેલા સામે પોલીસની કાર્યવાહી

**અબતક, ઋષિ મહેતા**

હળવદ:ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થા જળવાય અને ગુંડા તત્વો પર નિયંત્રણ લાવવા રાજ્યભરમાં પોલીસે કાર્યવાહી શરૂ કરી છે, ત્યારે હળવદ પોલીસ દ્વારા અગાઉ વ્યાજવટાવ અને મારામારીના ગુનાઓમાં સંડોવાયેલા ગુંડાતત્વોની મિલ્કત પર ડિમોલિશનની કાર્યવાહી કરવામાં આવી છે. આ કાર્યવાહી દરમિયાન બે આરોપીઓની મિલ્કત તોડવામાં આવી હતી અને રોકડ દંડ પણ વસૂલવામાં આવ્યો હતો.હળવદ પોલીસ સ્ટેશન વિસ્તારમાં અસામાજીક તત્વો સામે કાર્યવાહી કરવામાં આવી છે, જેમાં પીઆઈ આર.ટી. વ્યાસના માર્ગદર્શન હેઠળ અગાઉ ચોરી, મારામારી, દારૂ વેચાણ અને લૂંટ જેવા ગુનાઓમાં સંડોવાયેલા ૧૦ આરોપીઓની ગેરકાયદેસર મિલ્કત તોડી પાડવામાં આવી. આ ઉપરાંત, ડ્રાઈવ દ્વારા ૮ આરોપીઓ સામે રૂ. ૧૧,૯૫,૦૦૦/- નો રોકડ દંડ વસૂલવામાં આવ્યો હતો, ત્યારે વ્યાજવટાવ, મારામારી અને લૂંટના ગુનાઓમાં સંડોવાયેલા બટુકભાઈ બાબુભાઈ કાંકરેચા રહે.હળવદ માર્કેટ યાર્ડ સામે તથા રાજેન્દ્રસિંહ દિલીપભાઈ લીંબોલા ગામ ઘનશ્યામપુર તા.હળવદવાળાની ગેરકાયદેસર મિલકતોનું ડિમોલિશન કરવામાં આવ્યું હતું. જેમાં આરોપી બટુકભાઈ બાબુભાઈ કાંકરેચા કે જે વ્યાજવટાવ અને મારામારીના ગુનામાં સંડોવાયેલ છે તેના રહેણાંક મકાનને તોડવામાં આવી કુલ ૬૬૯ ચોરસ મીટર જમીન જેની અંદાજિત કિમત રૂ. ૧૧,૩૭,૩૦૦/- ખાલી કરાવી હતી, જ્યારે આરોપી રાજેન્દ્રસિંહ દિલીપભાઈ લીંબોલા મારામારી અને લૂંટ જેવી ગુન્હાહિત પ્રવૃત્તિમાં સંડોવાયેલ હોય તેને સરકારી જમીન ઉપર કરેલ કબજો ખાલી કરાવવામાં આવ્યો હતો. અને ૪૦૪૬ ચોરસ મીટર અંદાજે રૂ.૬૯,૯૯,૫૮૦/- જમીન ખુલ્લી કરાવી હતી.



# વાંકાનેર: ક્રિકેટ મેચ ઉપર સટ્ટો રમતા એક પકડાયો, સોદા લેનાર ફરાર

**અબતક, ઋષિ મહેતા**

વાંકાનેર:હાલ ચાલી રહેલા આઈપીએલ ટ્વેન્ટી-ટ્વેન્ટી ક્રિકેટ મેચ ઉપર મોબાઈલ મારફત રનફેરના જુગારનો સટ્ટો રમતા એક ઈસમની પોલીસે અટક કરી છે, જ્યારે ફોન ઉપર સોદા લખનાર આરોપી હાજર નહિ મળી આવતા, પોલીસે હાલ તેને ફરાર દર્શાવી, બંને આરોપીઓ વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધ્યો છે.મળતી માહિતી અનુસાર, વાંકાનેર સીટી પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન વાંકાનેર ટાઉનના રસાલા રોડ ઉપર આરોપી વિવેકભાઈ ઉર્ફે બોબી વિનયચંદ્ર મારૂ ઉવ.૪૯ રહે.જાપા શેરી મેઈન બજાર વાંકાનેર વાળો પોતાના મોબાઈલ ફોન ઉપર વાતચીત કરી ટી-૨૦ માં રોયલ ચેલેન્જર બેંગ્લોર અને ગુજરાત ટાઈટન્સ ટીમો વચ્ચે ચાલતી ટી-૨૦ ક્રિકેટ મેચમાં હારજીત તથા રનફેર ઉપર રૂપિયાની હારજીતનો જુગાર રમતા રંગેહાથ ઝડપાઈ ગયો હતો, જ્યારે પકડાયેલ આરોપી દ્વારા કબુલાત આપી કે આરોપી ક્રિપાલસિંહ મો.નં- ૮૧૪૦૭૮૯૪૮૬ વાળાને સોદા લખાવી રનફેરનો જુગાર રમી એકબીજાની મદદગારી કરતા હતા, ત્યારે આરોપી વિવેક ઉર્ફે બોબી પાસેથી પોલીસે રોકડ રૂ.૧૬૫૦/ તથા મોબાઈલ ફોન-૧ કિ.રૂ.૫૦૦૦/ મળી કુલ રૂ.૬૬૫૦/- ના મુદામાલ કબ્જે કરી, ફરાર આરોપીની અટક કરવા સહિતની આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ધ્રાંગધ્રાઃ નર્મદા વિભાગના તત્કાલીન સિનિયર કલાર્કની આગોતરા જામીન રદ્

## એસીબીએ અપ્રમાણસર મિલ્કતનો ગુનો નોંધાતા અદાલતનું શરણું લીધું

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

સુરેન્દ્રનગર એસીબી પોલીસ દ્વારા ધ્રાંગધ્રાના તત્કાલીન સીનીયર કલાર્ક (ઈન્ચાર્જ નાયબ હિસાબનીશ) સૌરાષ્ટ્ર શાખા નહેર વિભાગવાળા સામે અપ્રમાણસર મિલ્કત અંગેનો ગુન્હો ગત તા.૧૧ માર્ચના રોજ દાખલ કરવામાં આવ્યો હતો જે મામલે તત્કાલીન સીનીયર ક્લાર્કે ધ્રાંગધ્રા એડીશ્નલ એન્ડ સેશન્સ કોર્ટમાં આગોતરા જામીનની અરજી કરતા કોર્ટે જામીન અરજી રદ્દ કરી છે.

આ અંગે મળતી માહિતી મુજબ ધ્રાંગધ્રાની કાર્યપાલક ઈજનેરની કચેરીમાં ફરજ બજાવતા તત્કાલીન સીનીયર કલાર્ક (ઈન્ચાર્જ નાયબ હિસાબનીશ વર્ગ-૩) સૌરાષ્ટ્ર શાખા નહેર વિભાગના રાજેશભાઈ હરિકિશનભાઈ દેવમુરારી ઉ.વ.૬૧વાળાએ પોતાના કાર્યકાળ દરમ્યાન વર્ષ ૨૦૧૨ થી વર્ષ ૨૦૧૯ દરમ્યાન ફરજ દરમ્યાન હોદ્દાનો દુરઉપયોગ કરી અલગ-અલગ રીતે ગેરરીતી આચરી તેના રૂપિયા દ્વારા પોતાના નામે મિલ્કતમાં રોકાણ કર્યું હોવાનું એસીબી ટીમની તપાસમાં બહાર આવ્યું હતું અને રૂા. ૩૬,૩૯,૬૨૪ જેટલી રકમ એટલે કે ૬૫.૩૩% અપ્રમાણીત મિલ્કતો વસાવી હતી જે પોતાની આવક કરતા વધુ હોવાનું બહાર આવ્યું હતું. આથી આ અંગે સુરેનદ્રનગર એસીબી પોલીસે અપ્રમાણસર મિલ્કત અંગેનો ગુન્હો નોંધી કાર્યવાહી હાથધરી હતી જે મામલે આરોપી રાજેશભાઈ દેવમુરારીએ ધ્રાંગધ્રા સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન અંગે અરજી કરતા સેશન્સ જજ એમ.પી.ચૌધરી દ્વારા જામીન અરજી રદ્દ કરવામાં આવી છે.

# થરાદના દેવપુરા ગામે નર્મદા કેનાલમાં કાર ખાબકતા ત્રણ બાળકો સહિત ચારના મોત

## કારમાં સવાર મહિલાની સ્થાનિક તરવૈયા અને ફાયર બ્રિગેડે શોધખોળ હાથ ધરી

**અબતક, રાજકોટ**

થરાદના દેવપુરા ગામે આવેલ નર્મદા કેનાલમાં આજે ગમખ્વાર અકસ્માત થયો છે. જેમાં એક કાર નર્મદા કેનાલમાં ગરકાવ થઈ ગઈ હતી. આ કારમાં સવાર કુલ પાંચ પેસેન્જર્સમાંથી ચારનાં ઘટનાસ્થળે કરૂણ મૃત્યુ થયા છે. મૃતકોમાં ત્રણ બાળકોનો સમાવેશ થતો હોવાથી આ ઘટનાને પરિણામે સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે.દુર્ઘટનાની જાણ થતા જ થરાદ નગરપાલિકાની ટીમ ઘટના સ્થળે ધસી આવી હતી. આ ઉપરાંત ફાયર બ્રિગેડની ટીમ પણ ઘટના સ્થળે આવી પહોંચી હતી. આ કર્મચારીઓએ સ્થાનિકો સાથે મળીને કેનાલમાં રાહત અને બચાવની કામગીરી શરુ કરી દીધી હતી. જો કે ટીમને ચાર મૃતદેહ કાઢવામાં સફળતા મળી છે. જેમાં ત્રણ બાળકો અને એક પુરુષનો સમાવેશ થાય છે. આ ઉપરાંત કર્મચારીઓ એક મહિલાની કેનાલમાં શોધખોળ કરી રહ્યા છે. કેનાલમાંથી મહામહેનતે કાર બહાર કાઢવામાં આવી છે.

થરાદના દેવપુરા ગામે આવેલ નર્મદા કેનાલમાં કાર ખાબકવાના સમાચાર આગવેગે પ્રસરી જતા જ સ્થાનિકો સત્વરે ઘટના સ્થળે દોડી આવ્યા હતા. સ્થાનિકોએ થરાદ નગર પાલિકાને આ ગમખ્વાર અકસ્માત વિશે જાણ કરી. જેથી થરાદ નગર પાલિકાના અધિકારીઓ અને ફાયર બ્રિગેડની ટીમ ઘટના સ્થળે આવી પહોંચી હતી. કર્મચારીઓ અને સ્થાનિકોએ સાથે મળીને કુલ ચાર મૃતદેહોને કેનાલમાંથી બહાર કાઢ્યા હતા. મૃતકોમાં ત્રણ બાળકોનો સમાવેશ થતો હોવાથી સમગ્ર વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ છે. હજૂ પણ ત્રણ મહિલાની કેનાલમાં શોધખોળ ચાલી રહી છે.

# ભાડલા નજીક બે કારમાંથી ૧૬૦૦ લીટર દેશી દારૂ પકડાયો

## બે વાહન અને દેશી દારૂ મળી ૧૨.૨૭ લાખના મુદ્દામાલ સાથે ત્રણ શખ્સની ધરપકડ

**અબતક જસદણ હિતેશ ગોસાઈ**

રાજકોટ જિલ્લામાં દેશી વિદેશી દારૂની બદી ડામી દેવાના પોલીસે ભાડલા વિરપુર ચોકડીએથી બે સ્વીફ્ટ કારમાંથી ૧૬૦૦ લિટર દેશી દારૂ ઝડપી લેવાયો હતો



આ અંગે પોલીસ માંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ ભાડલા થી વિરપુર ગામે જતીચોકડી પર ભાડલા પીઆઈ જે એચ સિસોદિયા, અને સ્ટાફ એ વોચ ગોઠવતા મારૂતિ સ્વિફ્ટ જી જે ૦૯ એમ એફ ૭૦૧૦ અને સફેદ સ્વીફટ,,જી જે ૦૩એન એફ૪૪૧૯ માંથી ૩૨ હજારની કિંમતનું ૧૬૦૦ લિટર દેશી દારૂ ૭૦૦૦ના મોબાઈલ અને ૯લાખની કિંમતની બે ગાડીઓ મળી ૧૨,૨૭.૦૦૦ની મતસાથે પ્રકાશ ભરત ચૌહાણ મહુડી પ્લોટ, હિરેન વિનોદભાઈ રાજપરા આજીડેમ ચોકડી, વસંત ઉર્ફે કાનો રમેશ ગણતરા, ને ઘટના સ્થળેથી ઝડપી લીધા હતા જ્યારે

સંજય ઝેઝરીયા રહે માંડા ડુંગર મેન શેરી, સંજયભાઈ નો બનેવી વિક્રમ રહે સાલખડા, યોગી ગોહિલ રહે મહુડી, યુવરાજ અને બંને ગાડીના ડ્રાઈવર ભાગી જતા ધરપકડની તજવીજ હાથ ધરી છે આ રેડમાં ઈન્ચાર્જ પીઆઇ,જે એચ,સિસોદિયા, કોન્સ્ટેબલ નિલેશ ભાઈ ઝાપડિયા, સિદ્ધરાજસિંહ ડોડીયા, જયેશભાઈ ચાવડા, મહેશભાઈ ગઢાદરા, દશરથભાઈ કાકડીયા, ગોવિંદભાઈ ધાધલ હરેશભાઈ ચાવડા, સહદેવસિંહ ચૌહાણ એ જહેમત ઉઠાવી હતી

# કાગવડની પરિણીતાએ વખ ઘોળી જીવનનો અંત આણ્યો

## ૧૧ મહીનાની દિકરી માતા વિહોણી બની

**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

જેતપુરનાં કાગવડ રહેતી પરિણીતાએ પોતાનાં ઘરે ઝેરી દવા પી લઈ જીવનનો અંત આણ્યો હતો.કમર અને પગનાં દુખાવાથી પરેશાન થઈ અંતિમ પગલુ ભર્યાનું જાણવા મળ્યુ હતું.

પ્રાપ્ત વિગત મુજબ કાગવડ રહેતા અંકીતભાઈ રીબડીયા નાં પત્નિ નેહાબેન ઉ.૨૨ ગત સાંજે પોતાનાં ઘરે ઝેરી દવા પી લેતા સારવાર માટે ગોંડલ ની ખાનગી હોસ્પિટલે ખસેડાયા હતાં.દરમિયાન સારવાર કારગત નહી નીવળતા તેનું મોત નિપજાયુ હતુ.


નેહાબેન સાસુ સસરા સહિત નાં સંયુક્ત પરિવાર માં રહેતા હતાં.બે વર્ષ પહેલાં લગ્ન થયા હતાં.સંતાનમાં અગીયાર માસની પુત્રી છે. નેહાબેનનાં પતિ અંકીતભાઈ ખેતીકામ કરે છે.

હોસ્પિટલ પોલીસ ચોકી એ કાગળો તૈયાર કરી કાગવડ પોલીસને મોકલી આપ્યા છે.

# ગોંડલના સાજડીયાળીમાં પાડીનું મારણ કરનાર દીપડો પાંજરે પુરાયો

**અબતક, હરેશ ગણોદીયા, ગોંડલ**

સિંહના રહેઠાણ તરીકે વિકસી રહેલા ગોંડલ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં સિંહ,દિપડા જેવા હિંસક પ્રાણીઓના આંટાફેરામાં નોંધ પાત્ર વધારો જોવા મળી રહ્યો છે.તાલુકાના વાસાવડ ગામે આંતક ફેલાવતા દિપડાને મહામહેનતે ફોરેસ્ટ વિભાગે પાંજરામાં કેદ કર્યાના ગણતરીના દિવસો વિત્યા છે.ત્યારે સાજડીયાળી ગામે હિતેશભાઈ દરબારની વાડીએ બાંધેલ પાડીનું દિપડાએ મારણ કર્યુ હતું.દિપડાએ પાડીનું મારણ કરતા ગ્રામજનો અને ખેડૂતો,ખેતમજુરોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો હતા. આ ઘટનાની



જાણ સરપંચ વિજયભાઈ સોરઠીયા દ્વારા ગોંડલ ફોરેસ્ટ વિભાગને કરવામાં આવી હતી.ગોંડલ ફોરેસ્ટ વિભાગના આર.એફ.ઓ.દિપકસિંહ જાડેજાએ ટ્રેકર ટીમ મારફત હિતેશભાઈ દરબારની વાડીમાં પાંજરુ ગોઠવીને દિપડાને પાંજરામાં કેદ કરવાની કવાયત હાથ ધરી હતી.રાત્રીના મારણની જગ્યાએ દિપડો આવી ચડતા દિપડો માત્ર એક જ કલાકમાં કેદ થવા પામ્યો હતો.ટ્રેકર ટીમના માધવભાઈ વ્યાસ, ઓસમાણભાઈ, ફિરોઝભાઈ સહિતના લોકોએ એક જ કલાકમાં દિપડાને પાંજરામાં કેદ કરતા લોકોમાં રાહતની લાગણી ફેલાઈ જવાની સાથે ફોરેસ્ટ વિભાગની કામગીરીને સરપંચ સહિતના લોકોએ બિરદાવી હતી.તો બીજી તરફ રેસ્ક્યુ કરેલ દિપડાને ગોંડલ ફોરેસ્ટ વિભાગ દ્વારા સાસણ ખાતે મોકલી આપવાની તજવીજ હાથ ધરી હતી.

# સુરેન્દ્રનગરઃ ટ્રેનમાંથી બીયર સાથે પેસેન્જર પકડાયો

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર રેલ્વે જંકશન પરથી પસાર થતી ટ્રેનોમાં ચોરી સહિત અસામાજીક પ્રવૃત્તિઓ વધી રહી છે ત્યારે સુરેનદ્રનગર રેલ્વે પોલીસે રાજકોટ સુપર ફાસ્ટ એક્સપ્રેસ ચાલુ ટ્રેનમાંથી ચેકીંગ દરમ્યાન એક શખ્સને બીયરના ચાર ટીન સાથે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ અંગે રેલ્વે પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ રેલ્વે પોલીસમાં સર્વેલન્સ સ્કવોર્ડમાં ફરજ બજાવતા ફરિયાદી સુનીલકુમાર સુરેશભાઈ રાવલ વિરમગામથી સુરેનદ્રનગર તરફ સુપર ફાસ્ટ એક્સપ્રેસ ટ્રેનમાં ચેકીંગ કરી રહ્યાં હતાં જેમાં સુરેનદ્રનગર રેલ્વે જંકશન પહેલા એક શખ્સ શંકાસ્પદ હાલતમાં જણાઈ આવતા તેની પાસે રહેલ થેલામાં ચેક કરતા બીયરના ચાર ટીન મળી આવ્યા હતા અને વધુ પુછપરછ કરતા શખ્સે પોતાનું નામ દક્ષ મહેશભાઈ ભંડેરી રહે. રાજકોટવાળો હોવાનું જણાવ્યું હતું આથી પોલીસે બીયર ટીન સહિત કુલ રૂા. ૪૪૦ નો મુદ્દામાલ કબ્જે કરી ઝડપાયેલ શખ્સ વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગોંડલઃ જુગાર રમતા સાત શખ્સ પકડાયા

## એલ.સી.બી.એ દરોડો પાડી રૂા.૨૦૫૫૦નો મુદ્દામાલ કબ્જે

**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

રૂરલ એલસીબીએ ગોંડલમાં જુગાર રમતા સાત પતાપ્રેમીઓ ને રુ.૫૦૫૫૦ રોકડ તથા અન્ય મુદામાલ સાથે જડપી લઈ કાર્યવાહી કરી હતી.

પ્રાપ્ત વિગત મુજબ રૂરલ એલસીબી પીઆઇ. ઓડેદરા,પીએસઆઇ ગોહેલ, એએસઆઇ જયવિરસિંહ રાણા,બાલકૃષ્ણ ત્રીવેદી, અનીલભાઈ ગુજરાતી, ભગીરથસિંહ જાડેજા, મનોજ બાયલ,મહીપાલસિહ ચુડાસમા સહિત ની ટીમે ગોંડલ ની આવકાર રેસીડેન્સી પાછળ માળીયાની સીમમાં ચંદુભાઈ ઠુંમર ની વાડીની બાજુમાં ખરાબાની જગ્યામાં તીનપતીનો જુગાર રમી રહેલા ગોંડલનાં ભોજરાજપરામાં રહેતા ચંદુભાઈ ગોરધનભાઈ ઠુંમર, વિપુલભાઈ ગોપાલભાઈ ખેર,અશ્વીનભાઈ બટુકભાઈ ખેર, રાજેશભાઈ લાલજીભાઈ ખેર,ગુંદાળા ચોકડી તુલસી હાઈટ માં રહેતા વિમલભાઈ ચિમનભાઈ ભાલોડી,વોરાકોટડા રોડ પર રહેતા કૌશિકગીરી વીરેનદ્રગીરી ગૌસ્વામી તથા ભોજરાજપરા માં રહેતા નિલેશભાઈ જેન્તીભાઈ દુધાત્રાને જડપી લઈ કાર્યવાહી કરી હતી.

# રાજકોટ :લાઈસન્સ, હેલ્મેટ વગર વાહન ચલાવનાર સામે પોલીસની તવાઈ

## મેટોડા અને શાપર વેરાવળ પોલીસ દ્વારા રૂ.૩૫,૦૦૦ નો દંડ વસુલ્યો

**અબતક રાજકોટ**

રાજ્યભરમાં માર્ગ સલામતી અને ખાસ કરીને ટ્રાફિક નિયમન માટે ટ્રાફિક ઝુંબેશ ને લઈને સાપર વેરાવળ અને મેટોડાપોલીસ સ્ટેશન દ્વારા માર્ગ અકસ્માતો ઘટાડવા હેલ્મેટ વગર અને ટ્રાફિકના નડતરરૂપ, નશા ની હાલતમાં વાહન ચલાવતા વાહન ચાલકો સામે ઝુંબેશ શરૂ કરતાં નિયમભંગ કરનારાઓમાં ફફડાટ ફેલાયો છે

રાજકોટ રેન્જ આઈ.જી અશોકકુમાર યાદવ, ગ્રામ્ય પોલીસ વડા હિમકર સિંહ ના આદેશના પગલે શાપર વેરાવળ પીઆઈ આર બી રાણા ના માર્ગદર્શન હેઠળ હેલમેટ ડ્રાઈવ અંતર્ગત હેલ્મેટ વગર ડ્રાઈવિંગના કેસ કરી ૨૩,૬૦૦ ની રકમનોદંડ વસૂલ કર્યો હતો આ જ રીતે આજ સાપર વેરાવળ માં ગોંડલ ડીવાયએસપી કે,,જી ઝાલા દ્વારા ડ્રાઈવ કરી નશો કરીવાહન ચલાવનાર સામે ૨૮ કેસ કરી ૧૧,૨૦૦ ના દંડ વસૂલ કર્યો હતો મેટોડા જીઆઈડીસી પોલીસ સ્ટેશનના પીઆઈ એસ.એચ,શર્મા, શાપર વેરાવળ ના પી , આઈ આરબી રાણા અને ટીમે નિયમ ભંગ કરનારાઓ સામે કડક ઝુંબેશ હાથ ધરતા કાયદો તોડનારાઓમાં ફફડાટ ફેલાયો હતો

# લોધીકાઃ કાંગસિયાળા ગામે યુવાનનો આપઘાત

**અબતક રાજકોટ**

જુવાન જોધ દીકરાના લગ્નના સપના જોતા પરિવાર માથે તેની અર્થી ઉઠાવવાનો સમય ખૂબ જ કપરો ગણાય, ગોંડલના કાંગશીયાળી ગામે ૧૯વર્ષના યુવાને અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ જીવાદોરી ટૂંકાવી લેવાનો બનાવ પોલીસ દફતરે નોંધાયો છે,

વધુ વીગત મુજબ વેરાવળ સાપર પોલીસ સ્ટેશન ની હદમાં આવેલ કાંગશીયાળી ગામે રહેતા રાજેશભાઈ સાકરીયા નામના ૧૯વર્ષના યુવાન પુત્ર ભવ્યએ પોતાના ઘરે ગળે ફાંસો ખાઈ લેતા પરિવારજનો એ તાત્કાલિક બેભાન અવસ્થામાં સિવિલમાં લાવવામાં આવતા ઈમરજન્સી પરત પરના ડોક્ટર એન કે જાદવે ભવ્યને મૃત જાહેર કર્યો હતો યુવાન પુત્રના નિષ્પ્રાણ દેહને જોઈ પિતા સહિતના પરિવારજનોએ કલ્પાંત કરી મૂક્યો હતો. આ બનાવની જાણ સાપર વેરાવળ પોલીસ મથકના સ્ટાફને થતા દોડી જઈ મૃત દેને પીએમ અર્થે ખસેડી આપઘાતનું કારણ જાણવા તપાસ આ ધરી છે.

# જામકંડોરણા રસ્તો ક્રોસ કરતી વખતે ખાનગી બસ અડફેટે યુવાનનું મોત

**અબતક રાજકોટ**

જામકંડોરણા શહેરમાં સતત ટ્રાફિકથી ધમધમતા રસ્તાઓ હવે અકાળે મોતનું કારણ બનવા લાગ્યા હોય તેમ તારીખ ૧ એપ્રિલે બપોરે ૩ વાગ્યે જામકંડોરણા બસ સ્ટેન્ડ સામે રોડ ક્રોસ કરી રહેલ મહેન્દ્રભાઈ ઉર્ફે મોહનભાઈ ભાટીયા ને ટ્રાવેલ્સ બસ નંબર એમ.પી ૧૧પી૯૯૫૫ ના ચાલકે હડફેટે લઈ બંને પગ માં ગંભીર ઈજા કરી હતી મહેન્દ્રભાઈ નું ઘટના સ્થળે જ મૃત્યુ નીપજ્યું હતું.આ અંગે મરનારના બનેવી સુનિલભાઈ મોહનભાઈ અસર ભાટીયા એ જામકંડોરણા પોલીસ સ્ટેશનમાં બસ ચાલક સામે ફરિયાદ નોંધાવી હતી આ આ બનાવ અંગે જામકંડોરણા પોલીસે ભારતીય ન્યાય સંહિતા ની કલમ ૨૮૧/૧૦૬, ૧૨૫ અને મોટર વ્હીકલ એક્ટ૭૭ ૧૮૪ મુજબ ગુનો નોંધી કોન્સ્ટેબલ ડીજી વાઘેલાએ તપાસ હાથધરી છે

# મહુધાઃ ધોળે દિવસે છરીની અણીએ વૃદ્ધ દંપતીને બાનમાં લઇ લૂંટ ચલાવનાર પાંચ શખ્સની ધરપકડ

## પીઆઈ આર કે ગોહિલની ટીમે ગણતરીની જ કલાકોમાં ભેદ ઉકેલી રોકડ અને સોનાની ઘરેણા મળી ૨.૧૩ લાખનું મુદ્દામાલ કબજે કર્યો

**અબતક, રાજકોટ**

ખેડા જિલ્લાના મહુધા શહેરના ખ્રિસ્તી ફળિયામાં બે દિવસ પૂર્વે વૃદ્ધ દંપતી ને છરીની અણીએ બંધક બનાવી ઘરમાં પડેલી પેન્શનના રોકડા ૨.૦૫ લાખ અને સોનાના ઘરેણા ની લૂંટ ચલાવવાના ગુનાનો ભેદ ગણતરીની જ કલાકોમાં ઉકેલી પાંચ શખ્સોની ધરપકડ કરી અને પૂરેપૂરો મુદ્દામાલ કબજે કરવામાં પોલીસને સફળતા મળી છે. ખેડા જિલ્લાના



મહુધા શહેરમાં રહેતા જેઠાભાઈ પુંજાભાઈ મકવાણા પોતાના ઘરે ગત તારીખ ૧લી એપ્રિલના રોજ બપોરના સુમારે અજાણ્યા પાંચ શખ્સો ઘરમાં ધૂશી જેઠાભાઈ મકવાણા ને મોઢા પર માર મારી ચપ્પુ જેવું હથિયાર દેખાડી તિજોરી ની ચાવી જબરજસ્તી કઢાવી કબાટમાં પડેલા રોકડા ₹૨.૦૫ લાખ અને સોનાની વીંટી મળી લૂંટ ચલાવી ગયા અંગેની મહુધા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. આ ગુનાનો ભેદ ઉકેલવા પીઆઈ આર કે ગોહિલ અને એસ આર ચૌહાણ ના માર્ગદર્શન હેઠળ અલગ અલગ ટીમો બનાવી લૂંટનો ભેદ ઉકેલવા વિવિધ દિશામાં તપાસ હાથ ધરવામાં આવી હતી જેમાં બનાવની આસપાસના સીસીટીવી કેમેરા ચેક કરતા જેમાં શંકાસ્પદ વ્યક્તિ બાઈક પર ગણાતા તે નંબર સર્ચ કરતા જેનો મહુધા નો કિરીટ બાબુ મકવાણા નામના શખ્સનુ બાઈક હોવાનું ખુલતા જેની પૂછપરછ કરતા તપાસમાં ભાંગી પડયો હતો. લૂંટમા તેની સાથે દેવ સંજય બારૈયા નિલેશ અશ્વિન પરમાર પાવન ભરત રાણા અને હર્ષ અશોક ગોહિલ ની સંડોળી હોવાની માહિતી આપતા જેના આધારે તમામની અટકાયત કરી આખરી પૂછપરછ કરતા તેને લૂંટને કબુલાત આપી હતી અને લુટેલી રોકડ રકમ રૂપિયા બે પોઈન્ટ ઝીરો પાંચ લાખ અને સોનાની વીંટી મળી ૨.૦૧૩ લાખનો મુદ્દામાલ કબજે કરી કર્યો છે. ઝડપાયેલા શકશો એકાંતમાં રહેતા નિવૃત લોકોને ટાર્ગેટ કરી બપોરના સમયે તે વિસ્તારની બેકી કરી અને ગુનાને અંજામ આપતા હોવાની કબુલાત આપી છે. પીએસઆઇ એસ આઈ ડાભી ,એએસઆઇ મહેશકુમા,હેડ કોન્સ્ટેબલ નરેન્દ્રસિંહ ,હિતેન્દ્રસિંહ ,યશપાલસિંહ અને હસમુખભાઈ સહિતના સ્ટાફે કામગીરી બજાવી હતી.

# સુલતાનપુરમાં ઓફિસ બહાર બસ ઉભી રાખવાની ના પાડનાર ટ્રાવેલ્સના ધંધાર્થી પર હુમલો

## હજી ટ્રેલર છે, હવે આડો આવ્યો તો જાનથી મારી નાખીશું કહી ધોકા વડે તૂટી પડેલા પાંચ શખ્સો વિરુદ્ધ ગુનો

**અબતક, રાજકોટ**

સુલતાનપુરમાં ટ્રાવેલ્સના ધંધાર્થી પર પાંચ શખ્સોંએ ધોકા વડે હુમલો કર્યાનો બનાવ સામે આવ્યો છે. વાસાવડ ચોકડી નજીક આવેલી ટ્રાવેલ્સની ઓફિસ બહાર બસ ઉભી રાખવાની ના પાડનાર યુવકને માર મારનાર પાંચેય શખ્સોં વિરુદ્ધ સુલતાનપુર પોલીસમાં ગુનો નોંધાયો છે.

રાજકોટ જિલ્લાના જસદણ તાલુકાના મઢડા ગામે રહેતા વિપુલભાઈ મેરામભાઈ ડાંગર(ઉ.વ.૪૨)એ સુલતાનપુર પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે પ્રતાપ ઓઢભાઈ બસિયા(રહે. મોરવાડા, કુંકાવાવ, અમરેલી), લાલભાઈ નટુભાઈ ધાધલ(રહે. ઉંટવડ, બાબરા, અમરેલી(, નિર્મળ મનુભાઈ વાળા(રહે. પરબ વાવડી, ભેસાણ, જૂનાગઢ) અને બે અજાણ્યા શખ્સનું નામ આપતાં જણાવ્યું હતુ કે, તેઓ વાસાવડ ચોકડી પાસે અશ્વમેઘ ટ્રાવેલ્સ નામે ઓફિસ ચલાવે છે. ગઈકાલે સાંજના સવા પાંચ વાગ્યે વાસાવડ ગામે મારી ઓફિસે ગયેલ હતો અને ઓફિસ બહાર બાંકડા પર એકલો બેઠેલ હતો. મારી સાથે આવેલ સંજયભાઈ પ્રવીણભાઈ ડવ નજીકના બાકડા પર બેસેલ હતા. દરમ્યાન બાબરા બાજુથી એક સફેદ કલરની સ્વીફ્ટ કાર ધસી આવી હતી અને મારી ઓફિસ સામે ઊભી રહેલ હતી. જેમાંથી પ્રતાપભાઈ ઓઢભાઈ બસિયા, લાલભાઈ નટુભાઈ ધાધલ, નિર્મળ મનુભાઈ વાળા તેમજ બે અજાણ્યા ઈસમો ઉતર્યા હતા અને પાંચેયના હાથમાં ધોકા હતા. પાંચેય શખ્સોં કારમાંથી ઉતરીને સીધા જ ધોકા વડે મને માર મારવા લાગેલ હતા. જેથી હું ભાગવા જતાં બે અજાણ્યા શખ્સોંએ પકડી રાખેલ હતો. જયારે પ્રતાપ, લાલભાઈ અને નિર્મળે ધોકા વડે માર મારવાનું ચાલુ રાખ્યું હતું.

બાફમાં પ્રતાપ બસિયા તથા લાલભાઈ ધાધલે મને કહેલ કે, આ તો હજી ટ્રેલર છે અને હવે પછી ક્યાંય આડો આવ્યો તો તને જાનથી મારી નાખીશું. દરમિયાન આજુબાજુના માણસો ભેગા થવા લાગતા પાંચેય ત્યાંથી તેની ફોરવીલ લઈને નાસી ગયા હતા. બાદમાં મારા મામાના દીકરા સંજયભાઈ ડવ ત્યાં આવી ગયેલ હતો અને હું નીચે પડી ગયેલ હોય જેથી મને ૧૦૮ એમ્બયુલન્સ મારફતે ગોંડલ સરકારી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડ્યો હતો.

વધુમાં ફરિયાદીએ બનાવનું કારણ આપતાં જણાવ્યું હતું કે, ત્રણેક દિવસ પહેલા સંજયભાઈએ અમરદીપ ટ્રાવેલ્સના ડ્રાઈવર પ્રતાપભાઈ ઓઢભાઈ બસીયાને અમારી ઓફિસ સામે પોતાની બસ ઉભી રાખવાની ના પાડેલ હતી. ઓફિસ સામે ટ્રાફિક થતો હોય જેથી ઓફિસથી થોડી દૂર પોતાની બસ ઉભી રાખવા જણાવેલ હોય જેનો ખાર રાખી પાંચેય શખ્સોં હુમલો કર્યો હતો. મામલામાં યુવકે હોસ્પિટલના બિછાનેથી ફરિયાદ નોંધાવતા સુલતાનપુર પોલીસે ગુનો નોંધી પાંચેય હુમલાખોરોની ધરપકડ કરવા તજવીજ હાથ ધરી છે.

# જસદણમાં સૌહાદ્ર અને સંગઠનની અનોખી ઝલક જોવા મળી

## વોર્ડ નં.૪ ના રફીકભાઈ ગોગદાના નિવાસસ્થાને વિશેષ મેળાપ યોજાયા

**અબતક, હિતેશ ગોસાઇ, જસદણ**

જસદણ પવિત્ર ઈદ-ઉલ-ફિતર પર્વને સુખદ અને યાદગાર બનાવવા માટે, જસદન નગરપાલિકા વોર્ડ નં. ૪ ના વિજયી રફીકભાઈ ગોગદા ના નિવાસસ્થાને એક વિશેષ મળાણું યોજાયું, જેમાં વિવિધ ધર્મ અને સમાજના આગેવાનો, ભાજપના કોર્પોરિટરો તેમજ સ્થાનિક નાગરિકો ભેગા થયા.

આ મળાણું માત્ર શુભેચ્છાઓ માટે નહીં, પરંતુ પ્રેમ, ભાઈચારા અને એકતાનો સંદેશ ફેલાવવા માટે આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે રફીકભાઈ ગોગદાએ જણાવ્યું કે,''ઈદ-ઉલ-ફિતર એ માત્ર એક તહેવાર નહીં, પરંતુ પ્રેમ અને એકતાની અનોખી ભાવના છે. આજે દરેક જાતિ-ધર્મના લોકો



એકસાથે આવી મળ્યા છે, જે જસદન માટે ગૌરવની વાત છે. ભવિષ્યમાં પણ આપણે આ એકતાને જાળવી રાખી, શાંતિ અને વિકાસ માટે મળીને આગળ વધીશું.''

આ સમારંભ દરમિયાન હર ધર્મ અને સમાજના આગેવાનો એક સાથે બેઠા, તહેવારની મીઠાશ વહેંચી અને એક બીજાને હાર્દિક શુભકામનાઓ પાઠવી.

આવો મેળાપ જસદનના સૌહાર્દ્ર અને સંગઠનની અનોખી ઝલક દર્શાવે છે, અને ભવિષ્યમાં પણ આ એકતા અને પ્રેમ યથાવત રહેશે, તેવો સંકલ્પ દરેકે લીધો હતો.

# પાલીતાણાના હસ્તગીરીની ડુંગર માળામાં આગ કાબુમાં આવતા હાશકારો

## ૯૦ કલાક બાદ આગ કાબુમાંઃ જીવજંતુઓ અને વનસ્પતિઓ બળીને ખાખઃ આગ કુદરતી બુઝાઈ જતા લોકોને રાહત

**અબતક અંકુર મહેતા પાલીતાણા**

પાલીતાણા તાલુકાનું હસ્તગિરિ, મુંડકીધાર, હાથસણી ના ડુંગરોમાં ગત તા.૨૯/૩ ને શનિવારે ના લાગેલી આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી હાલ વિરાટ બની ચુકી છે, ત્યારે પવન સૂક્ષ્મ ગતી થી ધીમે ધીમે કુદરતી રીતે બપોર બાદ ત્રણેય ડુંગરોમાં આગ બુઝાઈ જતા સ્થાનિક લોકોમાં હાશકારો અનુભવ્યો હતો. સતત ૪ દિવસથી ડુંગરોમાં આગ આટલી વિકરાળ બની હતી કે જે સ્થળે પોચવું મુશ્કેલ બન્યું હતું અને ફાયર પણ પોચી શક્યું ન હતું ત્યારે આજે સવારથી આગ કુદરતી બુઝાઈ હતી,, આ સતત ૪ દિવસથી વિશાળ ઘેરાવામાં ફેલાયેલી વિકરાળ આગ ના લીધે સૂક્ષ્મ નાના જીવ જન્તુઓ તેમજ અસંખ્ય વનસ્પતિઓ બળી ને ખાખ થઈ જવા પામ્યા હોવાનું જણાવવામાં મળેલ ત્યારે આખરે બુધવારે આગ કુદરતી બુઝાઈ જતા લોકો એ રાહત મળેલ.ડુંગરની ઊંચાઈ પર આગ લાગવાના કારણે પાણીનો છંટકાવ કરવા માટે કોઈ વ્યવસ્થા ન હોવાથી આગ પર કાબૂ મેળવવામાં મુશ્કેલી પડી હતી, આગના કારણે ડુંગર વિસ્તારમાં વન્યજીવો અને પર્યાવરણને નુકસાન થયું છે.આ ડુંગર પર મોટી સંખ્યામાં વન્ય પ્રાણીઓ અને પક્ષીઓનું વિચરણ થતું હોવાથી તંત્ર સતર્ક બન્યું હતું પાલીતાણાના હસ્તગીરી ડુંગરમાળામાં લાગેલી આગને કાબૂમાં લેવા માટે ફાયર વિભાગ અને વન વિભાગે ભારે જહેમત ઉઠાવી.ભવિષ્યમાં આવી ઘટનાઓ ન બને તે માટે સ્થાનિક લોકો અને પ્રવાસીઓને સાવચેત રહેવાની સલાહ આપવામાં આવી છે.આગ ને કાબુ માં લેવા માટે ફાયર ફાઈટર તેમજ તળાજાના ફાયર ફાઈટરે આગ પર કાબુ મેળવ્યો છે.. હાલમાં બધી આગ બુઝાઈ ગઈ છે. માત્ર ધુમાડાઓ નિકળી રહ્યા છે. આગ લાગવાનું કારણ હજુ સુધી સામે આવ્યું નથી,આ ઘટનાએ પર્યાવરણની સુરક્ષા માટે સાવચેતી રાખવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે.

# ધ્રોલ નજીક બાઈકે ઠોકરે લેતા જામનગરના પદયાત્રીનું મોત

## માટેલ જતા આઈશ્રી ખોડીયાર મિત્ર મંડળના પદયાત્રી સંઘને નડ્યો અકસ્માત

**અબતક, સંજય ડાંગર, ધ્રોલ**

જામનગરથી માટેલની પદયાત્રા માટે નીકળેલા જામનગરના આઈ શ્રી ખોડીયાર મિત્ર મંડળના પદયાત્રી સંઘમાં ગઈકાલે મોડી સાંજે કરુણા જનક કિસ્સો બન્યો હતો. ધ્રોલ નજીક પહોંચેલા પદયાત્રી સંઘમાં એક પદયાત્રીને બાઈક સવારે પાછળથી ઠોકર મારી હડફેટમાં લઈ લેતાં તેઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત બન્યા પછી તેઓનું મૃત્યુ નીપજ્યું છે. જે બનાવને લઈને પદયાત્રી સંઘમાં ભારે કરુણતા સર્જાઈ છે. પોલીસે બાઈક ચાલક સામે ગુનો નોંધ્યો છે.

જામનગરના આઈ શ્રી ખોડીયાર મિત્ર મંડળ સંઘ દ્વારા જામનગર થી માટેલ પદયાત્રા માટે સંઘ રવાના થયો હતો, અને તેમાં અનેક પદયાત્રીઓ જોડાયા હતા.જે પદયાત્રીઓનો સંઘ જામનગર-રાજકોટ રોડ પરથી પદયાત્રા કરીને પસાર થઈ રહ્યો હતો, જે દરમિયાન ધ્રોળ નજીક પાછળથી આવી રહ્યા હતા એમ.પી. ૯. એમ.ક્યુ. ૪૦૯૬ નંબરના બાઈકના ચાલકે જામનગરમાં પ્રગતિ પાર્ક સોસાયટીમાં રહેતા દીપકભાઈ ગગુભાઈ બારડ (ઉંમર ૫૬)ને હડફેટમાં લઈ લેતાં તેઓ ગંભીર સ્વરૂપે ઘાયલ થયા હતા, અને પદયાત્રી સંઘમાં અફડા તફડીનો માહોલ સર્જાયો હતો. તેઓને તાત્કાલિક અસરથી ૧૦૮ નંબરની એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવાયા હતા, પરંતુ ફરજ પરના તબીબે તેઓને ગંભીર ઈજા થઈ થવાથી મૃત્યુ નિપજ્યું હોવાનું જાહેર કર્યું હતું. જેથી પદયાત્રી સંઘમાં ભારે કરુણતા સર્જાઈ હતી.

આ અકસ્માતના બનાવ અંગે મૃતક પદયાત્રી ના પુત્ર રવિભાઈ દીપકભાઈ બારડે ધ્રોલ પોલીસમાં બાઈક ચાલક સામે ફરિયાદ નોંધાવતાં ધ્રોલના પોલીસ હેડ કોન્સ્ટેબલ કે. એસ. દલસાણીયા બનાવના સ્થળે તેમ જ સરકારી હોસ્પિટલમાં દોડી ગયા હતા, અને મૃતદેહ નો કબજો સંભાળી પોસ્ટ મોર્ટમ કરાવ્યું છે, જ્યારે બાઈક ચાલક ભાગી છૂટ્યો હોવાથી તેની શોધખોળ ચલાવાઈ રહી છે.

# રાજકોટ: મોટા મવાના ફ્લેટમાંથી હાઈપ્રોફાઈલ જુગારધામ ઝડપાયું

## પ્રવીણ સંઘાણીના ફ્લેટમાં જુગાર રમતા મોરબીના સાત ખેલીઓ રૂ.૧૦.૮૦ લાખની રોકડ સાથે પકડાયા

## કાર, મોબાઈલ સહિત રૂ.૧૮.૭૩ લાખનો મુદ્દામાલ કબ્જે કરતી તાલુકા પોલીસ

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરના મોટા મોવા વિસ્તારમાં આવેલ ફ્લેટમાંથી હાઈ પ્રોફાઈલ જુગારધામ તાલુકા પોલીસની ટીમે પકડી પાડ્યું છે. પ્રવીણ સંઘાણીના ફ્લેટમાં જુગાર રમતા મોરબીના સાત ખેલીઓ સહિત કુલ આઠ શખ્સોની રૂ.૧૦.૮૦ લાખની રોકડ સાથે તાલુકા પોલીસે ધરપકડ કરવામાં આવી છે. જ્યારે મોબાઈલ અને કાર મળી કુલ રૂ. ૧૮.૭૩ લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.



પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર બગડીયા, ડીસીપી ઝોન-૨ જગદીશ બંગરવા, એસીપી બી જે ચૌધરીના માર્ગદર્શન હેઠળ તાલુકા પોલીસના પીઆઈ ડી.એમ. હરિપરાની સૂચનાથી સર્વેલ્ન્સ પીએસઆઈ એમ એચ મહારાજ તેમની ટીમ સાથે પેટ્રોલિંગમાં હતા. દરમ્યાન હેડ કોન્સ્ટેબલ હરપાલસિંહ જાડેજા, કોન્સ્ટેબલ મયુરસિંહ જાડેજા અને શિવભદ્રસિંહ ગોહિલને બાતમી મળી હતી કે, કાલાવડ રોડ પર મોટા મોવા વિસ્તારના અમરનાથ પાર્ક સ્થિત રેનબો સીટી-૨ નામના એપાર્ટમેન્ટના ત્રીજા માળે આવેલ ફ્લેટ નંબર ૩૦૨ માં પ્રવીણ સંઘાણી ભાડેથી રહે છે. જેઓ બહારથી માણસો બોલાવી નાલના નાણા ઉઘરાવી તીન પત્તીનો જુગાર રમાડી રહ્યા હોય અને હાલમાં જુગારના પાટલા મંડાયેલા હોય તેવી ચોક્કસ બાતમીના આધારે તાલુકા પોલીસની ટીમે દરોડો પાડતા પ્રવીણ [illegible]ભાઈ સંઘાણી (ઉ વ ૪૫ રહે રાજકોટ) નાલ ઉઘરાવતા તેમજ ભાવેશ પ્રવીણભાઈ પારજીયા(ઉ.વ.૪૩ રહે મોરબી), ભરત ગોરધનભાઈ સવસાણી(ઉ.વ.૫૧ રહે મોરબી), શાંતિલાલ ગોવિંદભાઈ ફેફર (ઉ.વ. ૫૦ રહે મોરબી), મનોજ દામજીભાઈ દલવાડીયા(ઉ.વ.૩૮ રહે મોરબી), રોહિત ત્રિભોવનભાઈ બાવરવા (ઉ.વ.૪૨ રહે મોરબી), સંજય બાબુભાઈ જીવાણી(ઉ.વ.૩૭ રહે મોરબી) અને પુનિત માવજીભાઈ કૈલા (ઉ.વ.૩૮ રહે મોરબી)ની રૂ. ૧૦,૮૦,૫૦૦ ની રોકડ તેમજ નવ મોબાઈલ ફોન અને કિયા કંપનીની કાર જેના નંબર જીજે-૩૬-એસી-૯૭૩૧ મળી કુલ રૂ.૧૮,૭૩,૫૦૦નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.

આ કામગીરીમાં પીઆઈ ડી એમ હરીપરા, પીએસઆઈ એમ એચ મહારાજ, હેડ કોન્સ્ટેબલ કૌશેન્દ્રસિંહ ઝાલા, હરપાલસિંહ જાડેજા, અજયભાઈ ભૂંડિયા, કોન્સ્ટેબલ સંજયભાઈ માંડાણી, મયુરસિંહ જાડેજા, શિવભદ્રસિંહ ગોહિલ, નિકુંજભાઈ મારવીયા, જયપાલસિંહ સરવૈયા, મહાવીરસિંહ જાડેજા, બલભદ્રસિંહ જાડેજા અને અક્ષયભાઈ નાથાણી રોકાયા હતા.

# જામનગર: રબ્બાની પાર્ક સોસાયટીમાં ધુપના ધુમાડાના પ્રશ્ને પાડોશીઓ બાખડયા આઠ ઘાયલ

**અબતક, જામનગર**

જામનગર ના મોરકંડા રોડ પર રબ્બાની પાર્ક સોસાયટીમાં રહેતા બે પાડોશીઓ વચ્ચે ઘરમાં કરેલા ધૂપના ધુમાડાના પ્રશ્ને બંને પરિવારો વચ્ચે તકારાત થયા બાદ ધીંગાણું ખેલાયું હતું, અને સામસામા હુમલા કરાયા હતા, જેમાં બંને પક્ષની આઠ વ્યક્તિઓ ઘાયલ થઈ છે. જે બનાવ મામલે બંને પક્ષની સામ સામે પોલીસ ફરિયાદ નોંધાવાઈ છે.

આ ફરિયાદ ની વિગત એવી છે કે જામનગરમાં મોરકંડા રોડ પર રબ્બાની પાર્ક શેરી નંબર-૧માં રહેતા કાસીમભાઈ ઈસાભાઈ હિંગોરા નામના ૨૩ વર્ષના યુવાને પોતાના ઉપર તેમજ પોતાના માતા, ભાઈ અને બહેન વગેરે ઉપર છરી ધોકા પાઈપ લાકડી જેવા હથિયારો વડે હુમલો કરી ઈજા પહોંચાડવા અંગે પાડોશમાં રહેતા માઈનોર બેન આસિફભાઈ ચૌહાણ, આસિફભાઈ ચૌહાણ, ઝાકીર મોહમ્મદ ગોરી, રેહાન ઝાકીરભાઈ ગોરી, આયાન રફાઈ, સોહિલ, નજમાબેન ઝાકીર ભાઈ ગોરી, ફિઝાબેન જાકીરભાઈ ગોરી અને સાનિયાબેન ઝાકીરભાઈ ગોરી સહિત નવ પાડોશીઓ સામે ફરિયાદ નોંધાવી છે.

પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર પાડોશી ઝાકીરભાઈ ગોરી ના ઘર નો ધૂપ નો ધુમાડો બહાર આવતાં તે ધુમાડાના કારણે પાડોશીઓને તકલીફ થતી હતી જે અંગે સમજાવવા જતાં બંને પરિવારો વચ્ચે ઝઘડો થયો હતો, અને મારામારી નો બનાવ બન્યો હોવાથી પોલીસ ફરિયાદ કરાઈ છે.

આ ઉપરાંત સામા પક્ષે માઈનોર બેન આસિફ હુસેન ચૌહાણ એ પોતાના ઉપર તેમજ પોતાના પરિવારના અન્ય ત્રણ સભ્યો પર હુમલો કરી ઈજા પહોંચાડવા અંગે પાડોશમાં રહેતા કાસીમ ઈશાભાઈ હિંગોરા, ગુલશનબેન અકબરભાઈ ચમડીયા, ખેરુબેન ઈસાભાઈ હિંગોરા, ઈસાભાઈ ઓસમાણભાઈ હિંગોરા, મોયુનુંદિન ઈસાભાઈ હીંગોરા અને મુસ્કાન ઈશાભાઈ હિંગોરા સહિત છ સામે વળતી ફરિયાદ નોંધાવી છે. તમામ ઈજાગ્રસ્તોને જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર અપાઈ છે. સમગ્ર મામલે સીટી એ. ડિવિઝન પોલીસ વધુ તપાસ ચલાવે છે.

(પહેલા પાનાનું ચાલું)

### મોદીની દોસ્તી...

૭૦% સુધીનો ટેરિફ લાદે છે જ્યારે અમેરિકા ભારતીય માલ પર સરેરાશ ૨.૪% નો ટેરિફ લાદે છે. આ અસમાનતા ઘટાડવા માટે, ભારત માટે નવા ટેરિફ દરો નક્કી કરવામાં આવ્યા છે.

ટ્રમ્પ દ્વારા લાદવામાં આવેલા આ પારસ્પરિક ટેરિફથી ભારતના મુખ્ય નિકાસ ક્ષેત્રો જેમ કે ઓટોમોબાઈલ, જ્વેલરી, કાપડ, ફાર્માસ્યુટિકલ, ઈલેક્ટ્રોનિક્સ વગેરે પર અસર થશે. એવો અંદાજ છે કે આના પરિણામે યુએસ નિકાસમાં ૨ થી ૭ બિલિયન ડોલરનો ઘટાડો થઈ શકે છે.

રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત સહિત ઘણા દેશો પર અલગ અલગ દરે ટેરિફ લાદ્યા છે. આ દરો અમેરિકન માલ પર લાદવામાં આવેલા ટેરિફના આધારે નક્કી કરવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે યુએસ ટેરિફની અસર ભારતના ફાર્માસ્યુટિકલ્સ, ઓટોમોબાઈલ, કૃષિ અને કાપડ ઉદ્યોગો પર થવાની સંભાવના છે.

### વકફ...

અમે વકફ સાથે કોઈ છેડછાડ કરી નથી. વકફ બોર્ડ અને વકફ કાઉન્સિલ માટે સુધારા કરવામાં આવ્યા છે. તેનું કાર્ય વહીવટી છે. વક્ફ બોર્ડ ધાર્મિક પ્રવૃત્તિઓ કરવાનું માનવામાં આવતું નથી. અમે મુતવલ્લીને સ્પર્શ પણ નથી કરી રહ્યા. અસદુદ્દીન ઓવૈસીએ સંસદમાં વક્ફ બિલનો વિરોધ કર્યો અને કહ્યું કે તે કલમ ૨૫ અને ૨૬નું ઉલ્લંઘન છે. તેમણે વધુમાં કહ્યું કે વક્ફ બિલ મુસ્લિમો સાથે અન્યાય છે.

અત્યાર સુધી એવું થતું આવ્યું છે કે, કોઈ પ્રોપર્ટી અમુક સમયગાળા માટે ધાર્મિક હેતુસર મુસ્લિમો દ્વારા ઉપયોગમાં લેવામાં આવી હોય તો વક્ફ તે પ્રોપર્ટીને પોતાને હસ્તક લઈ લેતું હતું. આ રીતે સરકારી જમીનો પણ વક્ફ હસ્તક જતી રહી છે. નવું બિલ આ મુદ્દે તપાસ કરવાની છૂટ આપશે. એના અંતર્ગત કાયદેસર વક્ફ સંપત્તિ તો વક્ફ પાસે જ રહેશે, પણ જે સંપત્તિ ફક્ત વપરાશને કારણે વક્ફ હસ્તક લઈ લેવાઈ છે, એ સરકાર પાછી લઈ શકશે.

### રાજ્યની તિજોરી...

આવક નાણાકીય વર્ષ ૨૦૨૫માં રૂ. ૧.૧૯ લાખ કરોડ થઈ.

રાજ્યની જીએસટી હેઠળની માફી યોજનાને પણ કરદાતાઓ તરફથી સારો પ્રતિસાદ મળ્યો, જેમાં ૪,૧૨૦ વિવાદિત કેસ - જે રૂ. ૫૮૩ કરોડના હતા - પાછા ખેંચી લેવામાં આવ્યા હતા. વધુમાં, રાજ્ય કર વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલા લગભગ ૧૦,૨૧૧ કેસોમાં, કરદાતાઓએ ફક્ત કર રકમની પતાવટ કરીને આ યોજનાનો લાભ લીધો. આના પરિણામે ૨૭૩ કરોડ રૂપિયાનું કલેક્શન થયું, જ્યારે આ પહેલ હેઠળ અંદાજિત ૪૭૯ કરોડ રૂપિયાનો દંડ અને વ્યાજ માફ કરવામાં આવ્યું.

### મેમોગ્રાફી...

છતાં, જાગૃતિના અભાવ અને પાયાવિહોણા રેડિયેશનના ભયને કારણે માત્ર ૧.૩% ભારતીય મહિલાઓ મેમોગ્રાફી કરાવે છે.

એક્સ-રેનો ઉપયોગ કરીને સ્તનોની તપાસ, જેને તબીબી ભાષામાં મેમોગ્રાફી તરીકે ઓળખવામાં આવે છે, ડોકટરો સલાહ આપે છે કે ૪૦ વર્ષ અને તેથી વધુ ઉંમરની બધી સ્ત્રીઓએ ઓછામાં ઓછા બે વર્ષમાં એક વાર સ્ક્રીનીંગ પ્રક્રિયામાંથી પસાર થવું જોઈએ.

જોકે, અભ્યાસ મુજબ, દેશમાં ૪૫ વર્ષ અને તેથી વધુ ઉંમરની દર ૧૦૦ માંથી માત્ર ૧ મહિલા મેમોગ્રાફી કરાવે છે, જે આફ્રિકન દેશોમાં મેમોગ્રાફી દર (૪.૫%) કરતા ઓછો છે. યુરોપ અને અમેરિકામાં, સમયાંતરે મેમોગ્રાફી દર ૮૪% જેટલો ઊંચો છે. ભારતમાં મેમોગ્રાફીનો સૌથી વધુ વ્યાપ કેરળ (૪.૫%) માં છે, ત્યારબાદ કર્ણાટક (૨.૯%), લક્ષદ્વીપ (૨.૭%) અને મહારાષ્ટ્ર (૨.૦૫%) નો ક્રમ આવે છે. દિલ્હીમાં, ૪૫ વર્ષ અને તેથી વધુ ઉંમરની સ્ત્રીઓમાં મેમોગ્રાફી દર ૧% કરતા ઓછો છે.

### "હરિદ્વાર નગરી"...

'ડ્રાય ઝોન' રહે છે, જ્યાં માંસ, માંસાહારી ખોરાક અને દારૂનું વેચાણ પ્રતિબંધિત છે. આ પગલાથી, આખા શહેરમાં હવે કસાઈની દુકાનો રહેશે નહીં, જોકે પ્રતિબંધિત ઝોનની બહાર માંસાહારી વસ્તુઓ હજુ પણ ઉપલબ્ધ રહેશે. જે અંગે તમામ કસાયોને સ્થળાંતર વિશે જાણ કરવામાં આવી છે તેમજ આમ છતાં બાકીની ગેરકાયદેસર દુકાનો સિલ કરવામાં આવશે. આ સ્થળાંતર શહેરમાં સ્વચ્છતા સુધારવામાં મદદ કરશે અને રખડતા કૂતરાઓના ત્રાસને પણ નિયંત્રિત કરશે.

સ્થાનિક રહેવાસીઓ લાંબા સમયથી જ્વાલાપુર માંસ બજારને સ્થાનાંતરિત કરવાની માંગ કરી રહ્યા છે, જેમાં નબળી સ્વચ્છતા અને અયોગ્ય કચરાનો નિકાલ હોવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. રહેણાંક વિસ્તારોમાં પરમિટ વિના ચાલતી ચિકન દુકાનો સામે પણ આવી જ ફરિયાદો ઉઠી છે.

### લગ્નનું વચન ભંગ...

અને છોકરી વગેરે વચ્ચેનો કોઈપણ સંબંધ સજાપાત્ર બની જશે.

પીડિતા તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ માધવી દિવાને કહ્યું હતું કે, આ પ્રેમ સંબંધમાં ખટાશ આવવાનો કેસ નથી પરંતુ ગોઠવાયેલા લગ્નની સ્થિતિ છે. હાલના કેસમાં સંમતિને સ્વતંત્ર સંમતિ કહી શકાય નહીં. તેણીની સગાઈ તોડવી એ સામાજિક નિષેધ હશે. તેણી વિચારે છે કે જો તેણી તેને ખુશ ન કરે તો તે તેની સાથે લગ્ન ન પણ કરે. તેમની સગાઈ થઈ ગઈ હતી. તે તેના માટે કેઝ્યુઅલ સેક્સ હોઈ શકે છે પણ સ્ત્રી માટે નહીં તેમ દિવાને કહ્યું હતું. ત્યારબાદ સુપ્રીમ કોર્ટે કેસની વિગતવાર તપાસ કરવાનો નિર્ણય લીધો હતો.

### રિલાયન્સ "જીઓ"...

કરોડ રૂપિયાનું નુકસાન થયું. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે બીએસએનએલ મેસર્સ રિલાયન્સ જિયો ઈન્ફોકોમ લિમિટેડ માસ્ટર સર્વિસ એગ્રીમેન્ટનો અમલ કરવામાં નિષ્ફળ ગઈ છે. બીએસએનએલ શેર્ડ ટાવર્સ જેવા ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં વપરાતી વધારાની ટેકનોલોજી માટે બિલ આપ્યું નથી. આના પરિણામે મે ૨૦૧૪ અને માર્ચ ૨૦૨૪ વચ્ચે સરકારી તિજોરીને ₹૧,૭૫૭.૭૬ કરોડનું નુકસાન થયું હતું અને તેના પર દંડાત્મક વ્યાજ પણ ચૂકવવું પડ્યું હતું. એવું પણ જાણવા મળ્યું કે બીએસએનએલે ઈન્ફ્રાસ્ટ્રક્ચર શેરિંગ ચાર્જ પણ ઓછો ચૂકવ્યો હતો.

(છેલ્લા પાનાનું ચાલું)

### પ્લેન ક્રેશ...

બ્રિગેડ ની ટુકડીને દોડતી કરાવવામાં આવી હતી, અને જામનગર મહાનગરપાલિકા ની ફાયર શાખાની ટીમ ઘટના સ્થળે તુરત જ પહોંચી ગઈ હતી. અને આગ બુજાવવાની કામગીરી હાથ ધરી હતી. આ ઘટના બાદ સુવરડા ગામ અને આસપાસના ગ્રામજનો મોટી સંખ્યામાં એકત્ર થઈ ગયા હતા, અને ભારે દેકારો બોલી ગયો હતો. પોલીસ વિભાગની ટીમ તથા એરફોર્ષ વગેરેની ટીમે દોડી જઈ સમગ્ર વિસ્તારને કોર્ડન કરી લીધો હતો.

### કોંગ્રેસ પ્રમુખ...

૮ અને ૯ એપ્રિલના રોજ અમદાવાદ ખાતે કોંગ્રેસનું રાષ્ટ્રીય અધિવેશન મળવાનું છે. તે પૂર્વે આજથી રાજધાની દિલ્હીમાં કોંગ્રેસ હાઈકમાન્ડ દ્વારા દેશના ૭૦૦ જીલ્લા પ્રમુખો સાથે બેઠક યોજવામાં આવશે.

દિલ્હી ખાતે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુનજી અને લોકસભા વિપક્ષ નેતા રાહુલ ગાંધી સાથે ગુજરાત કોંગ્રેસના જિલ્લા પ્રમુખઓ સાથે બેઠક યોજાશે આજે ગુજરાત કોંગ્રેસના ૩૩ જિલ્લા પ્રમુખ અને ૧૦ શહેર પ્રમુખઓની દિલ્હી ખાતે મિટિંગમાં ભાગ લીધો હતો.

દેશના તમામ જિલ્લા પ્રમુખઓ સાથે કોંગ્રેસ પ્રમુખ અને શીર્ષ રાષ્ટ્રીય નેતૃત્વ સંવાદ કરશે આજે ગુજરાત પ્રદેશ પ્રમુખ ી શક્તિસિંહ ગોહિલ અને વિપક્ષ નેતા અમિત ચાવડા દિલ્હી ગયા છે.

સંગઠનમાં જિલ્લા પ્રમુખઓની જવાબદારી વધશે. આજથી ત્રણ દિવસ માટે "ભારતનાં ૭૦૦ જીલ્લા અધ્યક્ષોને દિલ્હી ખાતે અગત્યની બેઠક શરુ થયું છે. આ બેઠક નવી દિલ્હીમાં ત્રણ બેચમાં યોજાશે.

કોંગ્રેસ એકશનમાં આવી છે. આ પ્રોજેક્ટની શરૂઆત ગુજરાત કોંગ્રેસથી કરવામાં આવશે

ગુજરાતમાં મ્યુનિસિપલ કોર્પોરેશનની ચુંટણીઓ અને વિધાનસભાની ચૂંટણીઓ આવી રહી છે ત્યારે ફોકસ ગુજરાત કોંગ્રેસ હવે પોતાના સંગઠનને મુજબૂત કરવા માટે વિચારી રહી છે ત્યારે ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટીએ દેશભરના ૭૦૦ જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખો સાથે ૩ દિવસની બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે.

કોંગ્રેસની નવી રણનીતિ આ બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય એક નવું સંગઠનાત્મક માળખું અમલમાં મૂકવાનો છે જે પાયાના સ્તરે પાર્ટીને મજબૂત બનાવશે.

આવતા સપ્તાહે અમદાવાદ ખાતે બે દિવસ માટે યોજનારા કોંગ્રેસના રાષ્ટ્રીય અધિવેશનની તડામાર તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. અલગ અલગ કમિટીઓની રચનાની રચના કરવામાં આવી છે. ખુદ વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી પણ અધિવેશનની તૈયારીઓની સમીક્ષા કરવા માટે અમદાવાદની મુલાકાતે આવ્યા હતા. રાષ્ટ્રીય અધિવેશન પૂર્વે આજથી જીલ્લા અને શહેર પ્રમુખો સાથેની ત્રણ દિવસની બેઠક ખુબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે.

### માધવપુર મેળો...

દ્વારકા ખાતે પણ આ મેળાની ઉજવણીના ભાગરૂપે સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. માધવપુર મેળામાં સ્પોર્ટ્સ ઓથોરિટી ઑફ ગુજરાત દ્વારા આયોજિત બીચ સ્પોર્ટ્સ ફેસ્ટિવલ પણ આકર્ષણનું કેન્દ્ર બનશે. જેમાં ૬૦૦થી વધુ ખેલાડીઓ વિવિધ રમત-ગમત પ્રવૃત્તિઓમાં ભાગ લેશે.

બીચ ફૂટબોલ અને બીચ કબડ્ડીની રમતોમાં સમગ્ર ગુજરાતના ખેલાડીઓ ભાગ લેશે જ્યારે અન્ય રમતોમાં સ્થાનિક ખેલાડીઓ તેમની પ્રતિભાનું પ્રદર્શન કરશે. ખેલાડીઓ માટે પોરબંદર અને જૂનાગઢ ખાતે અનુક્રમે નટવરસિંહજી ક્રિકેટ હોસ્ટેલ, સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ અને અન્ય સ્થાનિક જગ્યાએ રહેવાની સુવિધા ઉપલબ્ધ છે. આ ઉપરાંત, તેમને સ્પોર્ટ્સ વેન્યૂ સુધી પહોંચાડવા માટે ટ્રાન્સપોર્ટેશન સુવિધા પણ મળશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકાર દ્વારા આ વર્ષે ૧૮થી ૨૧ માર્ચ દરમ્યાન સોમનાથ ખાતે બીચ સ્પોર્ટ્સ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું હતું. હવે માધવપુર ઘેડ મેળામાં પણ બીચ સ્પોર્ટ્સ ફેસ્ટિવલ દ્વારા ખેલાડીઓને ખીલવાની તક મળવા જઈ રહી છે. આ બીચ સ્પોર્ટ્સ ફેસ્ટિવલ ખેલાડીઓ માટે તેમની પ્રતિભા દર્શાવવાની અને દરિયા કિનારાના સુંદર વાતાવરણમાં રમતોનો આનંદ માણવાની અનોખી તક પૂરી પડે છે.

### વકીલો માટે વ્યવસ્થા...

બેઠક વ્યવસ્થા બનાવવામાં આવશે.

જે અંતર્ગત જામનગરમાં રૂ.૩૨.૪૦ કરોડ મંજૂર કરવામાં આવ્યા છે. આ ઉપરાંત ગાંધીનગરમાં રૂ.૭.૨૦ કરોડ, ભાવનગરમાં રૂ.૧૪.૪૩ કરોડ, મોરબીમાં રૂ.૭.૭૮ કરોડ, મહિસાગર-લુણાવાડામાં રૂ.૧.૫૪ કરોડ, નડિયાદ- ખેડામાં રૂ.૯.૮૨ કરોડ, આણંદ-બોરસદમાં રૂ.૩.૨૩ કરોડ તથા છોટા ઉદેપુરમાં રૂ.૫.૬૦ કરોડ મંજૂર કરવામાં આવ્યા છે.

### નાગરિકોના કામ...

અને ફરિયાદનું સત્વરે નિકાલ થાય તેવા પ્રયાસો હાથ ધરવા કહેવામાં આવ્યું છે.

લાંબા સમય સુધી અરજીનો નિકાલ ન કરતા અધિકારી-કર્મચારી સામે કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

પ્રવકતા મંત્રીએ વધુમાં જણાવ્યું હતુ કે, રાજ્યની સરકારી કચેરીઓ/સંસ્થાઓમાં સેનિટેશન, સ્વસ્છતા, પીવાના પાણીની બાબતોનું પણ ધ્યાન રાખવા અને ફાયર લાયસન્સ, એનઓસીની ચકાસણી કરવા માટેની પણ તાકીદ કરવામાં આવી હતી.

મુખ્યમંત્રીના સ્વાગત કાર્યક્રમમાં સતત એવી ફરિયાદો ઉઠી રહી છે કે સરકારી કચેરીઓમાં વારંવાર ધક્કા ખાવા છતા અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા તેઓના કામને અગત્યતા આપવામાં આવતી નથી. જવાબદારીની ફેંકાફેંકી કરવામાં આવે છે અને અરજદારને દડાની માફક એક ટેબલથી બીજા ટેબલ સુધી ધક્કા ખવડાવવામાં આવે છે. સરકારી કચેરી પ્રત્યે જન માનસમાં જે છાપ કેન્દ્રીત થઈ ગઈ છે. તેને ભૂંસવા અને સરકાર પ્રત્યે લોકોમાં નવો જ વિશ્વાસ ઉભો થાય તે પ્રકારની કાર્યવાહી કરવાનો પ્રયાસ સરકાર દ્વારા કરવામાં આવી રહ્યો છે.

### ઈજનેર અજય વેગડ...

તા.૧-૪-૨૦૧૪ થી લઈ તા. ૩૦-૬-૨૦૨૪ સુધીના સમયગાળા દરમિયાન નાણાંકિય વ્યવહારોનુ વિશ્લેષણ કર્યું હતું. તપાસ દરમિયાન એસીબીને જાણવા મળ્યું હતું કે તેણે આ સમયગાળા દરમિયાન પોતાના તથા પરિવારના સભ્યોના અલગ-અલગ બેન્ક ખાતાઓમાં રૂ. ૬૫.૯૭લાખની રોકડ રકમ જમા કરાવી હતી. એસીબીના સૂત્રોએ જણાવ્યું હતુ કે આરોપી અજય વેગડે એફડી, શેર માર્કેટ, પોસ્ટ અને મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કર્યાની માહિતી મળી છે.

### અમૂલ...

વૈશ્વિક સ્તરે પણ એક જાણીતી અને વિશ્વસનીય બ્રાન્ડ છે. એમ તેના એમડી જયેન મહેતાએ જણાવ્યું હતું.જીસીએમએમએફનું ટર્નઓવર ૨૦૨૩-૨૪માં ૮% વધીને રૂ. ૫૯,૨૫૯ કરોડ થયું છે. જયેન મહેતાએ જણાવ્યું હતું કે, "અમે તમામ પ્રોડક્ટ કેટેગરીમાં ડબલ ડિજિટ મેળવ્યા છે. અમૂલ ઉત્પાદનો સમગ્ર ભારતમાં લોકપ્રિય છે અને ભારતીય સંસ્કૃતિનો એક ભાગ બની ગયા છે.ગુજરાતના ખેડૂતો અને સહકારી મંડળીઓ અમૂલના વિકાસમાં મહત્વનો ભાગ ભજવે છે.અમૂલની સફળતા એ સહકારી મોડેલનું એક ઉત્તમ ઉદાહરણ છે અને ભારતીય ડેરી ઉદ્યોગના વિકાસમાં તેનું મહત્વનું યોગદાન છે. ભારતમાં ડેરી ઉત્પાદનોનો સૌથી મોટો નિકાસકાર છે. તેના ઉત્પાદનો વિશ્વના ઘણા દેશોમાં નિકાસ થાય છે, જેમાં યુએસએ, મધ્ય પૂર્વ અને એશિયાના દેશોનો સમાવેશ થાય છે,તેની ગુણવત્તા અને પોષણયુક્ત ઉત્પાદનો માટે વૈશ્વિક સ્તરે માન્યતા પ્રાપ્ત છે. અમૂલનું સહકારી મોડેલ વિશ્વભરના વિકાસશીલ દેશો માટે એક ઉદાહરણ તરીકે કામ કરે છે,તે ખેડૂતોને સશક્તિકરણ અને ગ્રામીણ વિકાસને પ્રોત્સાહન આપે છે.અમૂલ વૈશ્વિક ડેરી બજારમાં અન્ય મોટી કંપનીઓ સાથે સ્પર્ધા કરે છે. તે સતત નવીનતા અને ગુણવત્તામાં સુધારો કરીને અમૂલ આંતરરાષ્ટ્રીય ગુણવત્તાના ધોરણોને પૂર્ણ કરે છે.અમૂલ એ માત્ર ભારતમાં જ નહીં પરંતુ વૈશ્વિક સ્તરે પણ ડેરી ઉદ્યોગમાં એક મહત્વપૂર્ણ ખેલાડી છે. તેનું સહકારી મોડેલ અને ગુણવત્તાયુક્ત ઉત્પાદનો તેને વૈશ્વિક બજારમાં એક વિશિષ્ટ સ્થાન આપે છે.અમૂલ ડેરી સહકારથી સમૃદ્ધિનું એક ઉત્તમ ઉદાહરણ છે. અહીંવર્ષ ૨૦૨૩-૨૪ માં ૧૧ ટકાનો વધારો નોંધાવ્યો છે, જે તેની મજબૂત કામગીરી દર્શાવે છે.અમૂલની આવક રૂ. ૬૫,૯૧૧ કરોડ થઈ છે. વૃદ્ધિ તમામ ઉત્પાદન શ્રેણીઓમાં વેચાણ વોલ્યુમમાં વધારાને કારણે થઈ છે અમૂલ ડેરી ખેડૂતો માટે અમૃત સમાન છે, જે તેમને સ્થિર આવક અને આર્થિક સુરક્ષા પ્રદાન કરે છે. .અમૂલની સફળતા એ સહકારની શક્તિ અને ખેડૂતોના સમર્પણનું પ્રમાણ છે.અમૂલનું સૂત્ર "અમૂલ દૂધ પીતા હૈ ઈન્ડિયા" એ માત્ર એક જાહેરાત નથી, પરંતુ તે ભારતીય ડેરી ઉદ્યોગમાં અમૂલના મહત્વને દર્શાવે છે. અમૂલ ભારતના દરેક ખૂણે પહોંચે છે, શહેરોથી લઈને દૂરના ગામડાઓ સહીદ દેશ-વિદેશમાં ફેલાયેલું છેતેની વ્યાપક વિતરણ પ્રણાલી લાખો ભારતીયોને દરરોજ તાજું અને પોષણયુક્ત દૂધ પૂરું પાડે છેઅમૂલ ગુણવત્તાયુક્ત ડેરી ઉત્પાદનો માટે જાણીતું છે. ગ્રામીણ અર્થતંત્રને મજબૂત બનાવે છે અને ડેરી ખેડૂતોને સ્થિર આવક પ્રદાન કરે છે. અમૂલ ઉત્પાદનો હવે માત્ર ભારતમાં જ નહીં, પરંતુ વિશ્વના ઘણા દેશોમાં પણ ઉપલબ્ધ છે.તેથી, "અમૂલ દૂધ પીતા હૈ ઈન્ડિયા" એ માત્ર એક સૂત્ર નથી, પરંતુ ભારતીય ડેરી ઉદ્યોગમાં અમૂલના મહત્વ અને લોકપ્રિયતાનું પ્રતિબિંબ છે.

# કાલાવડ: ભરવાડ સમાજના અગ્રણી હરીબાપાનું અવસાન

**અબતક, રાજુ રામોલિયા, કાલાવડ**



જામનગર જિલ્લા ભરવાડ સમાજ અગ્રણી ધર્મ, શિક્ષણ, ગૌસેવા ને જીવન માં સાંસ્કારગત કરનાર રામદેવપીર દેવસ્થાન સમિતિ (હીરાભગતની જગ્યા) નવા રણુજા (દેવપુર), તાલુકો કાલાવડ, જિલ્લા જામનગરના મેનેજીંગ ટ્રસ્ટી તેમજ ગોપાલક કન્યા છાત્રાલય - રાજકોટના સ્થાપક ટ્રસ્ટી, આણંદપર ગામના વતની સ્વ. હરિભાઈ મેઘાભાઈ ટોયટા ની નિઃસ્વાર્થ સેવાઓને ભરવાડ સમાજ કાયમી યાદ રાખશે.

કાલાવડ તાલુકાનું રણુજાધામ રામદેવપીર મંદીર હીરાભગતની જગ્યા મા જેમણે રાત દીવસ સેવા આપી જગ્યાનુ સંચાલન તેમજ જાળવણી કરીને જગ્યાની કાયાપલટ કરી અનોખુ ઉદાહરણ બેસાડી દીધુ સાથે શિક્ષણ પ્રત્યેય પણ એટલી જ રુચિ દાખવી છે. દર વર્ષે જે દિકરીઓ કે દિકરાઓ ની આર્થિક પરિસ્થિતિ નબળી હોય તેની ફી હરિબાપા એ આપી દીધેલ આવા પરોપકારી હરીબાપા ટોયટા તા.૩૧ ને સોમવાર ના અવસાન થયેલ છે. તેમની અચાનક વિદાય થી સમાજ ને મોટી ખોટ પડી છે.

# દુઃખદ અવસાન

## સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

### રાજકોટ જિલ્લા રોજગાર અધિકારી ચેતનભાઈ દવેના માતુશ્રીનુ અવસાન



**રાજકોટ::** સૌરાષ્ટ્ર બાજ ખેડાવાળ બ્રાહ્મણ મૂળ રાણસીકી હાલ રાજકોટ નિર્મળાબેન જયશંકરભાઈ દવે(ઉ.૭૩) તે સ્વ.જયશંકરભાઈ(ભીખુભાઈ)ના પત્ની તથા ઉપેન્દ્રભાઈ દવે, ચેતનભાઈ દવે (જિલ્લા રોજગાર અધિકારી રાજકોટ),યોગેશભાઈ દવેના માતુશ્રી તેમજ વિરલબેન અને દિપ્તીબેનના સાસુ તથા શિવાની, શાંતનુ, કેદારના દાદી તથા કિરીટભાઈ અને જગદીશભાઈના ભાભી તથા છેલભાઈ, સ્વ. ગુણુભાઈ,સ્વ.ત્રંબકભાઈ અને નરેન્દ્રભાઈ ખંભોળીયા (સુલતાનપુર)ના બહેન તથા દિવ્યેન, ધર્મેશ, માધવી કૃતાર્થ કુમાર દવે, મંદીપ, આશુતોષના ભાભુનુ તા.૨ના અવસાન થયેલ છે. બેસણું તા.૪ ને શુક્રવારે સાંજે ૪ થી ૬ ધૂમકેતુ હોલ, રોયલ પાર્ક, કાલાવડ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.



**રાજુલાઃ** ગામ રાજુલા નિવાસી (કાઠી ગોર ) રાજગોર બ્રાહ્મણ સ્વ.કાનજીભાઈ રણછોડભાઈ મહેતા ગામ રાજુલા. (ઉ.વ.૮૪) તે ઉમેશભાઈ મહેતા , દેવાંગભાઈ મહેતા, હર્ષાબેન જગદીશભાઈ વેગડા, ભાવનાબેન ભરતભાઈ જોષી (સાવરકુંડલા), નયનાબેન જગદીશભાઈ જોષી (વિસાવદર), દયાબેન દિનેશભાઈ દવે (રાજુલા) નાં પિતા, ઘનશ્યામભાઈ જીવરામ મહેતા, જીતુભાઈ જીવરામભાઈ મહેતા ના કાકા, કુલદીપભાઈ, જયનીલભાઈ, દિપકભાઈ, પ્રણવભાઈ, ગોપાલભાઈ, રજનીભાઈ ના દાદા, બળવંતભાઈ જાની, ભરતભાઈ જાની વાવેરાના બનેવી નું તારીખ ૧/૪ ને મંગળવાર ના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તારીખ ૩ ને ગુરુવારના રોજ બપોરે ૩ થી ૬ તેમના નિવાસ સ્થાને બાવળિયા વાડી, ધરતી મારબલ વાળી શેરી, જાફરાબાદ રોડ રાજુલા ખાતે રાખવામાં આવેલ છે

**રાજકોટઃ** રાજેશભાઈ વલ્લભભાઈ વાઘેલા (મુળ ધોરાજી, હાલ રાજકોટ) તે વલ્લભભાઈ નારણભાઈ વાઘેલાના પુત્ર, દિપકભાઈ, રીટાબેનના નાનાભાઈ, નિયતિના પિતાનું તા.૧ ને મંગળવારના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૪ ને શુક્રવાર સાંજે ૫ થી ૭ કલાકે ગુરુકૃપા અંબાજી કડવા પ્લોટ મેઈન રોડ, ગરબી ચોક પાસે, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** કાંતિલાલ શામજીભાઈ પાટડીયા (ઉ.વ.૮૫) તેઓ શામજીભાઈના પુત્ર નાગરદાસ, હસમુખભાઈ, અરવિંદભાઈ, પ્રવીણભાઈના ભાઈ, પ્રશાંતભાઈના પિતા, કમલ, હેમલના દાદા, નાગરદાસ ગંગારામભાઈ રાણપરા (ટીકરવાળા)ના જમાઈનું તા. ૨ ને બુધવારના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું આજે સાંજે ૪ થી ૫ દરમિયાન પારેખવાડી ખત્રીવાડ ખાતે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# સિહોર વિદ્યામંજરી જ્ઞાનપીઠમાં શૈક્ષણિક માર્ગદર્શન સેમિનાર યોજાયો






**અબતક, આનંદ રાણા, સિહોર**

સિહોર શહેરની સુપ્રસિધ્ધ શૈક્ષણિક સંસ્થા સંસ્કૃતિ સ્કૂલ,વિદ્યામંજરી જ્ઞાનપીઠ કેમ્પસ ખાતે તા. ૧- ૪-૨૦૨૫ ને મંગળવારના રોજ મોટીવેશનલ સ્પીકર નિકુંજભાઈ પંડ્યાનો શૈક્ષણિક માર્ગદર્શન સેમિનાર યોજાયો. આગામી શૈક્ષણિક વર્ષ-૨૦૨૫-૨૬માં ધોરણ-૧૦ અને ૧૨ આવનાર વિદ્યાર્થીઓ માટે વક્તા દ્વારા શૈક્ષણિક માર્ગદર્શન પુરૂ પાડવામાં આવેલ.આ કાર્યક્રમમાં ટ્રસ્ટી અને સંચાલક પી.કે.મોરડિયા, કેમ્પસ ડાયરેક્ટર, આચાર્ય,શિક્ષકગણ તેમજ બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતાં.વક્તા નિકુંજભાઈ પંડ્યા દ્વારા વિદ્યાર્થીઓને શ્રીમદ્ ભગવતગીતા,ભારતીય સંસ્કૃતિ,વૈદિક વિચારો એકાગ્રતા,સાહસ,ઉદ્યમ,ધૈર્ય તથા સ્પર્ધાત્મક યુગમાં કેવી રીતે તૈયારી કરી આગળ વધવુ તે વિશે જ્ઞાન આપ્યુ હતું તેમજ એ પણ સમજાવ્યું કે માત્ર વિચારોથી સફળતા મળતી નથી મહેનતથી સફળતા મળે છે અને ધ્યેય પ્રાપ્ત થાય છે.અને વક્તાએ વિદ્યાર્થીઓને હંમેશા પોઝીટીવ વિચારો રાખી જીવનમાં આગળ વધવાની વાત કરી હતી.આ કાર્યક્રમમાં ટ્રસ્ટી અને સંચાલક પી.કે.મોરડિયાએ મહેમાન નું મોમેન્ટો આપી સન્માન કરેલ આ કાર્યક્રમને સફળ બનાવવામાં શાળા પરિવારે ભારે જહેમત ઉઠાવી હતી.

ધોરણ ૧ થી ૮ ના વિદ્યાર્થીઓ કે જેમણે નેશનલ લેવલ આર્ટ કમ્પિટીશન ' ધ ડ્રીમ ' કમ્પિટીશન-૨૦૨૫ની વિવિધ સ્પર્ધાઓ જેવી કે,કલરીંગ,હેન્ડ રાઈટીંગ, કોલાજ, ડ્રોઈંગ એન્ડ કલરીંગ તથા કાર્ટૂન મેકીંગ સ્પર્ધાઓમાં ભાગ લઈ સ્થાન પ્રાપ્ત કરી શાળા પરિવારનું ગૌરવ વધારેલ .તે બદલ તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યાં શાળા પરિવાર હર્ષની લાગણી અનુભવે છે. શાળાના સંચાલક અને ટ્રસ્ટી પી.કે.મોરડિયા ,આચાર્ય સંગીતાબેન કોઠડિયા, સુપરવાઈઝર તથા શિક્ષકોનાં વરદ હસ્તે આ વિશિષ્ટ સિધ્ધિ હાંસલ કરતાં વિદ્યાર્થીઓને ટ્રોફી,ઈનામ તેમજ પ્રમાણપત્ર આપીને સન્માનિત કરવામાં આવેલ. અને આ વિદ્યાર્થીઓ પોતાના ક્ષેત્રમાં ઉત્તરોત્તર પ્રગતિ કરતાં રહે તેવી શુભેચ્છા પાઠવવામાં આવેલ.


# ઉપલેટા સેન હાલારી વાણંદ સમાજ દ્વારા કાલે લિમ્બચ માતાજી મહોત્સવ અને રાસોત્સવ

## યજ્ઞ, મહાઆરતી, મહાપ્રસાદ સહિતના વિવિધ કાર્યક્રમો

**અબતક, કીરીટ રાણપરીયા, ઉપલેટા**

ઉપલેટા સેન હાલારી વાણંદ સમાજ દ્વારા આવતીકાલે લિમ્બચ માતાજી મહોત્સવ તેમજ દિવ્ય રાસોત્સવ ૨૦૨૫નું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે.

આ આયોજન અંગે માહીતી આપતા સંત હાલારી વાણંદ સમાજ ઉપલેટાના પ્રમુખ સાગરભાઈ મારડીયા, ઉપપ્રમુખ ડિમ્પલભાઈ મારુ મંત્રી અભયભાઈ અધરાએ જણાવેલ કે સૌરાષ્ટ્ર સુદ આઠમ તા. ૫ ને શનિવાર લિમ્બચ માતાજીના પ્રાગટય દિવસ નિમિતે મહાયજ્ઞ તથા મહાપ્રસાદનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં આવતીકાલે તા. ૪ ને



શુક્રવાર સાંજે ૮ કલાકે દિવ્ય રાસોત્સવ, તા. ૫ ને શનિવારે સવારે ૭ કલાકે યજ્ઞનો શુભઆરંભ સવારે ૧૧.૩૦ કલાકે શ્રીફળ હોમવાનો સમય, બપોરે ૧૧.૩૦ કલાકે મહાઆરતી બપોરે ૧૨ કલાકે પ્રાસંગીક ઉદબોધન ને બપોરે ૧૨ કલાકે મહાપ્રસાદનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. આ તમામ પાવનકારી પ્રસંગને સ્થળ ડો. ટોલીયા રોડ, લોઢીયા વાડી ઉપલેટા મુકામે આયોજન કરેલ છે. આ યજ્ઞના આચાર્યપદે વિપુલભાઈ મહેતા બિરાજશે. શનિવારે યજ્ઞના દિવસે સેન હાલારી વાણંદ સમાજ પોતાના તમામ રોજગાર ધંધા બંધ રાખવા સમાજના હોદેદારોએ અપીલ કરી છે.

# જૂની દુધઈ: બળાત્કાર-લૂંટના આરોપીએ ગેરકાયદે બાંધકામ તોડી પાડ્યું



**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

દુધઈ પીઆઈ આર.આર વસાવાએ માહિતી આપતા જણાવ્યું કે,અંજાર તાલુકાના દુધઈ ગામના મફતપરા વિસ્તારમાં રહેતા અલારખા કાસમ સમા નામના આરોપી સામે પોલીસે કડક કાર્યવાહી કરી છે. આરોપી સામે મારામારી, લૂંટ અને બળાત્કારના ગુના નોંધાયેલા છે.

આરોપીએ જુની દુધઈ ભુજ-ભચાઉ હાઈવે રોડ પર સરકારી દવાખાનાની બાજુમાં આવેલી સરકારી જમીન પર દબાણ કર્યું હતું. આ જમીન પર તેણે ભેંસોનો તબેલો બનાવી પાકું બાંધકામ કર્યું હતું. પોલીસની નોટિસ બાદ આરોપીએ સ્વેચ્છાએ પોતાનું બાંધકામ તોડી પાડ્યું અને સરકારી જમીન ખાલી કરી છે.

# સાબર ડેરીના બાયડ શીતકેન્દ્ર ખાતે ૩૦૦ કિલો વોટ ક્ષમતાના સોલાર ઉર્જા ઉત્પાદન પ્લાન્ટનું લોકાર્પણ

**અબતક, સંજય દિક્ષીત, સાબરકાંઠા**



સાબરડેરી પણ વીજ ખર્ચમાં ઘટાડો થાય તથા પર્યાવરણ સુરક્ષાની દિશામાં સતત પ્રયત્ન કરી રહી છે.આજે સૌર ઊર્જાએ સ્વચ્છ અને પ્રદૂષણમુક્ત ઊર્જા સ્રોત છે તેના ઉપયોગથી કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો થાય છે, જે પર્યાવરણને સુરક્ષિત રાખવામાં મદદ કરે છે સાથે સાથે સૌર ઊર્જાના ઉપયોગથી વીજળીના ખર્ચમાં ઘટાડો કરી શકાય છે જેનો લાંબા ગાળે મોટો આર્થિક ફાયદો પણ થાય છે.

સાબરડેરી પણ ચેરમેન શામળભાઈ પટેલના નેતૃત્વમાં ખેડૂતોને વધુ વળતર આપવા હેતુ ખર્ચમાં બચત થાય એવા નિતનવા આયોજન હાથ ધરી રહી છે આ દિશામાં વીજ ખર્ચ માં બચત થાય તે માટે સાબરડેરી પ્લાન્ટ ખાતે ૧ મેગા વોટ અને પશુ સંવર્ધન કેન્દ્ર ખાતે ૫૦૦ કિલો વોટ સોલાર ઉર્જા ઉત્પાદન પ્લાન્ટ સ્થાપિત કરી કાર્યરત કરવામાં આવેલ અને શામળાજી-બાયડ અને ધનસુરા શીતકેન્દ્ર સોલાર ઉર્જા ઉત્પાદન પ્લાન્ટ માટેનું આયોજન હાથ ધરેલ જે અંતર્ગત આજે બાયડ શીતકેન્દ્ર ખાતે ૩૦૦ કિલો વોટ ક્ષમતાના સોલાર ઉર્જા ઉત્પાદન પ્લાન્ટનું લોકાર્પણ સાબરડેરી અને અમુલ ફેડરેશનના ચેરમેન શામળભાઈ પટેલના વરદ હસ્તે મેનેજિંગ ડિરેક્ટર સુભાષભાઈ પટેલની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું.


બાયડ ખાતે સ્થાપિત આ પ્લાન્ટ થી દૈનિક ૧૨૦૦ વીજ યુનિટ ઉત્પાદન થશે જેના લીધે વીજ બિલના ખર્ચમાં ૪૦-૫૦ % બચત થશે.સાબરડેરી દ્વારા પ્રતિ દિન અંદાજીત ૧૦૦૦૦ યુનિટ સૌર ઉર્જા ઉત્પાદનનો લક્ષ્ય રાખવામા આવ્યો છે નજીકના સમયમાં પરિપૂર્ણ થશે.

કાર્યક્રમ પ્રસંગે સાબરડેરીના અધિકારી ઉમેશભાઈ પટેલ,વિક્રમભાઈ પટેલ,ધવલભાઈ પટેલ, અનિમેષ રાવલ,ડો.એચ.એમ.પટેલ તથા નિમિષબેન ઉપસ્થિત રહ્યા હતા.

### માધવપુર મેળાના ભાગરૂપે

# સોમનાથમાં શનિવારે ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ ૪૦૦ કલાકારો કલાના કામણ પાથરશે

## કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજાની અધ્યક્ષતામાં કાર્યક્રમને સુનિયોજીત કરવા બેઠક મળી



**અબતક, અતુલ કોટેચા, વેરાવળ**

ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા તા. ૬થી ૧૦ એપ્રિલ દરમિયાન પોરબંદરના માધવપુર ખાતે ભગવાન કૃષ્ણ અને રૂક્મિણી વિવાહના ઉપલક્ષ્યમાં પરાપૂર્વથી યોજાતા પરંપરાગત મેળાના સંદર્ભમાં આ વર્ષે રાજ્ય સરકાર દ્વારા રાજ્યની ચાર જ્યાઓએ પ્રિ-ઈવેન્ટના ભાગરૂપે સાંસ્કૃતિક કાર્યક્રમ આયોજિત કર્યાં છે.

અમદાવાદ વડોદરા, સુરત અને શનિવારે સોમનાથ મંદિર પરિસરના ચોપાટી ગ્રાઉન્ડ ખાતે ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

જિલ્લા કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજાએ આ કાર્યક્રમ સુનિયોજીત રીતે આયોજીત થાય તે માટે જિલ્લાના અધિકારીઓ-પદાધિકારીઓ સાથે બેઠક યોજી હતી. કલેક્ટરએ ઈવેન્ટના ગ્રાઉન્ડની તૈયારીઓથી માંડીને લાઈટ, વીજળી, સ્વાગત-સત્કાર, કલાકારોની રોકાવાની વ્યવસ્થા તેમજ ભોજનની વ્યવસ્થા સહિતની વ્યવસ્થાઓની તલસ્પર્શી સમીક્ષા કરી અને તમામ વ્યવસ્થાઓ યોગ્ય રીતે ગોઠવાઈ તે માટે ઉપસ્થિત સર્વેને ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

સોમનાથ ખાતે યોજાનાર સાંસ્કૃતિક કાર્યક્રમમાં આસામ, મણિપુર, મેઘાલય, ત્રિપુરા જેવા ઉત્તર-પૂર્વના સાત રાજ્યોના ૨૦૦ કલાકારો અને રાજ્યના વિવિધ વિસ્તારોના ૨૦૦ કલાકારો મળી ૪૦૦ કલાકારો તેમની કલાના કામણ પાથરશે. સોમનાથ ખાતે યોજાનાર સાંસ્કૃતિક કાર્યક્રમમાં પોરબંદરનો મણિયારો રાસ, તલવાર રાસ, ડાંગી નૃત્ય સહિતની પ્રસ્તુતિઓ રજૂ કરવામાં આવશે. સાંજે ૦૭.૦૦ થી ૦૮.૦૦ દરમિયાન આ રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે. જેમાં પધારવા માટે કલેક્ટરએ જિલ્લાના નાગરિકોને સહર્ષ હાર્દિક અનુરોધ કર્યો છે.

આ બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ મંજૂલાબહેન મૂછાર, વેરાવળ-પાટણ સંયુક્ત નગરપાલિકા પ્રમુખ પલ્લવીબહેન જાની, નિવાસી અધિક કલેક્ટર રાજેશ આલ, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી જેમિની ગઢિયા, પુરવઠા અધિકારી પારસ વાંદા, પ્રાંત અધિકારી વિનોદ જોશી સહિત વિવિધ શૈક્ષણિક સંસ્થા, એન.જી.ઓ અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# જામનગર: લોહાણા મહાજન દ્વારા રામનવમી ધામધૂમથી ઉજવાશે

**અબતક, જામનગર**

જામનગર લોહાણા મહાજન દ્વારા પરંપરાગત રામનવમીના પરમકુપાળુ મર્યાદા પુરૂષોતમ ભગવાન શ્રી રામચંદ્રજીની અસીમ કૃપાથી તેમજ સંત શિરોમણી પૂ.જલારામ બાપાના આર્શિવાદથી ભગવાન શ્રી રામચંદ્રજીનો પ્રાગટ્ય મહોત્સવ ઉજવવાનું આયોજન કરેલ છે.

શ્રી મોદી લોહાણા મહાજનવાડી જામનગર ખાતે તા.૫-૪-૨૦૨૫ શનિવારના રાત્રે ૮-૦૦ થી ૧૦-૦૦ રામધુન અને સવંત ૨૦૮૧ ચૈત્ર સુદ - ૯ તા.૬-૪-૨૦૨૫ ને રવિવારના રામનવમીના પવિત્ર દિને ભગવાન શ્રી રામચંદ્રજીનો પ્રાગટ્ય મહોત્સવ ધામધુમથી ઉજવવામાં આવનાર છે, આ મંગલમય દિવસે સવારે ૧૦-૩૦ કલાકથી પૌરાણીક ધર્મસ્થાન શ્રી રામચંદ્રજી મંદિરમાં પૂજનવિધિ તથા ભગવાન શ્રી રામચંદ્રજી મંદિરના શિખરે ધ્વજારોહણ ચેતનભાઈ રતિલાલ માધવાણી - શિલ્પાબેન ચેતનભાઈ માધવાણી, નિલેષભાઈ હિરાલાલ ઠકરાર - હિનાબેન નિલેષભાઈ ઠકરાર, મુકેશભાઈ છેલભાઈ રાડીયા - ભાવનાબેન મુકેશભાઈ રાડીયા, જગદીશકુમાર વિઠ્ઠલદાસ દતાણી - આશાબેન જગદીશકુમાર દતાણી, વિરાજભાઈ અશોકભાઈ લાલ - રિધ્ધીબેન વિરાજભાઈ લાલ દ્વારા કરવામાં આવશે તથા ભગવાન શ્રી રામચંદ્રજી પ્રાગટ્ય આરતી બપોરે ૧૨-૦૦ કલાકે કરવામાં આવશે તો આ પ્રસંગે સર્વે જ્ઞાતિજનો તેમજ રામભક્તોને પધારવા માટે પ્રમુખ ભરતભાઈ મોદી અને મંત્રી રાજુભાઈ કોટેચા દ્વારા અનુરોધ કરાયો છે.

# લેઉવા પટેલ રાણપરિયા પરિવાર દ્વારા ધોળીધાર મુકામે નવકુંડી - નવચંડી મહાયજ્ઞ અને પ્રસાદનું આયોજન

## યજ્ઞમાં આચાર્ય પદે વિદ્વાન શાસ્ત્રી કિરણભાઈ દવે બિરાજશે

**અબતક, કીરીટ રાણપરીયા, ઉપલેટા**

સમસ્ત રાણપરિયા પરિવાર (લેઉવા પટેલ) દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ધોળીધાર મુકામે કુળદેવીના સાનિધ્યમાં ચૈત્રી વદ ૮ ને તા.૨૧ ને સોમવારે નવકુંડી નવચંડી મહાયજ્ઞ તેમજ સમુહ પ્રસાદનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે.

જામકંડોરણાના ધોળીધાર ગામે આગામી તા.૨૧ ને સોમવારે સમસ્ત રાણપરીયા લેઉવા પટેલ પરિવારના કુળદેવી ખોળીયાર માતાજીના મઢના સ્થાપિત દેવી-દેવતાઓ તથા સુરાપુરા દાદાની કૃપાથી માતાજીના સાનીધ્યમાં



નવકુંડી - નવચંડી મહાયજ્ઞ અને સમુહ પ્રસાદનું ભવ્ય આયોજન

કરવામાં આવેલ છે. જેમાં તા.૨૧ને સોમવારે સવારે ૬ કલાકે હેમાદ્રા, દશ વિધી સ્નાન, કળશ યાત્રા, મંડપ પ્રવેશ, ગણપતિ પુજા, સ્થાપિત દેવતાઓની પુજન વિધી, સ્વસ્તિ પ્રણ્યા હવાચન, અમૃતભિષેક, નાન્દી શ્રાધ્ધ, આચાયપદે બ્રાહ્મણોના વરણ, યજમાનોના વરણ, પંચતરે સંસ્કાર અગ્નિ સ્થાપિત દેવી-દેવતાઓની રાજોપચાર પુજન મહાઆરતી ધ્વજા આરોહણ ગૃહશાંતિ નવચંડી યજ્ઞ જેવા પાવનકારી પ્રસંગો યોજાય આ યજ્ઞમાં આચાર્યપદે વિદ્વાન શાસ્ત્રી કિરણભાઈ દવે બિરાજશે આ તકે બપોરે ૧૧.૩૦ કલાકે સમુહ પ્રસાદનું આયોજન કરવામાં આવેલ છે. યજ્ઞમાં બેસવા તેમજ વધુ માહીતી માટે નારણભાઈ મો. નં. ૯૨૬૫૨ ૩૧૮૦૦ ઉપર સંપર્ક કરવો.

# ઉપલેટા: ડી.ડી.જવેલર્સના લક્કી ડ્રોમાં ગ્રાહકોને મળ્યા કાર સહિત ૨૫૧ લાખેણા ઈનામો

## ડી.ડી.પરિવારના માતૃશ્રી ચંદ્રીકાબેન ધોળકીયાના હસ્તે વિજેતાને કાર અર્પણ



તસવીર : શહેઝાદ બાદશાહ

**અબતક, કિરિટ રાણપરિયા, ઉપલેટા**

શહેરમાં સોના-ચાંદીના આભુષણો ખરીદવા માટે નામાંકિત ડી.ડી.જ્વેલર્સ પરિવાર દ્વારા ઈનામી ડ્રો યોજાનાર પાંચ હજાર કરતા વધુ ગ્રાહકો હાજર રહી કાર સહિત ૨૫૧ વિજેતાઓને ઈનામો અપાયા હતા.

ડી.ડી.જ્વેલર્સ પરિવાર દ્વારા શહેરના અમીધારા પાર્ટી પ્લોટ ખાતે યોજાયેલા લક્કી ડ્રો ઈનામ વિજેતાને અર્પણ કરતા ડી.ડી.પરિવારના દેવંતભાઈ ધોળકીયાએ જણાવેલ કે હાલ સોનાની ખરીદી કરતા પહેલા તેનું શુધ્ધતાની ગુણવત્તા ધ્યાનમાં લેવામાં આવે છે. અત્યારે લોકો સલામત રોકાણ માટે ગોલ્ડ ઉપર પસંદગી ઉતારે છે. વિશ્વના ટોચના રોકાણ એમ કહે છે કે છેલ્લા એક દાયકામાં સૌથી સલામતી રોકાણ કરવું હોય તો ગોલ્ડમાં કરી શકાય છે. વધુમાં દેવંતભાઈએ જણાવેલ કે અમો અમારા ગ્રાહકોને આજની તારીખે વેચેલ ગોલ્ડ ૨૦ વર્ષ પછીની ગેરેન્ટી આપીએ છીએ સાથે-સાથે ૨૦ વર્ષ પહેલા ડી.ડી.જ્વેલર્સમાંથી ખરીદી કરેલા માલની પણ આજે ગેરેન્ટી આપીએ છીએ. સોના-ચાંદીના વેપારમાં ૨૦ વર્ષ પહેલા વેચેલ માલની કોઈ ગેરેન્ટી આપતું નથી. જ્યારે ડી.ડી.જ્વેલર્સ તે ગ્રાહકોને વિશ્વાસ આપી રહ્યું છે. પાંચ હજાર કરતા વધુ ગ્રાહકોની હાજરીમાં પારદર્શકપૂર્વક લક્કી ડ્રોની પ્રક્રિયા હાથ ધરાઈ હતી. તેમાં કારના વિજેતા નયનભાઈ ડાભીને કારની ચાવી ડી.ડી.પરિવારના માતૃશ્રી ચંદ્રીકાબેન ધોળકીયાના હસ્તે અર્પણ કરાઈ હતી. જ્યારે બીજું ઈનામ બુલેટ મહેન્દ્રભાઈ કુવાડીયા અને ત્રીજું ઈનામ જ્યુપીટર નર્મદાબેન રાઠોડને અર્પણ કરાયા હતા. આમ ૨૫૧ ઈનામો ગ્રાહકોને અર્પણ કરાયા હતા. આ તકે ડી.ડી. પરિવારના માધવભાઈ ધોળકિયા, જીલભાઈ ધોળકિયા, ધૈર્ય ધોળકિયા સહિત વિવિધ સમાજના આગેવાનો હાજર રહ્યા હતા.

# અમરેલી: બીએપીએસ સંસ્થા એક સપ્તાહ સુધી ઘેર ઘરે સભા કરી હરિ પર્વ ઉજવાશે

**અબતક, પ્રદીપ ઠાકર, અમરેલી**

અમરેલીમાં બીએપીએસ સંસ્થા દ્વારા આગામી ચૈત્ર સુદ નવમીના ૬/૪ ના રોજ ભગવાન શ્રી સ્વામિનારાયણ ના પ્રાગટ્ય ઉત્સવ ભક્તિ ભાવપૂર્વક ઉજવણી કરવા આયોજન કરવામાં આવતા આ ઉત્સવ લક્ષ્ય આગામી આજે થી ૬-૪ સુધી સર્વે હરિભક્તો પોતાના ઘરે ઘર સભા કરશે જેમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ ના દિવ્ય ગુણો. પ્રતાપ અને સામર્થ્યનું પાન કરશે આ માટે ઘેર ઘેર ઘર સભા નો કાર્યક્રમ તૈયાર કરી હરિભક્તોના ઘર સુધી પહોંચાડવામાં આવશે તા.૩/૪ થી ૬ સુધી પ્રમુખ વાટીકા અમરેલી મંદિર ખાતે દરરોજ રાત્રે ૮:૩૦ થી ૧૦:૩૦ દરમિયાન હરિ પર્વનું આયોજન કરાતા વિદ્વાન સંતોના મુખેથી પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણના દિવ્ય ગુણોનું પાન કરવામાં આવશે જેમાં મોટી સંખ્યામાં હરિભક્તો જોડાશે તેમજ ચિત્રસુદ નવમીના રોજ ભગવાન સ્વામિનારાયણ જન્મોત્સવની વિશિષ્ટ સભા રાત્રિના ૮ થી ૧૦ કલાક દરમિયાન યોજાશે જેમાં ભગવાન શ્રીસ્વામિનારાયણ ના જીવન અને કાર્ય ની વર્ણવતી ગાથા પ્રેરણાત્મક વિડિયો, સંવાદ તથા પૂજ્ય સંતોના કથામૃતના માધ્યમથી ભક્તિ ભાવપૂર્વક ઉજવણી કરવામાં આવશે

# માણાવદર બ્લુબેલ ઈન્ટરનેશનલ સ્કૂલની ઋત્વીની શ્રેષ્ઠ ચિત્રકૃતિમાં પસંદગી



**અબતક, જીજ્ઞેશ પટેલ, માણાવદર**

કલા શિક્ષક સંઘ ગુજરાત રાજ્ય આયોજિત સન્માન કાર્યક્રમ આણંદ ખાતે યોજાયેલ તેમાં બ્લુબેલ ઈન્ટરનેશનલ સ્કૂલ માણાવદરની ધોરણ ચાર ની વિદ્યાર્થીની ઋત્વી સંદીપભાઈ ત્રાંબડિયાની રાજ્ય કક્ષાએ શ્રેષ્ઠ ચિત્રકૃતિમાં પસંદગી પામતા તેને મોમેન્ટો, શીલ્ડ અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવી હતી. માણાવદર બ્લુબેલ સ્કૂલના આચાર્ય હિતેશભાઈ અઘેરા તથા ચિત્ર શિક્ષક (કન્વીનર) વસંત જાદવ તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# ન હોય... પનીરના ૧૬૩ સેમ્પલમાંથી ૧૫૯ ફેઈલ!!!

## પનીર બનાવવામાં સૌથી સામાન્ય ભેળસેળમાં પામ અથવા સોયાબીન જેવા વનસ્પતિ તેલનો કરાય છે ઉપયોગ :પનીરને સફેદ કરવા ડિટર્જન્ટ અથવા યુરિયા જેવા કૃત્રિમ રસાયણોનો ઉમેરો

**અબતક, રાજકોટ**

પનીરના શાકથી શરૂ કરીને પનીર ચીલી સુધી મોટાભાગના લોકોને પનીર નું નામ સાંભળતા જ મોંમા પાણી આવી જતું હોય છે. તેમજ શાકાહારીઓ માટે પ્રોટીનનો સમૃધ્ધ સ્રોત છે. ઘણીવાર પોષણશાસ્ત્રીઓ સંતુલિત આહારના ભાગ રૂપે પનીરવાળુ ખાવાની ભલામણ કરતા હોય છે. પરંતુ જો એ જ પનીર બીમારી અને રોગોનું કારણ બને તો શું થશે? તાજેતરના અહેવાલ મુજબ, કર્ણાટકના ખાદ્ય સુરક્ષા અને જાહેર આરોગ્ય વિભાગે જણાવ્યું હતું કે તેણે બેંગલુરુ અને સમગ્ર કર્ણાટકમાં પૂરા પાડવામાં આવતા અનબ્રાન્ડેડ પનીરમાં બેક્ટેરિયાની હાજરી અને નોન-ડેરી એડિટિવ્સનો ઉપયોગ થતો હોવા અંગે શોધી કાઢ્યું છે.

ફૂડ સેફ્ટી કમિશનર શ્રીનિવાસ કે.ના નેતૃત્વમાં થયેલ નિરીક્ષણોમાં, તેઓએ ડેરી ઉત્પાદનોમાં હાનિકારક તત્વો, બેક્ટેરિયલ દૂષણ અને ખાદ્ય સલામતી ધોરણોના ઉલ્લંઘનને શોધવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું. અને નિરીક્ષણ દરમિયાન, કર્ણાટકમાંથી ૧૬૩ પનીરના નમૂના એકત્રિત કરવામાં આવ્યા હતા, જેમાં બેંગલુરુના ૧૭ નમૂનાઓનો સમાવેશ થાય છે. ૧૭ પનીરના નમૂનાઓમાંથી બે નમૂનાઓ ખાવા માટે અસુરક્ષિત માનવામાં આવ્યા હતા. અને રાજ્યભરમાં, ૧૮ માર્ચ સુધીમાં ૧૬૩ નમૂનાઓમાંથી માત્ર ૪ નમૂનાઓ ભેળસેળ વગરના હોવાનું જાણવા મળ્યું હતું. ઘણા નમૂનાઓનું હજી પરીક્ષણ ચાલી રહ્યું છે.નિષ્ણાતોના મતે, પનીરમાં ભેળસેળમાં ઉત્પાદન ખર્ચ ઘટાડવા અને નફો વધારવા માટે સસ્તા, બિન-ડેરી પદાર્થો ઉમેરવામાં આવે છે. પનીર બનાવવામાં સૌથી સામાન્ય ભેળસેળ પામ અથવા સોયાબીન જેવા વનસ્પતિ તેલનો ઉપયોગ થાય છે, જે દૂધમાં ચરબીનું પ્રમાણ વધારવા માટે ભેળવવામાં આવે છે. મિશ્રણને ઘટ્ટ કરવા માટે સ્ટાર્ચ અથવા લોટ પણ ઉમેરવામાં આવે છે અને ફુલ-ક્રીમ દૂધને બદલે સ્કિમ્ડ મિલ્ક પાવડર અથવા હલકી ગુણવત્તાવાળા મિલ્ક સોલિડ્સનો ઉપયોગ ઘણીવાર કરવામાં આવે છે. ડિટર્જન્ટ અથવા યુરિયા જેવા કૃત્રિમ રસાયણો પણ પનીરને સફેદ કરવા અથવા તેની ઉપજ વધારવામાં ઉમેરવામાં આવે છે, જે ગંભીર સ્વાસ્થ્ય જોખમો ઉભા કરે છે.

### નકલી પનીર કેવી રીતે ઓળખવું ??

- ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (FSSAI) એ દૂધ અને દૂધના ઉત્પાદનોમાં ભેળસેળ ચકાસવા માટે ઘણા બધા પરીક્ષણો અને પગલાં જારી કર્યા છે. જેમાં ફક્ત તમારા સ્વચ્છ હાથે થોડું પનીર મસળી લો. ભેળસેળવાળું પનીર સ્કિમ્ડ દૂધથી બને છે, તેથી, તે હાથના દબાણને સહન કરી શકતું નથી અને તૂટી જાય છે.

- આ ઉપરાંત પનીર કુદરતી છે કે કૃત્રિમ તે ચકાસવા માટે, તમે આયોડિન ટિંકચરનો ઉપયોગ કરી શકો છો. એક તપેલીમાં પાણી ઉમેરો, તેમાં પનીર મૂકો, અને તેને ઉકાળો. તેને ઠંડુ થવા દો, પછી આયોડિન ટિંકચરના થોડા ટીપાં ઉમેરો જો તેનો રંગ વાદળી થઈ જાય તો પનીર કૃત્રિમ છે. - પનીરને થોડા પાણીમાં ઉકાળો, અને તે ઠંડુ થયા પછી, તેમાં થોડો તુવેર દાળ પાવડર ઉમેરો અને તેને ૧૦ મિનિટ માટે રહેવા દો. જો પનીરનો રંગ આછો લાલ થઈ જાય, તો તે સંકેત છે કે પનીર ડિટર્જન્ટ અથવા યુરિયાથી બનાવવામાં આવ્યું છે.

- થોડું પનીર પાણીમાં ઉકાળો, તેને ઠંડુ થવા દો, અને પછી તેમાં થોડું સોયાબીન પાવડર ઉમેરો. જો પનીરનો રંગ આછો લાલ થઈ જાય, તો તે સંકેત છે કે પનીર ડિટર્જન્ટ અથવા યુરિયાથી બનાવવામાં આવ્યું છે.

- પનીરનો સ્વાદ ચકાસી ખરીદતા પહેલા હંમેશા તેનો નાનો ટુકડો લો, ખાસ કરીને ખુલ્લા કાઉન્ટરવાળા. જો તે ચાવેલું હોય, તો તે કૃત્રિમ હોય, અને જો તેનો સ્વાદ ખૂબ ખાટો હોય, તો એવી શક્યતા છે કે પનીર ડિટર્જન્ટ અથવા અન્ય કોઈપણ હલકી ગુણવત્તાવાળા ઉત્પાદન સાથે ભેળસેળ કરેલું હોય.

# રાજ્યના ૧૫૦ કાર્ડિયોલોજિસ્ટ્સે પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાથી દુરી બનાવી લીધી

## વધતા ઓપરેશનલ ખર્ચ અને ઓછા મહેનતાણાના પેકેજ દરોને પગલે તબીબોનો વિરોધ

**અબતક, અમદાવાદ**

વધતા ઓપરેશનલ ખર્ચ અને ઓછા મહેનતાણાના પેકેજ દરોને ટાંકીને, ગુજરાતના ૧૫ જિલ્લાઓમાં તેમની હોસ્પિટલો ચલાવતા લગભગ ૧૫૦ કાર્ડિયોલોજિસ્ટ્સે પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના યોજના હેઠળ દર્દીઓને દાખલ કરવાનું બંધ કરી દીધું છે.

ગુજરાત ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજિસ્ટ્સ ફોરમ એ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીઓ અને કલેક્ટર્સને આવેદનપત્ર સુપરત કર્યા છે, જેમાં યોજના હેઠળના હાલના કાર્ડિયોલોજિસ્ટ પેકેજો અંગે તેમની ચિંતાઓ વ્યક્ત કરવામાં આવી છે. બુધવારે, જીઆઈસીએફ સભ્યોએ ઈન્ડિયન મેડિકલ એસોસિએશનની ગુજરાત રાજ્ય શાખાના વરિષ્ઠ અધિકારીઓને મળ્યા અને ભવિષ્યની કાર્યવાહી અંગે ચર્ચા કરી. આઈએમએ અધિકારીઓએ જીઆઈસીએફ ને રાજ્યના આરોગ્ય વિભાગના અધિકારીઓને સુપરત કરતા પહેલા કેટલીક માંગણીઓ કાઢી નાખીને અને કેટલીક અન્ય માંગણીઓ માટે આધાર પૂરો પાડીને ડ્રાફ્ટ દરખાસ્તમાં ફેરફાર કરવા જણાવ્યું છે. અમદાવાદના એક સભ્યએ જણાવ્યું કે વિરોધ કરનારા કાર્ડિયોલોજિસ્ટ્સમાં અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, જામનગર, જૂનાગઢ, કચ્છ, વલસાડ અને પાટણના ડોક્ટરોનો સમાવેશ થાય છે.

જીઆઈસીએફ દ્વારા આઈએમએને લખાયેલા પત્રમાં કહેવામાં આવ્યું છે કે, ''ફુગાવો અને સંચાલન ખર્ચ વર્તમાન મહેનતાણું પેકેજ કરતાં ઘણો વધારે છે, તેથી અમે ગુજરાતના લોકો માટે આ મહત્વપૂર્ણ આરોગ્યસંભાળ પહેલને સુરક્ષિત રાખવા માટે તમારા માનનીય હસ્તક્ષેપની તાત્કાલિક માંગ કરીએ છીએ.'' ''પહેલાં, એન્જીયોપ્લાસ્ટી પ્રક્રિયા અને સ્ટેન્ટ ૮૬,૦૦૦ રૂપિયાના પેકેજ હેઠળ આવરી લેવામાં આવતા હતા. આજે, પેકેજનો ખર્ચ ઘટીને ૬૨,૦૦૦ રૂપિયા થઈ ગયો છે, પરંતુ ડોકટરો અને તબીબી સુવિધા માટેના તમામ ઓવરહેડ ખર્ચ સમાન રહે છે. જાન્યુઆરીમાં રજૂ કરાયેલા નવા નિયમો અનુસાર, કાર્ડિયાક સર્જન, કાર્ડિયાક એનેસ્થેટિસ્ટ અને કાર્ડિયાક ફિઝિયોથેરાપિસ્ટ, વગેરે હોવું ફરજિયાત છે અને કોઈપણ સુવિધા માટે ૧૦ લાખ રૂપિયાથી વધુ ખર્ચ થશે,'' જીઆઈસીએફ સભ્યએ જણાવ્યું. ''મહેસાણા જેવા નાના શહેરોમાં આ અસર ખાસ કરીને ગંભીર રહી છે, જ્યાં સાતમાંથી પાંચ કાર્ડિયાક કેર હોસ્પિટલો બંધ થઈ ગઈ છે, જેના કારણે દર્દીઓ પાસે અમદાવાદ જેવા મોટા શહેરી કેન્દ્રોમાં મુસાફરી કરવા સિવાય કોઈ વિકલ્પ નથી.''

જોકે, શહેર અને રાજ્યના હોસ્પિટલ એસોસિએશનો આ માંગણીઓથી દૂર રહ્યા છે અને કહ્યું છે કે તેઓ હાલની માર્ગદર્શિકા અનુસાર પેકેજો ઓફર કરવાનું ચાલુ રાખશે. પીએમ-જેએવાય હેઠળ ખ્યાતિ હોસ્પિટલમાં દાખલ થયેલા એન્જીયોપ્લાસ્ટી દર્દીઓના મૃત્યુ બાદ ગુજરાતે ડિસેમ્બર ૨૦૨૪ અને જાન્યુઆરી ૨૦૨૫માં કેટલીક પ્રક્રિયાઓ અને પેકેજોમાં સુધારો કર્યો હતો.

# આરસીબીની વિજયકૂચ પર ગુજરાત ટાઈટન્સે બ્રેક લગાવી

## મોહમ્મદ સિરાઝની બોલિંગ બાદ જોશ બટલરની આક્રમક બેટિંગની મદદથી ગુજરાતે બેંગલોરનો ૧૭૦ રનનો ટારગેટ ૧૭.૫ ઓવરમાં બે વિકેટે ગુમાવી મેળવ્યો

**અબતક, બેંગ્લુરુ**

ગુજરાત ટાઈટન્સે આઈપીએલ ટીર૦ ક્રિકેટ મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગલોર સામે આઠ વિકેટે વિજય મેળવવાની સાથે બેંગલોરની વિજયકૂચ પર બ્રેક લગાવી હતી. મોહમ્મદ સિરાઝની પ્રભાવી બોલિંગ બાદ જોઝ બટલરની આક્રમક બેટિંગની મદદથી ગુજરાતે બેંગલોરનો ૧૭૦ રનનો ટારગેટ ૧૭.૫ ઓવરમાં બે વિકેટે વટાવ્યો હતો. જોઝ બટર ૭૩ રન કરીને અણનમ રહ્યો હતો. રૂધરફોર્ડ (૩૦)એ વિજયી છગ્ગો ફટકાર્યો હતો. ગુજરાત ટાઈટન્સે બેંગલોરના ૧૭૦ રનના ટારગેટનો પીછો કરતા કેપ્ટન શુભમન ગિલ (૧૪)ની વિકેટ ગુમાવ્યા બાદ ડાબોડી ઓપનર સાઈ સુદર્શનના ૩૬ બોલમાં ૪૯ રન અને વિકેટકીપર બેટ્સમેન જોઝ બટલરની ૩૯ બોલમાં પાંચ ચોગ્ગા અને છ છગ્ગાની મદદથી અણનમ ૭૩ રનની મદદથી લડત આપી હતી. બેંગલોરના બોલર્સ ખાસ સફળ થયા નહતા અને ગુજરાતે ૧૩ બોલ બાકી રાખીને લક્ષ્યાંક પાર કર્યો હતો. ભુવનેશ્વર કુમારે પાવરપ્લેમાં બેંગલોરને પ્રથમ સફળતા ગિલની વિકેટ ઝડપીને અપાવી હતી. ત્યારબાદ ૧૩મી ઓવરમાં હેઝલવુડે સાઈ સુદર્શનને આઉટ કરી બીજી સફળતા મેળવી હતી. બીજી વિકેટ માટે બટલર અને સુદર્શને ૭૫ રન જોડ્યા હતા જ્યારે બટલર અને રૂધરફોર્ડ (૩૦*) ત્રીજી વિકેટ માટે અણનમ ૬૩ રનની ભાગીદારી કરીને ટીમને જીત તરફ લઈ ગયા હતા. ગુજરાત ટાઈટન્સે ટોસ જીતીને પ્રથમ બોલિંગનો યોગ્ય નિર્ણય લીધો હતો. અર્શદે બીજી જ ઓવરમાં વિરાટ કોહલીને (૭) આઉટ કરીને આંચકો આપ્યો હતો. પાવરપ્લેમાં પડિક્કલ (૪) અને સોલ્ટ (૧૪) પણ પરત ફર્યા હતા. એક તબક્કે બેંગલોરે ૧૦૪ રનમાં છ વિકેટ ગુમાવી હતી.ત્યારબાદ લિવિંગસ્ટોનનો નવ રન પર બાઉન્ડ્રી પર તેવટિયાએ કેચ છોડ્યો હતો અને તે જીવતદાનનો તેણે ભરપૂર ફાયદો ઉઠાવતા ૪૦ બોલમાં એક ચોગ્ગો અને પાંચ છગ્ગા સાથે ૫૪ રન કરીને ઉઠાવ્યો હતો. લિવિંગસ્ટનોને પાંચમી વિકેટ માટે જીતેશ (૩૩) સાથે ૫૨ રન અને બાદમાં ટીમ ડિવેડ (૩૨) સાથે સાતમી વિકેટ માટે ૪૬ રનની પાર્ટનરશિપ કરીને આરસીબી માટે લડાયક સ્કોર ઉભો કર્યો હતો. સિરાઝે ત્રણ અને સાઈ કિશોરે બે વિકેટ લીધી હતી. અર્શદ, ક્રિષ્ના અને ઈશાંતે એક-એક વિકેટ મેળવી હતી.



# ગ્રાન્ટેડ કોલેજોમાંથી ૪૦ ફાજલ અધ્યાપકોના કેમ્પ સ્થગિત કરાયા!

## નવી એજ્યુકેશન પોલિસીનું ચાર વર્ષની સાઈકલ પૂરી ન થાય ત્યાં સુધી એકપણ અધ્યાપકને ફાજલ ન કરવા માંગણી કરાઈ હતી

**અબતક, રાજકોટ**

રાજ્યની જુદી જુદી સરકારી યુનિવર્સિટીઓ સાથે જોડાયેલી ગ્રાન્ટેડ કોલેજોમાં ફરજ બજાવતાં અધ્યાપકો પૈકી ૪૦થી વધુ અધ્યાપકોને નવી એજ્યુકેશન પોલિસી અંતર્ગત ગણવામાં આવતાં વર્કલોડને લઈને ફાજલ કરવામાં આવ્યા હતા. ફાજલ અધ્યાપકો માટે તાજેતરમાં ૪થી ૧૬ અપ્રિલ દરમિયાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જોકે, સમગ્ર રાજ્યમાં આ પ્રકારની કાર્યપદ્ધતિ સામે ઉગ્ર વિરોધ થતાં હાલ તો ફાજલ કેમ્પનું આયોજન સ્થગિત કરવાની જાહેરાત કરી દેવામાં આવી છે.દેશમાં નવી એજ્યુકેશન પોલિસી ૨૦૨૦ લાગુ કરવામાં આવ્યા બાદ વર્કલોડ ગણવાની પદ્ધતિમાં પણ ફેરફાર કરવામાં આવ્યો હતો.

જેના કારણે રાજ્યમાં ગુજરાત યુનિવર્સિટી સહિતની જુદી જુદી યુનિવર્સિટીઓ સાથે જોડાયેલી કોલેજોમાં ફરજ બજાવતાં જુદા જુદા વિષયોના અંદાજે ૪૦થી વધારે અધ્યાપકોને ફાજલ ગણીને તેમના માટે અલગથી ફાજલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મુદ્દે તાજેતરમાં અધ્યાપક મંડળ દ્વારા ઉચ્ચ શિક્ષણ વિભાગ સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી. જેમાં નવી એજ્યુકેશન પોલિસીનું ચાર વર્ષની સાઈકલ પૂરી ન થાય ત્યાંસુધી એકપણ અધ્યાપકને ફાજલ ન કરવા માંગણી કરવામાં આવી હતી. મંડળ દ્વારા એવી રજૂઆત પણ કરવામાં આવી હતી કે, આ અધ્યાપકોને ફાજલ કરવાના બદલે અન્ય સંસ્થાઓમાં હાલ મૂકી દેવામાં આવે અને ભવિષ્યમાં મૂળ કોલેજ ચાલુ થાય ત્યારે તેમને પોતાની જગ્યાએ પરત મુકવામાં આવે. મહત્વની વાત એ કે, ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલી પીટી ઠક્કર, સાબરમતી કોલેજ સહિતની અનેક કોલેજોએ વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવ્યા ન હોવાથી આ કોલેજના અધ્યાપકોને પણ ફાજલ ગણી લેવામાં આવ્યા હતા. સમગ્ર રાજ્યમાંથી અંદાજે ૪૦ જેટલા અધ્યાપકોને ફાજલ ગણીને તેમના માટે આગામી ૪થી લઈને ૧૬મી એપ્રિલ સુધી ફાજલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મુદ્દે મંડળની રજૂઆત બાદ વિભાગ દ્વારા હાલ પૂરતી ફાજલ કેમ્પની પ્રક્રિયા સ્થગિત કરવાની જાહેરાત કરી દેવામાં આવી છે. આમ, અગાઉ જૂની પદ્ધતિમાં ત્રણ વર્ષ પૂરા થાય ત્યાં સુધી કોઈ અધ્યાપકને ફાજલ ન કરવા તેવું નક્કી કરાયું હતું. ત્યારે હવે નવી એજ્યુકેશન પોલિસીમાં પણ ચાર વર્ષ પૂરા ન થાય ત્યાંસુધી ફાજલની કોઈ પ્રક્રિયા ન કરવી જોઈએ તેવી રજૂઆતના આધારે ફાજલ કેમ્પ સ્થગિત કરાયો હોવાનું માનવામાં આવે છે.

# સિહોરથી ધાંધળી તરફ આવતા જતાં વાહનો માટે ડાયવર્ઝન રૂટ જાહેર

## રેલવે ઓવરબ્રીજના કામને કારણે ૧લી મે સુધી ડાયવઝન અપાયું

**અબતક, આનંદ રાણા**
**સિહોર**

શિહોર ખાતે આવેલ શિહોરથી ઘાઘળી તરફ જતા રસ્તા પર રેલ્વે લાઈનના ફાટક નં. ૨૦૫/બી પર ઓવરબ્રીજના વાહનો માટે રસ્તો બંધ કરી વાહન વ્યવહાર માટે વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે ડાયવર્ઝન રૂટ શરૂ કરવામાં આવ્યો છે.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર દ્વારા રેલ્વે લાઈનના ફાટક નં.૨૦૫/બી પર રેલ્વે ઓવરબ્રીજના કામે તા.૦૨/૦૪થી તા.૦૧/૦૫/૨૦૨૫ સુધી વાહનની અવર જવર માટે ડાયવર્ઝન રૂટ જાહેર કરાયો છે. જેમાં ટુ-વ્હીલર તથા ફોર વ્હીલર વાહનોની અવરજવર માટે શિહોરથી વાયા શિહોર જીઆઈડીસી થઈ ધાંઘળી-વલ્લભીપુર તરફ જતા વાહન વ્યવહાર માટે ભાવનગર-રાજકોટ હાઈવે ઉપર શિહોર ખાતે આવેલ દાદાની વાવથી વાયા નેસડા ગામ થઈ વલ્લભીપુર તરફના ડાયવર્ઝન રસ્તા પરથી તથા

વલ્લભીપુર તરફથી વાયા ધાંઘળી શિહોર જીઆઈડીસી થઈ શિહોર શહેર તરફ આવતા વાહન વ્યવહાર માટે વલ્લભીપુર-ભાવનગર હાઈવે ઉપર ધાંઘળીથી વાયા નેસડા ગામ થઈ શિહોર શહેર દાદાની વાવ તરફના ડાયવર્ઝન રસ્તા પરથી વાહનો પસાર કરવાના જણાવાયું છે. ઉપરાંત મોટા વાહનોની અવર-જવર માટે શિહોરથી વાયા શિહોર જીઆઈડીસી થઈ ઘાંઘળી-વલ્લભીપુર તરફ જતા વાહન વ્યવહાર માટે ભાવનગર-રાજકોટ હાઈવે ઉપર શિહોર ખાતે આવેલ દાદાની વાવથી રાજપરા(ખોડીયાર) થી નવાગામ (ચીલોડા) થી રંગોલી ચોકડી થઈ ભાવનગર- વલ્લભીપુર હાઈવે રોડ ઉપર કરદેજથી ઉંડવીથી નેસડાથી ઘાંઘળી તરફના ડાયવર્ઝન રસ્તા પરથી તથા વલ્લભીપુર તરફથી વાયા ઘાંઘળી શિહોર જીઆઈડીસી થઈ શિહોર શહેર તરફ આવતા વાહન વ્યવહાર માટે વલ્લભીપુર-ભાવનગર હાઈવે ઉપર ઘાંઘળીથી નેસડાથી ઉંડવીથી કરદેજથી રંગોલી ચોકડી થઈ ભાવનગર-રાજકોટ હાઈવે ઉપર નવાગામ (ચીલોડા) થી રાજપરા (ખોડીયાર) થી શિહોર શહેર દાદાની વાવ તરફના ડાયવર્ઝન રસ્તા પરથી વાહનો પસાર કરવાના જણાવાયું છે.

# ૨૦૨૫માં ભારત ઘરઆંગણે ૪ ટેસ્ટ, ૬ વન ડે અને ૧૦ ટી-૨૦ રમશે

## ઓક્ટોબરમાં મોટેરા ખાતે ભારત-વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે ટેસ્ટ રમાશેઃ બીસીસીઆઈ ૨૦૨૫ની સિઝનનો કાર્યક્રમ જાહેર કર્યો, ડિસેમ્બરમાં અમદાવાદમાં ટી-૨૦

**અબતક, નવી દિલ્હી**

વેસ્ટ ઈન્ડિઝ અને સાઉથ આફ્રિકાની ટીમ આ વર્ષે ભારતના પ્રવાસે આવનારી છે જેમાં ટેસ્ટ, વન-ડે અને ટી૨૦ સિરીઝ રમાશે. આ માટે ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચેની પ્રથમ ક્રિકેટ ટેસ્ટ મેચ બીજી ઓક્ટોબરથી અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાશે. કેરેબિયન ટીમ ભારત પ્રવાસમાં બે ટેસ્ટ રમનારી છે.ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે બે ટેસ્ટની સિરીઝ રમાયા બાદ સાઉથ આફ્રિકન ટીમ ભારતના પ્રવાસે આવનારી છે. આ સિરીઝ લાંબી ચાલશે કેમ કે કેરેબિયન ટીમ માત્ર બે જ ટેસ્ટ રમશે જ્યારે સાઉથ આફ્રિકન ટીમ બે ટેસ્ટ, ત્રણ વન-ડે અને પાંચ ટી૨૦ મેચ રમનારી છે જેની અંતિમ ટી૨૦ મેચ ૧૯મી ડિસેમ્બરે નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે યોજાશે.ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે બીજી ઓક્ટોબરે અમદાવાદમાં પ્રથમ ટેસ્ટ રમાયા બાદ બીજી ટેસ્ટ દસમી ઓક્ટોબરથી કોલકાતાના ઈડન ગાર્ડન્સ ખાતે રમાનારી છે. સાઉથ આફ્રિકન ટીમ ભારતના પ્રવાસમાં નવી દિલ્હી અને ગુવાહાટી ખાતે એક એક ટેસ્ટ રમ્યા બાદ રાંચી, રાયપુર અને વિશાખાપટનમ ખાતે વન-ડે રમશે. આ પ્રવાસની પાંચ ટી૨૦ મેચ કટક, ન્યૂ ચંદીગઢ, ધરમશાલા, લખનૌ અને અમદાવાદમાં રમાશે. ૨૦૨૫ની સિઝનનો ભારતીય ક્રિકેટ ટીમનો કાર્યક્રમ આ મુજબ છે.

### સંપૂર્ણ શેડ્યુલ

**ભારત વિ. વેસ્ટ ઈન્ડિઝ**

પ્રથમ ટેસ્ટ ૨-૬ ઓક્ટોબર અમદાવાદ
બીજી ટેસ્ટ ૧૦-૧૪ ઓક્ટોબર કોલકાતા

**ભારત વિ. સાઉથ આફ્રિકા**

| મેચ | તારીખ | સ્થળ |
|---|---|---|
| પ્રથમ ટેસ્ટ | ૧૪-૧૮ નવેમ્બર | નવી દિલ્હી |
| બીજી ટેસ્ટ | ૨૨-૨૬ નવેમ્બર | ગુવાહાટી |
| પ્રથમ વન-ડે | 30 નવેમ્બર | રાંચી |
| બીજી વન-ડે | ૩ ડિસેમ્બર | રાયપુર |
| ત્રીજી વન-ડે | ૬ ડિસેમ્બર | વિશાખાપટનમ |
| પ્રથમ ટી૨૦ | ૯ ડિસેમ્બર | કટક |
| બીજી ટી૨૦ | ૧૧ ડિસેમ્બર | ન્યૂ ચંદીગઢ |
| ત્રીજી ટી૨૦ | ૧૪ ડિસેમ્બર | ધરમશાલા |
| ચોથી ટી૨૦ | ૧૭ ડિસેમ્બર | લખનૌ |
| પાંચમી ટી૨૦ | ૧૯ ડિસેમ્બર | અમદાવાદ |

## દત્તક લેનારાએ હવે ૩.૫ વર્ષ રાહ જોવી પડે છે!!!

# ૩૫,૫૦૦ દત્તક લેનાર આવો સામે એક હજારથી પણ ઓછા "નોર્મલ" બાળકો ઉપલબ્ધ!!!

### દત્તક લેવા માટે ઉપલબ્ધ લગભગ ૨,૪૦૦ બાળકોમાંથી ૧૪૦૦ થી વધુ બાળકો એબનોર્મલ...

**અબતક, રાજકોટ**

દત્તક લેવું એ એક નિઃસ્વાર્થ અને જીવન બદલી નાખનારું કાર્ય છે જે દત્તક લેનાર પરિવાર અને બાળક બંને માટે આનંદ અને પરિપૂર્ણતા લાવે છે. જરૂરિયાતમંદ બાળકને પ્રેમાળ અને સ્થિર ઘર પૂરું પાડીને, દત્તક લેનારા માતાપિતા માત્ર બાળકના જીવનમાં પરિવર્તન લાવતા નથી પણ બિનશરતી પ્રેમ અને સાથથી તેમના પોતાના જીવનને પણ સમૃદ્ધ બનાવે છે. દત્તક લેવાથી સાંસ્કૃતિક, સામાજિક અને આર્થિક અવરોધો પણ તૂટી જાય છે, જેમાં સમાવેશ અને વિવિધતાને પ્રોત્સાહન મળે છે.

ત્યારે ભારતમાં દત્તક લેવાની પ્રક્રિયા લાંબી છે, શિશુઓ માટે સરેરાશ સાડા ત્રણ વર્ષ રાહ જોવાનો સમય છે. ૨૦૨૪-૨૫માં દત્તક લેવાની સંખ્યા ૪,૫૦૦ થી વધુ પહોંચી ગઈ હોવા છતાં, હજારો સંભવિત માતા-પિતા ઉત્સુકતાથી રાહ જોઈ રહ્યા છે, નાના બાળકોની માંગ દત્તક લેવા માટે ઉપલબ્ધ અનાથ બાળકો કરતાં ઘણી વધારે છે.

૨૦૨૪-૨૫માં ૩૧ માર્ચ સુધીમાં દત્તક લેવાની સંખ્યા ૪,૫૦૦ને વટાવી ગઈ હોવા છતાં, જે ૧૧ વર્ષમાં સૌથી વધુ છે, ઘણા સંભવિત દત્તક માતાપિતા માટે બાળકને દત્તક લેવાની પ્રક્રિયા એક પડકાર બની રહી છે, શિશુઓ અથવા નાના બાળકો ઈચ્છતા લોકો માટે સરેરાશ સાડા ત્રણ વર્ષનો રાહ જોવાનો સમયગાળો છે. મોટાભાગના માતાપિતા ૦-૨ વર્ષના વય જૂથમાં બાળકને દત્તક લેવા માંગે છે.

આ આંકડાઓ તકલીફ દર્શાવે છે. ૩૧ માર્ચ સુધીમાં, કારા ડેશબોર્ડ પરના ડેટા દર્શાવે છે કે દત્તક લેવા માટે વિવિધ શ્રેણીઓમાં ૩૫,૫૦૦ થી વધુ દત્તક લેનારા માતા -પિતા નોંધાયેલા છે જ્યારે દત્તક લેવા માટે ઉપલબ્ધ બાળકોની સંખ્યા લગભગ ૨,૪૦૦ છે - આમાંથી ૯૪૩ બાળકો ''સામાન્ય'' છે અને બાકીના ''ખાસ જરૂરિયાતો ધરાવતા બાળકો'' તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યા છે.

લાંબી રાહ જોતા, કોંગ્રેસના સાંસદ દિગ્વજય સિંહની અધ્યક્ષતામાં શિક્ષણ, મહિલા, બાળકો, યુવા અને રમતગમત વિભાગ સંબંધિત સંસદીય સ્થાયી સમિતિએ સંસદમાં રજૂ કરાયેલા તેના અહેવાલમાં પગલાં લેવા માટે ભારપૂર્વક હાકલ કરી છે, જેમાં સરકારને અનાથ, ત્યજી દેવાયેલા અને આત્મસમર્પણ કરાયેલા બાળકોના પરિવાર પ્લેસમેન્ટ માટેના વર્તમાન પ્રોટોકોલની સમીક્ષા કરવા જણાવ્યું છે. તેણે સરકારને કારા અને હિન્દુ દત્તક અને જાળવણી અધિનિયમ દ્વારા દત્તક કાયદાઓની હાલની બેવડી પ્રણાલીની સમીક્ષા કરવા પણ કહ્યું છે જેથી ખામીઓ દૂર કરી શકાય.

મહિલા અને બાળ વિકાસ મંત્રાલયે સમિતિને જાણ કરી છે કે જુવેનાઈલ જસ્ટિસ (બાળકોની સંભાળ અને સુરક્ષા) અધિનિયમ, ૨૦૧૫ હેઠળ ઓનલાઈન અરજી સિસ્ટમ (સંભાળ) દ્વારા દત્તક લેવાની પ્રક્રિયાને સુવ્યવસ્થિત કરવામાં આવી છે, પરંતુ મંત્રાલયને મોટાભાગે દતક લેનારા માતા પિતાની લાંબી રાહ જોવાની યાદીને કારણે ફરિયાદોનો સામનો કરવો પડ્યો છે. ''...માતાપિતા ફક્ત નાના બાળકોને દત્તક લેવા માંગે છે, આમ મોટી સંખ્યામાં મોટા બાળકોને પાછળ છોડી દે છે,'' મંત્રાલયે જણાવ્યું હતું.મંત્રાલયે એ પણ શેર કર્યું છે કે નોંધાયેલા બાળકો અને નોંધાયેલા દતક લેનારા માતા પિતા ગુણોત્તરની ઉપલબ્ધતાના આધારે, શિશુઓ અને નાના બાળકો માટે સરેરાશ સાડા ત્રણ વર્ષ રાહ જોવાનો સમયગાળો છે. એટલે કે એમ કહી શકાય કે ૩૫,૫૦૦ દત્તક લેનારાઓ માતા-પિતા સામે ૧,૦૦૦ થી પણ ઓછા બાળકો ઉપલબ્ધ છે.

# બેડીમાં મેગા ડિમોલિશન: સાયચા બંધુઓના ગેરકાયદે બાંધકામો પર 'દાદા'નું બુલડોઝર ફર્યું

## ૧૬૮૮ ચોરસ મીટર જેટલું ગેરકાયદેસર બાંધકામ દૂર કરવા માટે કાર્યવાહી: કુલ ૨૦.૩૬ કરોડની કિંમતની જમીન ખુલ્લી કરાવાય



જામનગરના બેડી વિસ્તારમાં ગુંડા તત્વોની શાન ઠેકાણે લાવવા માટે આજે તંત્ર દ્વારા મોટા પાયે ફરીથી ડિમોલિશનની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. અનેક ગુનાઓમાં સંડોવાયેલા સાયચા બંધુઓના ગેરકાયદેસર રીતે ખડકાયેલા બંગલાઓ પર તંત્રનું બુલડોઝર ફરી વળ્યું હતું. બેડીમાં ફરી એકવાર સાયચા બંધુઓના મકાનો સહિતના દબાણ દૂર કરવાની કાર્યવાહી કરવામાં આવી હતી. જામનગર જિલ્લાના વહીવટી તંત્ર અને પોલીસ વિભાગ દ્વારા તાબડતોબ ડિમોલેશન કરીને આ વિસ્તારના માથાભારે તત્વો ના દબાણને ઉખેડી ફેંકવામાં આવ્યા હતા.

આ ડિમોલિશનની કાર્યવાહી દરમિયાન જામનગરના જિલ્લા કલેકટર કેતન ઠક્કર ખુદ ઉપસ્થિત રહ્યા હતા, ઉપરાંત જિલ્લા પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલુ, નાયબ પોલીસ અધિક્ષક જે. એન. ઝાલા અને શહેરના દરેક ડિવિઝનના પી.આઈ. સહિત મોટી સંખ્યામાં પોલીસ કાફલો ઘટનાસ્થળે હાજર રહ્યો હતો. આ ઉપરાંત કલેક્ટર વિભગનું તંત્ર પણ ખડેપગે આ કાર્યવાહીમાં જોડાયું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર, બેડીમાં સાયચા બંધુઓ દ્વારા ગેરકાયદેસર રીતે ઊભા કરવામાં આવેલા રહેણાંકના બાંધકામોને તોડી પાડવામાં આવી રહ્યા છે. આ કાર્યવાહીમાં જે મકાનો પર બુલડોઝર ફેરવવામાં આવ્યું છે, તેમાં મુખ્યત્વે નુરમામદ હાજી સાઈચાનું સર્વે નંબર ૬૨ વાળું ૨૭૯ ચોરસ મીટરનું રહેણાંક મકાન, જેની અંદાજિત કિંમત ૨૧,૩૭,૬૦૦ રૂપિયા છે. આ ઉપરાંત નુરમામદ હાજી સાઈચાનું અન્ય એક મકાન સર્વે નંબર ૪૦/૧-૨૯-૫૦ વાળું ૧૬૭ ચોરસ મીટરનું રહેણાંક મકાન, જેની કિંમત ૧૨,૮૦૦ રૂપિયા દર્શાવવામાં આવી છે.

તેમજ ઈસ્માઈલ ઈબ્રાહીમ મોવરનું સર્વે નંબર ૪૦/પૈકી વાળું ૬૫ ચોરસ મીટરનું રહેણાંક મકાન જેની કિંમત ૮,૩૨,૦૦૦ રૂપિયા છે. હાજી હુશેન સાઈચાનું સર્વે નંબર ૪૦/ડી વાળું ૬૫ ચોરસ મીટરનું રહેણાંક મકાન જેની કિંમત પણ ૮,૩૨,૦૦૦ રૂપિયા છે.

તેમજ ફારૂક હુશેન સાઈચાનું સર્વે નંબર ૪૦/૧-૨૯-૫૦ વાળું ૧૩૯ ચોરસ મીટરનું રહેણાંક મકાન જેની કિંમત ૧૭,૭૯,૨૦૦ રૂપિયા છે. ઉમર દાઉદ સાઈચાનું સર્વે નંબર ૪૦/પૈકી વાળું ૧૩૯ ચોરસ મીટરનું રહેણાંક મકાન જેની કિંમત ૧૭,૭૯,૨૦૦ રૂપિયા છે.

તેમજ એઝાઝ ઉંમર સાઈચાનું સર્વે નંબર ૪૦/પૈકી વાળું ૧૩૯ ચોરસ મીટરનું રહેણાંક મકાન જેની કિંમત ૧૭,૭૯,૨૦૦ રૂપિયા છે. બશીર જુસબ સાઈચાનું સર્વે નંબર ૪૦/પૈકી વાળું ૧૩૯ ચોરસ મીટરનું રહેણાંક મકાન જેની કિંમત ૧૭,૭૯,૨૦૦ રૂપિયા છે. બશીર જુસબ સાઈચોનું સર્વે નંબર ૪૦/પૈકી વાળું ૧૩૯ ચોરસ મીટરનું રહેણાંક મકાન જેની કિંમત ૧૭,૭૯,૨૦૦ રૂપિયા છે. અકબર મામદ સાઈચાનું સર્વે નંબર ૪૦/પેઢી વાળું ૧૩૯ ચોરસ મીટરનું રહેણાંક મકાન જેની કિંમત ૧૭,૭૯,૨૦૦ રૂપિયા છે અને સુલતાન મામદ સાઈચાનું સર્વે નંબર ૪૦/પૈકી વાળું ૧૩૯ ચોરસ મીટરનું રહેણાંક મકાન જેની કિંમત ૧૭,૭૯,૨૦૦ રૂપિયા છે.

આ તમામ બાંધકામો ગેરકાયદેસર હોવાનું તંત્ર દ્વારા જણાવવામાં આવ્યું છે. આ ડિમોલિશનની કાર્યવાહી દરમિયાન તારીખ ૧ એપ્રિલ અને ૨ એપ્રિલ ૨૦૨૫ ના રોજ નોટિસ આપવામાં આવી હતી, ત્યારબાદ આજે વહેલી સવારથી ડિમોલેશનની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

કુલ ૧૬૮૮ ચોરસ મીટર જેટલું ગેરકાયદેસર બાંધકામ દૂર કરવામાં આવી રહ્યું છે. જેની કુલ કિંમત ૨,૩૬,૧૫,૨૦૦ રૂપિયા આંકવામાં આવી છે. પોલીસ દ્વારા બેડી વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જાળવવાના ભાગરૂપે લેવામાં આવેલું એક મહત્વપૂર્ણ પગલું ગણાવવામાં આવી રહ્યું છે. આ ડિમોલિશનથી વિસ્તારના ગુનાખોરી સાથે સંકળાયેલા તત્વોમાં ફફડાટ ફેલાઈ ગયો છે.

## દબાણ હટાવ ઝુંબેશમાં ૩૦૦ પોલીસકર્મીઓ બંદોબસ્તમાં: પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલું



અબતક સાથેની વાતચીતમાં પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલુ એ જણાવ્યું હતું જામનગરના બેડી વિસ્તારમાં લાંબા સમયથી દબાણની સમસ્યા જોવા મળી રહી છે. ખાસ કરીને બેડી બંદર રોડ પર ગેરકાયદેસર બાંધકામો અને દબાણો વધી ગયા છે. આ દબાણોને કારણે રસ્તાઓ સાંકડા થઈ ગયા છે, જામનગર મહાનગરપાલિકા દ્વારા આ દબાણોને દૂર કરવા માટે ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. જેમાં ગેરકાયદેસર બાંધકામોને તોડી પાડવામાં આવી રહ્યા છે અને રસ્તા પરના દબાણોને દૂર કરવામાં આવી રહ્યા છે. આ કામગીરીનો હેતુ રસ્તાઓને ખુલ્લા કરવાનો અને ટ્રાફિકની સમસ્યાને હલ કરવાનો છે. જિલ્લા વહીવટી તંત્ર અને જેએમસી દ્વારા ગેરકાયદે દબાણ હટાવવાની ઝુંબેશ હાથ ધરવામાં આવી છે તે અંતર્ગત સરકારી જમીનો અને જાહેર સ્થળો પરના ગેરકાયદે દબાણો દૂર આવી રહ્યા છે, તે અંતર્ગત સરકારી સર્વે નંબર ૪૩ ની જગ્યા ૧૭૦૦૦ સ્ક્વેર ફીટની જગ્યા તેમજ અંદાજે ૧૦ કરોડ ની કિંમતની જગ્યા પર દબાણ હટાવની કામગીરી કરવામાં આવી રહી છે, તેમાં દરેક પોલીસ સ્ટેશનના પીઆઈ ,મામલતદાર, મેજિસ્ટ્રેટ સહિત ૩૦૦ થી વધુ પોલીસ રોકાયેલા છે, ઝુંબેશનો મુખ્ય ઉદ્દેશ્ય જાહેર સ્થળોને દબાણમુક્ત કરવાનો અને નાગરિકોને સુવિધા પૂરી પાડવાનો છે.

# જામજોધપુરના બાલવા ગામના બે માથાભારે શખ્સો સામે પાસાનું શસ્ત્ર ઉગામ્યું

## પોલીસે બંને શખ્સની અટકાયત કરી અમદાવાદ અને સુરતની જેલમાં ધકેલાયા

જામનગર જિલ્લા જામજોધપુર તાલુકાના બાલવા ગામના બે માથાભારે શખ્સો સામે શરીર સંબંધી બે થી વધુ ગુનાઓ નોંધાયા હોવાથી તેઓ સામે પાસા હેઠળની કાર્યવાહી કરવામાં આવી હતી, અને બંનેની અટકાયત કરી લઈ સુરત અને અમદાવાદની જેલમાં મોકલી દેવાયા છે.

જામજોધપુર તાલુકાના બાલવા ગામમાં રેલ્વે સ્ટેશન પાછળ રહેતા ઈમરાન હાજીભાઈ સમા નામના ૨૩ વર્ષના શખ્સ સામે તાજેતરમાં શરીર સંબંધી બે ગુન્હા નોંધાઈ ચૂક્યા છે, તે જ રીતે બાલવા ગામમાં જ રહેતા સુલતાન જુમાભાઈ સમા સામે પણ શરીર સંબંધી બે ગુના નોંધાયા છે. જે બંને શખ્સ સામે એલસીબી ની ટીમ દ્વારા પાસા અંગેની દરખાસ્ત તૈયાર કરીને જિલ્લા પોલીસવડા મારફતે જિલ્લા કલેકટર સમક્ષ મોકલવામાં આવી હતી, જેને મંજૂરીની મહોર મારવામાં આવી છે, અને બંને ને પાસા હેઠળ અટકાયતમાં લેવાનો હુકમ કરાયો હતો. જેના અનુસંધાને ગઈકાલે મોડી રાત્રે એલસીબી ની ટુકડીએ બાલવા ગામમાંથી બંનેને અટકાયતમાં લઈ લીધા હતા, અને એકને અમદાવાદની સાબરમતી જેલમાં, અને બીજાને સુરતની લાજપોર જેલમાં મોકલી આપ્યા છે.




# સત્યમ કોલોનીમાં વેપારીના ઘરમાં કર્મચારીનો હાથ ફેરો

## અલગ-અલગ સમયે ઘરમાં આવી ૮.૮૬.૫૦૦ની રોકડ રકમની ચોરી લીધાની ફરિયાદ

જામનગરમાં સત્યમ કોલોની વિસ્તારમાં રહેતા અને રેડીમેઈડ કપડા ની દુકાન ચલાવતા એક વેપારીએ પોતાની દુકાનમાં કામ કરતા કર્મચારી સામે જુદા જુદા કામસર ઘરે આવ્યા બાદ ઘરમાંથી કટકે કટકે રૂપિયા ૮,૮૬,૫૦૦ ની રોકડ રકમની ચોરી કરી લઈ ગયાની ફરિયાદ સિટી સી. ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવી છે.

જામનગરમાં સત્યમ કોલોની નજીક શિવમ સોસાયટીમાં શ્રીરામ એપાર્ટમેન્ટમાં રહેતા અને તે જ વિસ્તારમાં રેડીમેઈડ કપડાની દુકાન ચલાવતા લોહાણા વેપારી ચિરાગભાઈ ચંદ્રકાંતભાઈ પંચમતીયાએ પોતાના ઘરમાંથી રૂપિયા ૮,૮૬,૫૦૦ ની રોકડ રકમની ચોરી કરી લઈ જવા અંગે પોતાની દુકાનમાં જ કામ કરતાં રાજદીપગીરી પ્રમોદગીરી ગોસ્વામી સામે ફરિયાદ નોંધાવી છે.

પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર ચિરાગભાઈ ના દુકાનમાં કામ કરતો કર્મચારી રાજદીપગીરી કે જેને જુદા જુદા કામ સબબ પોતાના ઘેર મોકલવામાં આવતો હતો, જે દરમિયાન ગત તારીખ ૩૮.૭.૨૦૨૫ થી તારીખ ૯.૧૦.૨૦૨૪ સુધીના સમયગાળા દરમિયાન પોતાના મકાનમાં કામ સબ ગયા બાબત કબાટમાંથી કટકે કટકે ૮,૮૬,૫૦૦ ઉઠાવી લીધા હતા.

ગત નવમી તારીખે મકાન માલિકને ઉપરોક્ત ચોરી સંબંધે અને પોતાના જ કર્મચારી રૂપિયા ચોરી જતો હોવાનું ધ્યાનમાં આવતાં આખરે મામલો સીટી સી. ડિવિઝન પોલીસ મથકમાં લઈ જવાયો હતો, ઉપરોક્ત આરોપીને પકડવા માટે પોલીસ ટુકડી દોડતી થઈ છે.

# ધાર્મિક સંસ્થાઓ દ્વારા સ્વામિ નારાયણ સંપ્રદાયના પુસ્તકમાં વિવાદિત લખાણ દુર કરવાની માંગ સાથે મૌન રેલી

## ગુગળી બ્રાહ્મણ જ્ઞાતિજનો ઉપરાંત શિવસેના-મહાદેવહર મિત્ર મંડળ સહિતની અનેક ધાર્મિક સંસ્થાઓ અને વિવિધ જ્ઞાતિજનો જોડાયા



સ્વામીનારાયણ સંપ્રદાય ના પુસ્તકમાં ભગવાન દ્વારકાધીશજી અને સનાતન ધર્મના દેવી-દેવતાઓ વિશે લખાયેલા -વિવાદિત લખાણો સામે વિરોધ વ્યક્ત કરવા આજે તા ૨ ના બુધવારે સાંજે ૪ વાગ્યે જામનગરમાં હિન્દુ સંસ્થાઓ દ્વારા સંયુક્ત રીતે મૌન રેલી યોજીને કલેક્ટર કચેરી ખાતે આવેદન આપવામા આવ્યું હતું

સ્વામીનારાયણ સંપ્રદાયના પુસ્તકના લખાણો અંગે ગુજરાતભરમાંથી ઠેર-ઠેર વિરોધ ઉઠી રહ્યો છે.

દ્વારકા જિલ્લામાં પણ આવેદન આપવા સહિતના કાર્યક્રમો થયા બાદ આજે બુધવારે આવા વિવાદીત લખાણો રદ કરવાની માંગણી સાથે વિરોધ પ્રદર્શન યોજાયું હતું. જેમાં સાંજે ૪ વાગ્યે ઓશવાળ સેન્ટર પાસે આવેલા સંતોષી માં ના મંદિર થી સરુ સેક્શન રોડ ઉપર આવેલી કલેક્ટર કચેરી સુધી એક મૌન રેલી યોજવામાં આવી હતી

આ રેલી કલેક્ટર કચેરી ખાતે પહોંચી હતી અને અધિકારી ને આવેદન પત્ર પાઠવીને વિવાદીત લખાણો દુર થાય, તેમજ સ્વામિનારાયણ સંપ્રદાયના જવાબદારો ભગવાન દ્વારકાધીશ સમક્ષ માફી માંગે તે સહિતની માંગણી કરી હરિ આ કાર્યક્રમમાં ગુગળી બ્રહ્મસમાજ, આહિર સેના-ગુજરાત, મહાદેવ હર મિત્ર મંડળ, શિવસેના, સતવારા સમાજ યુવક મંડળ, શ્રીરામ બજરંગદળ, રાજા મેલડી મિત્ર મંડળ, હિન્દુ મહાસભા, ભગવા સેના, કોળી સમાજ ,વીર દાદા જસરાજ રઘુવંશી ફાઉન્ડેશન સહિતના હિન્દુ સંગઠનો જોડાયા હતા.

# મંત્રી રાઘવજીભાઈ પટેલએ પી.ટી.સી. અભ્યાસના સંસ્મરણોને વાગોળ્યા

## કેબિનેટ મંત્રી રાઘવજીભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના પૂર્વ તાલીમાર્થીઓનો ગુરુવંદના સ્નેહ મિલન સમારોહ-૨૦૨૫ યોજાયો



કેબિનેટ મંત્રીરાઘવજીભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને સરકારી અધ્યયન મંદિર ધ્રોલ તથા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન જામનગરના પૂર્વ તાલીમાર્થીઓનો સ્નેહ મિલન સમારોહ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન જામનગર ખાતે યોજાયો હતો. આ પ્રસંગે સરકારી અધ્યાપન વિદ્યા મંદિર, ધ્રોલ ૧૯૬૦-૧૯૯૫ અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, જામનગર ૧૯૯૫-૨૦૧૫ માં પી.ટી.સી. તાલીમ પ્રાપ્ત કરેલા ૨૫૦ થી વધુ પૂર્વ તાલીમાર્થીઓ મળ્યાં હતા અને પોતાના અભ્યાસ કાળના સંસ્મરણો વાગોળ્યાં હતા.


હાલ આ તાલીમાર્થીઓ ગુજરાતના વિવિધ વિસ્તારોમાં પોતાની સેવાઓ આપી રહ્યા છે. આ તકે તેઓને પોતાના તત્કાલીન પ્રાધ્યાપકોને મળીને આભાર અને કૃતજ્ઞતા વ્યક્ત કરી ગુરુવંદના કરવાનું સૌભાગ્ય સાંપડ્યું હતુ.

કાર્યક્રમ અંતર્ગત હરીદેવ ગઢવી દ્વારા સંચાલિત લોક ડાયરાનું આયોજન કરાયું હતુ. જેને સૌએ ખુબ માણ્યો અને સૌ પૂર્વ તાલીમાર્થી મિત્રોએ ગરબા રમીને આનંદ કર્યો.

જેમાં મંત્રીએ પોતાના જૂના દિવસોની યાદો તાજી કરી જેમાં પોતાના પી.ટી.સી. અભ્યાસના સંસ્મરણો વાગોળ્યા તથા પોતાની જીવનયાત્રા અંગે મુક્ત મને સૌ મિત્રો સાથે વાતો કરી પોતાના ગુરુજનો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી.

આ તકે વિશિષ્ટ પ્રતિભા ધરાવતા પૂર્વ તાલીમાર્થીનું સન્માન પણ કરાયું જેમાં રાઘવજીભાઈ પટેલ, રાજકોટ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી દીક્ષિતભાઈ પટેલ, વર્ષ ૨૦૨૪ માં રાજ્યપાલ હસ્તે રાજ્યના શ્રેષ્ઠ શિક્ષક તરીકેનો એવોર્ડ મેળવનાર ભારતસિંહ રાઠવા તેમજ વિમલભાઈ પરસોત્તમભાઈ નકુમ કે જેઓએ ૨૦૧૮માં રાજ્યના શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ અને ચિત્રકૂટ એવોર્ડ ઉપરાંત ૨૦૧૭ માં સાંદીપની ગુરુ ગૌરવ એવોર્ડ પણ મેળવ્યો છે તેઓનું સૌએ ખેસ અને મોમેન્ટો આપી સન્માન કર્યું હતુ. આ પ્રસંગે રાજકોટ ડી.પી.ઈ.ઓ. દીક્ષિતભાઈ પટેલ, ડી.પી.ઈ.ઓ. જામનગર વિપુલભાઈ મહેતા, ડી.પી.ઈ.ઓ. દેવભૂમિ દ્વારકા મધુબેન ભટ્ટ અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના શાસનાધિકારી ફાલ્ગુનીબહેન પટેલ, ગુજરાત પ્રાથમિક શિક્ષક સંઘ પ્રમુખ દિગ્વિજયસિંહ જાડેજા તથા બહોળી સંખ્યામાં ભૂતપૂર્વ તાલીમાર્થીઓ હાજર રહ્યા હતા.

# સ્ટેન્ડીંગ કમીટી ચેરમેન નિલેશ કગથરાનો જન્મદિવસ



જામનગર સ્ટેન્ડીંગ કમીટીના ચેરમેન નિલેશ કગથરાનો આજે જન્મદિવસ છે. તેમણે આજે પોતાના યશસ્વી જીવનના ૫૨ વર્ષ પૂર્ણ કરી ૫૩માં વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો છે. નિલેશ કગથરા જામનગર મનપાના સ્ટેન્ડીંગ કમીટીના ચેરમેન બન્યા બાદ શહેરમાં વિવિધ અધુરા વિકાસ કામો પૂર્ણ કરવા કામે લાગી ગયેલ અને તેમના જ દિશાનિર્દેશથી જ આ વર્ષે રેકર્ડબ્રેક વેરાની વસૂલાત કરવામાં આવેલ છે.

નિલેશ કગથરા ૨૦૧૦ થી ૨૦૧૫ સુધી ભાજપના કોર્પોરેટર તથા સ્ટેન્ડીંગ કમીટીના સભ્ય રહ્યા હતા તથા ૨૦૧૫ થી ૨૦૨૦ દરમિયાન શાસક પક્ષ, દંડક અને સ્ટેન્ડીંગ કમીટીના સભ્ય રહ્યા હતા. હાલ તેઓ સ્ટેન્ડીંગ કમીટીના ચેરમેન છે તથા વિવિધ વ્યવસાય સાથે સંકળાયેલ છે. મળતાવળા સ્વભાવ વાળા, સૌને સાથે રહીને ચાલવાવાળા નિલેશ કગથરાને જન્મદિને 'અબતક' પરિવાર, મિત્રવર્તુળ, સામાજીક, રાજકીય આગેવાનો દ્વારા મો.નં.૯૮૭૯૫ ૦૦૦૯૯ પર શુભેચ્છાવર્ષા થઈ રહી છે.

# રામનવમી, મહાવીર જયંતીના તહેવાર શાંતિપૂર્ણ માહોલમાં ઉજવાય તેના માટે બેઠક યોજાઈ



જામનગર શહેરમાં આગામી રામનવમી તેમજ મહાવીર જયંતિ સહિત ના તહેવારને લઈને રામ સવારી સહિતના આયોજન અર્થે રામસવારીના આયોજકો, ડી.જે. ઓપરેટરો તેમજ હિંદુ- મુસ્લિમ સમાજના આગેવાનો સાથેની શાંતિ સમિતિની બેઠક સીટી એ. ડિવિઝન પોલીસ મથકમાં યોજાઈ હતી, જેમાં સીટી એ. ડિવિઝનના પી.આઈ. એન.એ.ચાવડા દ્વારા કાયદો અને વ્યવસ્થા ની પરિસ્થિતિ જળવાયેલી રહે, તેમજ રામ સવારી સહિત રામ નવમી અને મહાવીર જયંતિ સહિતના ના તહેવારો શાંતિ રીતે ઉજવાય, તે અંગે જરૂરી સૂચનો કર્યા હતા.

જામનગરના સીટી એ. ડીવીજન પોલીસ સ્ટેશન ના પી. આઈ. એન. એ. ચાવડા ના અધ્યક્ષ સ્થાને આગામી દિવસો માં આવતા રામનવમી, મહાવીર જયંતી, સહિતના તહેવારો દરમિયાન ઉપરોક્ત વિસ્તાર માં કાયદો અને વ્યવસ્થા ની પરિસ્થિતિ તેમજ ભાઈ ચારો જળવાઈ રહે તે માટે હિન્દૂ- મુસ્લિમ આગેવાનો તથા શોભાયાત્રા આયોજકો તેમજ ડીજે સંચાલકો સાથે શાંતિ સમિતિ ની મિટિંગ લેવામાં આવી હતી.

જેમાં હિન્દુ ઉત્સવ સમિતિના કાર્યકારી અધ્યક્ષ ધીરુભાઈ કનખરા, મહાદેવ હર મિત્ર મંડળના પ્રમુખ રાજુભાઈ વ્યાસ (મહાદેવ), ઉપરાંત અન્ય રામ સવારીના આયોજકો, ડીજે ઓપરેટરો, હિન્દુ- મુસ્લિમ સમાજના અન્ય આગેવાનો વગેરે ઉપસ્થિત રહ્યા હતા. અને તમામ તહેવારો શાંતિપૂર્ણ રીતે ઉજવાય, તે સંદર્ભમાં ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

# પોલીસ બેડામાં ફરજ બજાતા પી.આઈ. અને ત્રણ એ.એસ.આઈ. વય મર્યાદાના કારણે નિવૃત્ત



જામનગર જિલ્લાના પોલીસ બેડામાં ફરજ બજાવતા એક પોલીસ ઈન્સ્પેક્ટર તેમજ ૩ એ એસ આઈ, કે જેઓ વય મર્યાદા ના કારણે નિવૃત્ત થયા છે, જે તમામ માટે જામનગરના એસપી પ્રેમસુખ ડેલુની કચેરીમાં વિદાય સમારોહ યોજાયો હતો, અને એસ.પી. દ્વારા તમામને મોમેન્ટ અર્પણ કરી વિદાયમાન અપાયું હતું.

જામનગરના પોલીસ બેડામાં ફરજ બજાવતા પોલીસ ઈન્સ્પેક્ટર એન. ડી. સોલંકી, તેમજ ત્રણ એ.એસ.આઈ. રાજેશભાઈ દયાળજી મીરાણી, (ટ્રાફીક શાખા), કનુભાઈ જીવાભાઈ પરમાર, (ધ્રોલ પોલિસ સ્ટેશન), અને દિપકકુમાર ઉમેદલાલ અગ્રાવત, (બી.ડી.ડી.એસ.) કે જેઓ ગત ૩૧ મી માર્ચે વય મર્યાદા ના કારણે નિવૃત્ત થતાં તેઓને વિદાય આપવા માટેનો એક સમારોહ પોલીસ અધિક્ષકશ્રી પ્રેમસુખ ડેલૂની કચેરી ખાતે રાખવામાં આવેલ હતો.

જેમાં એસપી પ્રેમસુખ ડેલુ દ્વારા પી.આઈ. તથા ત્રણેય એએસઆઈ ને મોમેન્ટો તથા પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું, અને તમામને વિદાયમાન અપાયું હતું.

# જામનગરના સુવરડા ગામ નજીક વાયુસેનાનું પ્લેન ક્રેશ: પાયલોટ શહીદ

## ફાયટર પ્લેન અગન ગોળો બનતા ખેતરમાં આગ ભભુકી: પોલીસ, એમ્બ્યુલન્સ, ફાયર ફાઈટરો દોડી ગયા

## ઘટનાની જાણ થતાં જિલ્લા કલેક્ટર અને પોલીસ વડા પણ ઘટનાસ્થળે

## પ્લેનમાંથી કૂદકો મારતા એક પાયલોટ ઈજાગ્રસ્ત : સારવાર હેઠળ

**અબતક, સાગર સંઘાણી, જામનગર**

જામનગર શહેરથી ફક્ત ૧૩ કિલોમીટર દૂર આવેલ સુવરડા ગામમાં બુધવારે રાત્રિના દસેક વાગ્યાના અરસામાં વાયુસેનાનું ફાઈટર પ્લેન ક્રેશ થયું હતુ. ક્રેશ થયેલું પ્લેન આગના ગોળામાં ફેરવાયું હતું અને ખેતરોમાં આગ ભભુકી ઉઠી હતી. ઘટનાની જાણ થતાં પોલીસ, એમ્બ્યુલન્સ, ફાયર બ્રિગેડનો કાફલો દોડી ગયો હતો. જયારે જિલ્લા કલેકટર અને



પોલીએ વડા પણ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. પ્લેન ક્રેશમાં એક પાયલોટ શહીદ થઈ ગયાનું જ્યારે એક ઈજાગ્રસ્ત હાલતમાં સારવાર હેઠળ હોવાનું સામે આવ્યુ છે. સૂકા ઘાસમાં પ્લેનનો કાટમાળ પડવાના કારણે આગ લાગી હતી. જેના કારણે ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો, અને એરફોર્સના અધિકારીઓ તેમજ જામનગર જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ વગેરે દોડતા થયા હતા.

સમગ્ર ઘટનાની પ્રાપ્ત વિગત અનુસાર જામનગરમાં પ્લેન ક્રેશ થવાની ઘટના બુધવારે રાત્રે દસ વાગ્યાં આસપાસ સામે આવી હતી. જામનગરના સુવરડા ગામ પાસે ફાઈટર પ્લેન ક્રેશ થતાં દોડધામ મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં ફાયર વિભાગની ટીમ અને એમ્બ્યુલન્સ ઘટના સ્થળે જવા માટે રવાના થઈ હતી અને જિલ્લા કલેક્ટર સહિતના અધિકારીઓ પણ પણ ઘટના સ્થળે પહોંચ્યા હતા. સુવરડા ગામ પાસે ફાઈટર પ્લેન ક્રેશ થવાના કારણે દૂર દૂર સુધી ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા હતા. જિલ્લા કલેકટર સહિતના ઉચ્ચ અધિકારીઓ ઘટના સ્થળે પહોંચ્યા હતા અને ઘટના અંગેની જાણકારી મેળવી રહ્યા હતા. તમને જણાવી દઈએ કે આ પ્લેનમાં ૨ પાયલટ સવાર હતા અને જેમાં ૧ પાયલટનું મોત થયું છે અને અન્ય ૧ પાયલટ સારવાર હેઠળ છે. ત્યારે અનેક ટુકડામાં પ્લેનનો કાટમાળ જોવા મળ્યો હતો. વાયુસેનાના ઉચ્ચ અધિકારીઓ પણ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને પ્લેન ક્રેશ થયું હોવાના કારણોની તપાસ શરૂ કરી હતી.

પ્લેન ક્રેશ બાદ આગ લાગવાની ઘટના બનતાં ફાયર

(અનુ. આઠમા પાને)

### પ્લેન ક્રેશ પાછળનું કારણ અકબંધ

પ્લેન ક્રેશ થવાનું ચોક્કસ કારણ જાણી શકાયું નથી, જે મામલે એરફોર્સના ઉચ્ચ અધિકારીઓની ટીમ દ્વારા સ્થળ પર સમગ્ર મામલાની તપાસ ચલાવવામાં આવી રહી છે. જામનગર ના જિલ્લા કલેક્ટર કેતન ઠક્કર એસપી પ્રેમસુખ ડેલુ સહિતના અધિકારીઓએ પણ સમગ્ર મામલે ચિંતા વ્યક્ત કરી દોડધામ શરૂ કરી દીધી હતી. તેઓ તુરતજ બનાવના સ્થળે પહોંચી ગયા હતા, અને સમગ્ર રેસ્ક્યુ કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું.

# ગુજરાતના ૩૩ જિલ્લા ૧૦ શહેરોના કોંગ્રેસ પ્રમુખની દિલ્હીમાં હાઈકમાન્ડ સાથે બેઠક

## કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લીકાર્જુન ખડગે અને રાહુલ ગાંધી માર્ગદર્શન આપશે

**અબતક, રાજકોટ**

આગામી ૮ અને ૯ એપ્રિલના રોજ અમદાવાદ ખાતે કોંગ્રેસનું રાષ્ટ્રીય અધિવેશન મળવાનું છે. તે પૂર્વ આજથી ત્રણ દિવસ માટે દેશના ૭૦૦ જિલ્લાના પ્રમુખો સાથે હાઈકમાન્ડ સંગઠન લક્ષી મહત્વપૂર્ણ બેઠકો યોજાશે. આજે ગુજરાતના ૩૩ જિલ્લા અને ૧૦ શહેરોના પ્રમુખની દિલ્હીમાં બેઠક યોજાશે. જેમાં કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લીકાર્જુન ખડગે અને લોકસભાના વિરોધ પક્ષના નેતા



રાહુલ ગાંધી માર્ગદર્શન આપશે.

કોંગ્રેસ દ્વારા સંગઠનને વધુ મજબુત બનાવવા પર ભાર મૂકવામાં આવી રહ્યો છે. સંગઠનને તાકાતવર બનાવવાની શરુઆત ગુજરાતથી કરવામાં આવશે. ગુજરાતમાં છેલ્લા ત્રણ દાયકાથી કોંગ્રેસ સત્તાથી વિમુખ છે. ૨૦૨૭ માં યોજનારી વિધાનસભાની ચુંટણીમાં ભાજપને હરાવવા માટે અત્યારથી જ કોંગ્રેસ દ્વારા તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. આગામી

(અનુ. આઠમા પાને)

# માધવપુરના મેળામાં ૬થી ૧૦ એપ્રિલ જામશે બીચ સ્પોર્ટ્સ ફેસ્ટિવલનો રંગ

## રળિયામણા દરિયાકિનારે બીચ ફૂટબોલ, બીચ કબડ્ડી, અખાડા કુસ્તી, રસ્સાખેંચ જેવી રમતો રમાશે



**અબતક, રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આપેલી 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ની ભાવનાને સાકાર કરતો માધવપુર ઘેડ મેળો આ વર્ષે ૬થી ૧૦ એપ્રિલ દરમ્યાન યોજાશે. દર વર્ષે રામનવમીના પવિત્ર દિવસે શરૂ થતો માધવપુર મેળો અરુણાચલ પ્રદેશના રુકમિણીજી અને ગુજરાતના શ્રીકૃષ્ણ વચ્ચે થયેલા લગ્નની ઉજવણી કરે છે. આ વખતે પોરબંદર ઉપરાંત, અમદાવાદ, વડોદરા, સુરત, સોમનાથ અને

(અનુ. આઠમા પાને)

### ૬ ગેમ્સ અને ૬૦૦થી વધુ ખેલાડીઓ રમતોત્સવમાં ભાગ લેશે

ગુજરાત સરકારના પ્રવાસન વિભાગ તેમજ રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના સંયુક્ત ઉપક્રમે પોરબંદર ખાતે ભવ્ય માધવપુર ઘેડ મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ વર્ષે માધવપુર ઘેડ મેળામાં વિવિધ રમત-ગમત પ્રવૃત્તિઓનું પણ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં રાજ્યના ૩૫૨ પુરુષો અને ૨૭૨ મહિલાઓ મળીને કુલ ૬૨૪ ખેલાડીઓ ભાગ લેશે. માધવપુરના રળિયામણા દરિયાકિનારે ૫ અ-સાઈડ બીચ ફૂટબોલ, બીચ કબડ્ડી, અખાડા કુસ્તી, રસ્સાખેંચ, ૮૦ અને ૬૦ મીટર બીચ રન, કોકોનટ થ્રો જેવી રમતોની રંગત જામશે.

# જામનગર, ભાવનગર અને મોરબી સહિત આઠ જિલ્લાની કોર્ટમાં વકીલો માટે અલાયદી બેઠક વ્યવસ્થા

## રાજ્ય સરકાર દ્વારા રૂ.૮૨ કરોડના ખર્ચને વહિવટી મંજૂરી આપી



**અબતક, રાજકોટ**

રાજ્યના ૮ જિલ્લાની કોર્ટ પરિસરમાં વકીલો માટે અલાયદી બેઠક વ્યવસ્થા બનાવાશે. જેમાં રૂ.૮૨ કરોડની વહીવટી મંજૂરી રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવી છે.

પ્રવકતા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતની કુલ ૮ જિલ્લાની કોર્ટ જ્યુડીસરીની કોર્ટ પરિસરમાં વકીલોને બેસવા માટે અલાયદી બેઠક વ્યવસ્થા બનાવવામાં આવશે. આ બિલ્ડીંગના બાંધકામ માટે કુલ રૂ.૮૨ કરોડની વહીવટી મંજૂરી આપવામાં આવી છે.

મંત્રીએ કહ્યું કે, ગુજરાતમાં વકીલાત કરતા વકીલોની સતત ચિંતા રાજ્ય સરકાર કરી રહી છે. તેમના હિત માટે રાજ્ય સરકાર દ્વારા એક મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે.

આગામી સમયમાં રાજ્ય સરકાર દ્વારા વકીલ મિત્રો માટે કોર્ટ પરિષદમાં એક અલાયદી બેઠક વ્યવસ્થા કરવામાં આવશે. તેમના માટે કાર્ટ પરિષદમાં જ એક અલાયદા

(અનુ. આઠમા પાને)

# નાગરિકોના કામમાં વિલંબ કરનારા અધિકારીઓ સજા માટે તૈયાર રહે!

## સરકારી કચેરીએ આવતા લોકોને હાલાકી વેઠવી ન પડે અને અરજીઓને સમયસર નિકાલ કરવા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો આદેશ

**અબતક, રાજકોટ**


કોઈપણ સરકારી કામ પુરૂં કરવું એટલે અભિમન્યુની માફક યુધ્ધના સાત કોઠા વિંધવા સમાન છે. અગત્યના કામ સિવાય લોકો સરકારી કચેરીઓના પગથિયા ચડવા પણ તૈયાર નથી. સામાન્ય કામ માટે પણ ચપ્પલ સાથે પગના તળીયા ઘસાઈ જવા છતાં કામ પુરૂં થતું નથી. સરકારી કચેરીઓએ કામ સબબ આવતા લોકોને રતિભારની પણ હાલાકી વેઠવી ન પડે તે પ્રકારની વ્યવસ્થા કરવા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા કડક તાકીદ કરવામાં આવી છે. લાંબા સમય સુધી અરજીઓનો નિકાલ ન કરનાર અધિકારીઓ અને કર્મચારીઓ સામે આકરી કાર્યવાહી કરવા પણ આદેશ આપવામાં આવ્યો છે.

આ અંગે રાજ્ય સરકારના પ્રવકતા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતુ કે, ગાંધીનગર ખાતે મળેલી કેબિનેટ બેઠકમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જનહિતલક્ષી મહત્વની સૂચના આપી છે. રાજ્યની તમામ સરકારી કચેરીઓ/ સંસ્થાઓમાં આવતા લોકો, અરજદારોને કોઈપણ પ્રકારની હાલાકી ભોગવવી ન પડે તે દિશામાં કામગીરી હાથ ધરવા સૂચના આપી હતી.

અરજદારોની અરજીનો ઝડપી નિકાલ આવે અને લાંબા સમયથી પડતર રહેતી અરજીઓની પેન્ડેન્સી ઘટે તે માટેના પ્રયાસો હાથ ધરવાની સૂચના મુખ્યમંત્રીએ કેબિનેટ બેઠકમાં આપી હોવાનું મંત્રીએ કહ્યુ હતુ.

રાજ્યના જન સંપર્ક કાર્યાલય, જિલ્લા તેમજ તાલુકા પંચાયત, આરોગ્ય કચેરીઓ, શૈક્ષણિક સંસ્થાઓમાં આવતા અરજદારો કે સર્વિસ મેળવવા માટે આવતા લોકોની સમસ્યા

(અનુ. આઠમા પાને)



### રાજકોટ મહાપાલિકાના વધુ એક 'સાગઠીયા'નો પર્દાફાશ

# ઈજનેર અજય વેગડ પાસેથી રૂ. ૭૫.૨૧ લાખની અપ્રમાણસર મિલકત મળી

## બાંધકામ શાખાના કર્મચારી પાસેથી આવક કરતા વધુ સંપત્તિ મળી આવતા એસીબીમાં ગુનો

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાના તત્કાલીન આસિસ્ટન્ટ ટાઉન પ્લાનર અને હાલ બાંધકામ શાખામાં નાયબ કાર્યપાલક ઈજનેર (સિવિલ શાખા) તરીકે ફરજ બજાવતા અજય મનસુખભાઈ વેગડ સામે એસીબીએ અપ્રમાણસર મિલ્કતો અંગે ગુનો દાખલ કર્યો છે. તેની પાસેથી રૂ. ૭૫.૨૧ લાખની અપ્રમાણસર મિલ્કતો મળી આવ્યાનું એસીબીએ જાહેર કર્યું છે. રાજકોટના ટીઆરપી ગેમ ઝોન અગ્નિકાંડના આરોપી તત્કાલીન મનપાના ટાઉન પ્લાનર મનસુખ સાગઠીયા પાસેથી પણ કરોડો રૂપિયાની અપ્રમાણસર મિલ્કતો મળી આવી હતી. આજ રીતે ફાયર બ્રિગેડના અધિકારી ભીખાભાઈ ઠેબા સામે પણ અપ્રમાણસર મિલ્કતો અંગે ગુનો દાખલ થયો હતો. હવે રાજકોટ મહાનગરપાલિકાના ત્રીજા અધિકારી સામે અપ્રમાણસર મિલ્કતો અંગે ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

રાજકોટમાં ટીઆરપી ગેમ ઝોન અગ્નિકાંડ સર્જાયો ત્યારે



અજય વેગડ આસિસ્ટન્ટ ટાઉન પ્લાનર તરીકે ટાઉન પ્લાનર મનસુખ સાગઠીયાની નીચે ફરજ બજાવતાં હતા. ટીઆરપી ગેમ ઝોન અગ્નિકાંડ બાદ તેની બદલી કરવામાં આવી હતી. એસીબી રાજકોટ એકમના ડીવાયએસપી કે.એચ. ગોહિલે તેની અપ્રમાણસર મિલ્કતો અંગે તપાસ શરૂ કરી હતી. જે દરમિયાન તેણે પોતાના હોદ્દાનો દુરઉપયોગ કરી, ભ્રષ્ટ રીત-રસમો અપનાવી, ભ્રષ્ટાચારથી મેળવેલા નાણાનો પોતાના તથા પરિવારના સભ્યોના નામે સ્થાવર અને જંગમ મિલ્કતોમાં રોકાણમાં કર્યાનું પ્રાથમિક દ્રષ્ટિએ ખુલ્યું હતું.

જેથી પીઆઈ પી.એ. દેકાવાડીયાએ છેલ્લા ૬ મહિનાથી તેની અપ્રમાણસર મિલ્કતો અંગે તપાસ માટે બધી બેન્કો, સંબંધિત સરકારી કચેરીઓ, આરટીઓ, સેબી વગેરે પાસેથી માહિતી મેળવવાનું શરૂ કર્યું હતું. જે માહિતી મળી ગયા બાદ એકાદ મહિના સુધી તેનું ચાર્ટડ એકાઉન્ટન્ટ પાસેથી એનાલિસીસ કરાવ્યું હતું. આ તમામ પ્રક્રિયાના અંતે આજે રૂ. ૭૫.૨૧ લાખની અપ્રમાણસર મિલ્કતો અંગે ગુનો દાખલ કરાવ્યો હતો. જે દેખીતી આવક કરતાં ૩૮.૭૬ ટકા વધુ છે.

એસીબીએ અજય વેગડના

(અનુ. આઠમા પાને)

# "અમુલ દૂધ પીતા હૈ ઈન્ડિયા" ફક્ત ભારતમાં નહીં વૈશ્વિક બોલબાલા

## સહકારથી સમૃદ્ધ બનેલા અમૂલે ૧૧% ના વધારા સાથે રૂ.૬૫૯૧૧ કરોડનો વેપલો કર્યો

**અબતક, રાજકોટ**

અમૂલ એ ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન દ્વારા સંચાલિત એક સહકારી ડેરી બ્રાન્ડ છે.તેની સ્થાપના ૧૯૪૬ માં કરવામાં આવી હતી અને તેનું મુખ્ય મથક આણંદ, ગુજરાતમાં છે,અમૂલ ડેરી ઉત્પાદનોની વિશાળ શ્રેણીનું ઉત્પાદન અને વેચાણ કરે છે, જેમાં દૂધ, માખણ, ચીઝ, આઈસ્ક્રીમ અને અન્ય ડેરી ઉત્પાદનોનો સમાવેશ થાય છે. અમૂલને ''ભારતનો સ્વાદ'' તરીકે ઓળખવામાં આવે છે, કારણ કે તે ભારતીય ડેરી ઉદ્યોગમાં એક મુખ્ય ખેલાડી છે,ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન (જીસીએમએમએફ), જે અમૂલ બ્રાન્ડ હેઠળ ડેરી ઉત્પાદનોનું વેચાણ કરે છે, તેણે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માં ૧૧% ની વૃદ્ધિ સાથે રૂ. ૬૫,૯૧૧ કરોડની આવક નોંધાવી છે. આ વૃદ્ધિ તમામ ઉત્પાદન શ્રેણીઓમાં વેચાણ વોલ્યુમમાં વધારાને કારણે થઈ છે.અમૂલ એ માત્ર ગુજરાતમાં જ નહીં, પરંતુ સમગ્ર ભારતમાં અને

(અનુ. આઠમા પાને)

# સૌરાષ્ટ્રના ૭૮ સહિત રાજ્યના ૧૫૭ નાયબ મામલતદારોની બદલી

## મોટાભાગના કિસ્સામાં બદલીની માંગણી કરવામાં આવી હોવાના કારણે રાજ્ય સરકારના મહેસૂલ વિભાગે બદલીનો ઘાણવો કાઢ્યો: સૌરાષ્ટ્રના મોટાભાગના જિલ્લામાં નાયબ મામલતદાર બદલાયા

**અબતક, રાજકોટ**

ગુજરાત સરકારના મહેસુલ વિભાગ દ્વારા સૌરાષ્ટ્ર સહિત રાજયભરમાં ૧૫૭ નાયબ મામલતદારની બદલી કરવામાં આવી છે. જેમાં સૌરાષ્ટ્રના અલગ-અલગ જિલ્લાના ૭૮ નાયબ મામલતદારનો સમાવેશ થાય છે. મોટાભાગના અધિકારીઓએ સામેથી બદલી માંગી હોવાનું જાણવા મળી રહ્યું છે. જૂનાગઢના નાયબ મામલતદાર પાયલ કોઠારી ભાવનગરના આઈ.બી.રાઠોડ, જામનગરના દેવાંગકુમાર રામાવત, ભાવનગરના એચ.એચ. સંથાલીયા, મોરબીના જગદીશ મેણીયા, જામનગરના જ્યોતિબેન પરમાર, ભાવનગરના એ.કે. કણઝારિયા, જામનગરના બલભદ્રસિંહ વાણોલ, ભાવનગરના વી.સી. મોલદીયા, બોટાદના વી.એચ.શુક્લ, જામનગર જયદીપ ડાંગર, અનિરૂધ્ધસિંહ ગોહિલ, સંજયકુમાર ફેફર, જુનાગઢના એ.ડી. ચૌહાણ, મોરબીના એમ.બી.કણજારિયા, ભાવનગરના બી.ડી.નકુમ અને ગીતાબેન મકવાણા, રાજકોટના જયશ્રીબેન બાવળીયા, સુરેન્દ્રનગરના અરૂણકુમાર યાદવ, રાજકોટના ભારતીબેન ચાવડા, અમરેલીના ડી.એસ.રાઠોડ, ગીર સોમનાથના વી.એચ. પદસુમિબિયા, ભાવનગરના એમ.જે.પટેલ, ગીર સોમનાથના રિટાબેન કોકાણી, મોરબીના એ.બી.રાઠોડ, જુનાગઢના વી.જી.પટેલ, ગીર સોમનાથ જિલ્લાના રવિ જોશી, જામનગરના હિતેશ ગઢવી, હિરેનકુમાર વ્યાસ, યુવરાજસિંહ ડોડીયા, વિજયસિંહ ગોહિલ, સુરેન્દ્રનગરના એન.એલ. ડોડીયા, જામનગરના રોનકકુમાર પાધરિયા, સુરેન્દ્રનગરના ડી.કે.સોલંકી, જુનાગઢના જે.બી. બાવળીયા, જે.એન.ચાવડા, ગીર સોમનાથના વીરાંગ વ્યાસ, પાર્થકુમાર જોશી, ગીર સોમનાથના પ્રથિક પ્રજાપતિ, જામનગરના માધવીબેન પાટડિયા, જુનાગઢના લક્ષ્મણભાઈ ધામા, રાજકોટના જે.ડી. ભાદરકા, બોટાદના જે.એ.ગોહિલ, મોરબીના કે.એમ.રોય, અમરેલીના સી.ડી.ધારાણી, જામનગરના વિશાલ કાનાણી, રાજકોટના તેજશ પરમાર, જુનાગઢના ટી.બી.દવે, જુનાગઢના રિધ્ધી સોલંકી, ગીર સોમનાથના શિલ્પા રાઠવા, મોરબીના સી.આર.પરમાર, બોટાદના આર.જે. સરવૈયા, જુનાગઢના અંકિતકુમાર ધરસંડિયા, એમ.એમ.રાઠવી, જામનગરના મિતેશકુમાર ઠકરાર, જુનાગઢના વી.એ. ઈંગારોડિયા, રાજકોટના અલ્પેશભાઈ પાવરા, અમરેલીના એચ.એમ. કચાડ, જુનાગઢના ચતુરભાઈ ગોહિલ, ગીર સોમનાથ એસ.એસ. સાંગડા, સુરેન્દ્રનગરના મીનાક્ષીબેન પટેલ, જુનાગઢના સી.એસ. મુનીયા, અમરેલીના એમ.એમ.જાડેજા, જામનગરના ક્રિપાલસિંહ પરમાર, બોટાદના બી.ડી. ચાવડા, રાજકોટના એન.એસ. સોમૈયા, જુનાગઢના એચ.કે. કોટક, જામનગરના રમેશભાઈ પદસરિયા, બોટાદના કે.એસ. રામાનુજ, સુરેન્દ્રનગરના હર્ષદભાઈ જાદવ, ગીર સોમનાથના સાગર કુમાકિયા, રાજકોટના હિતેન્દ્રકુમાર, જામનગરના ધર્મરાજસિંહ વાળા, ગીર સોમનાથના એચ.કે. પટેલ, જામનગરના અમિતકુમાર રાખી અને સુરેન્દ્રનગરના નાયબ મામલતદાર એચ.એન. પાટડિયાની બદલી કરવામાં આવી છે.

આ ઉપરાંત રાજકોટ જિલ્લાના ૭૭ તલાટી કમ મંત્રીઓની પણ બદલી નાયબ જિલ્લા વિકાસ અધિકારી પી.એચ. ગલચર દ્વારા કરવામાં આવી હોવાનું જાણવા મળી રહ્યું છે.

## રાજકોટ જિલ્લાના ૭૭ તલાટી કમ મંત્રીઓની પણ બદલી કરતા નાયબ જિલ્લા વિકાસ અધિકારી પી.એચ.ગળચર